CMYK

CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૧૪    ગુરૂવાર તા.૨૭-૦૮-૨૦૨૬    અંક : ૨૦૪ વર્ષ : ૨૧    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# નેપાળમાં આવેલા પૂર પ્રકોપથી ૧૬૫નાં મોત

## ૧૩૩ ભારતીયો સહિત ૧૦૦૦થી વધુ લોકો ગુમ: ૩૩ મૃતદેહો મળ્યા, કાટમાળમાં દબાયેલા લોકોની શોધખોળ






કાઠમંડુ,

નેપાળ-તિબેટ સરહદ પર બુધવારે સવારે અચાનક આવેલા પૂરને કારણે ૧૬૫ લોકોના મોત થયા. નેપાળમાં ૧૬૨ અને તિબેટમાં ૩ લોકોએ જીવ ગુમાવ્યા, જ્યારે ૧૧૦૦ થી વધુ લોકો હજુ પણ ગુમ છે. પૂરને કારણે ૧૯ પુલ, લગભગ ૪૦ કિલોમીટર રસ્તાઓ અને ૧૩ હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ તબાહ થઈ ગયા.

પૂરનું પાણી લગભગ ૩૦ ફૂટ સુધી ઉપર આવી ગયું હતું. તેજ પ્રવાહમાં ઘરો, ગાડીઓ અને સરકારી માળખાં તણાઈ ગયા. શરૂઆતમાં એવું માનવામાં આવતું હતું કે પૂર પહેલા ભૂકંપ આવ્યો હતો, પરંતુ અમેરિકી જિયોલોજિકલ સર્વે અનુસાર ચીન તરફ લ્હેંદે નદીમાં પહાડનો મોટો હિસ્સો ખસીને પડ્યો હતો.

આ જ ભૂસ્ખલનને કારણે ૫.૨ તીવ્રતાના ભૂકંપ જેવો આંચકો અનુભવાયો. ત્યારબાદ લ્હેંદે નદીમાંથી પાણી અને કાટમાળનો પ્રવાહ ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓમાં પહોંચ્યો, જેના કારણે પૂર આવ્યું. પ્રવાહ એટલો તેજ હતો કે લોકોને અને કાટમાળને લગભગ ૧૫૦ કિલોમીટર દૂર ચિતવન સુધી વહાવી ગયો, જ્યાં અત્યાર સુધીમાં ૩૩ મૃતદેહો મળી આવ્યા છે.

રાહતકર્મીઓ ખરાબ હવામાન અને તૂટેલા રસ્તાઓ વચ્ચે કાટમાળમાં દટાયેલા લોકોની શોધ કરી રહ્યા છે. કૈલાસ માનસરોવર યાત્રા પર જઈ રહેલા ઘણા શ્રદ્ધાળુઓ પણ પૂરની ઝપેટમાં આવી ગયા. નેપાળમાં ગુમ થયેલા લોકોમાં ૪૬૬ વિદેશી અને ૧૧૩ નેપાળીઓનો સમાવેશ થાય છે, જેમાં ૧૩૩ ભારતીય અને ૩૭ દ્દ્ધેં પણ છે. પૂર પ્રભાવિત વિસ્તારોમાં ફસાયેલા લોકોને બચાવવા અને રાહત પહોંચાડવા માટે નેપાળ સરકારે ૩૦ હેલિકોપ્ટર તૈનાત કર્યા છે. ત્રિભુવન આંતરરાષ્ટ્રીય હવાઈ મથકના રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટર (ઈઝઝ) એ સવારે ૬:૩૦ વાગ્યાથી તેની તૈયારી શરૂ કરી દીધી હતી.વધારાના બચાવ માટે ૨૦ હેલિકોપ્ટર સ્ટેન્ડબાય પર રાખવામાં આવ્યા છે, જ્યારે ૧૦ હેલિકોપ્ટર પહેલાથી જ પ્રભાવિત અને આસપાસના વિસ્તારોમાં મોકલી દેવામાં આવ્યા છે. ખરાબ હવામાન અને મુશ્કેલ રસ્તાઓને કારણે જ્યાં રસ્તા દ્વારા પહોંચવું શક્ય નથી, ત્યાં હેલિકોપ્ટર દ્વારા બચાવ કામગીરી કરવામાં આવશે.



### નેપાળમાં ભારતે ૧૦ ટન મદદ મોકલી



ભારતે નેપાળમાં પૂર પછી રાહત અને બચાવ કાર્યોમાં મદદ કરવા માટે ૧૦ ટન માનવતાવાદી સહાય અને જરૂરી દવાઓ મોકલી છે.વિદેશ મંત્રી એસ. જયશંકરે ફેસબુક પોસ્ટ દ્વારા આ માહિતી આપી. તેમણે કહ્યું કે આ સહાય પૂર પ્રભાવિત વિસ્તારોમાં નેપાળના રાહત કાર્યોમાં મદદ કરવા માટે મોકલવામાં આવી છે.ભારતે આ આફતમાં જીવ ગુમાવનારા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી અને પ્રભાવિત લોકો સાથે એકતા દર્શાવી. જયશંકરે કહ્યું કે આ મુશ્કેલ સમયમાં ભારત નેપાળ અને નેપાળી લોકોની સાથે ઊભું છે.

### ૪૩ કચ્છી યાત્રાળુઓ પૂર પહેલાં સુરક્ષિત પરત

નેપાળની ભોટેકોશી નદીમાં આવેલા વિનાશક પૂર બાદ ભારે તારાજી સર્જાઈ છે, પરંતુ સદ્ભાગ્યે મુંબઈ અને ગુજરાતના ૪૩ કચ્છીઓ તથા ૨૫ એનઆરઆઈ મળીને કુલ ૬૮ યાત્રાળુઓ હોનારત પહેલાં જ સરહદ ઓળંગી જતાં સંપૂર્ણ સુરક્ષિત છે. કૈલાસ માનસરોવરની યાત્રાએ નીકળેલી આ ટુકડીએ નેપાળ-ચીન (તિબેટ) સરહદ પર આવેલા ઈમિગ્રેશન સેન્ટર ખાતે મંગળવારે સાંજે ગ્રૂપ ફોટો લીધો હતો. તેના ગણતરીના કલાકોમાં જ બુધવારે સવારે આ વિસ્તારમાં પૂરના કારણે તબાહી મચી ગઈ હતી. ભુજના ટૂર ઓપરેટર દ્વારા આયોજિત આ પ્રવાસના તમામ યાત્રાળુઓ હાલ તિબેટમાં સલામત છે

### વર્લ્ડ બેંક નેપાળને ૨૫૦૦ કરોડ રૂપિયા આપશે

નેપાળી નાણા મંત્રાલય અનુસાર, વર્લ્ડ બેંકે નેપાળને રાહત અને અસરગ્રસ્ત વિસ્તારોના પુનર્નિર્માણ માટે ૨૫૦૦ કરોડ નેપાળી રૂપિયાની કટોકટી સહાય આપવાની ઓફર કરી છે.પૂરના સમાચાર ફેલાયા પછી તરત જ, નેપાળ માટે વિશ્વ બેંકના કન્ટ્રી ડાયરેક્ટર ડેવિડ સિસલેને નાણા પ્રધાન સ્વર્ણિમ વાગલેને જાણ કરી કે કટોકટી સહાય તરીકે વિવિધ સ્ત્રોતોમાંથી ૨૫ અબજ નેપાળી રૂપિયા સુધી એકત્ર કરી શકાય છે.


### બિહારમાં હાઈ એલર્ટ: ગંડક બેરાજના ૩૬ દરવાજા ખોલાયા

નેપાળની આ આપત્તિની અસર ભારત સુધી પહોંચવાની શક્યતા છે. નેપાળમાંથી આવતા પાણીને કારણે બિહાર સરકારે ગંડક નદીના જળસ્તર પર નજર રાખવાનું શરૂ કર્યું છે. સાવચેતીના ભાગરૂપે વાલ્મિકીનગર ગંડક બેરાજના તમામ ૩૬ દરવાજા ખોલી દેવામાં આવ્યા છે અને નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરી દેવાયા છે.

### ૧૯ પુલ, ૪૦ કી.મી. રસ્તાઓ ધોવાયા

નેપાળના રસુવા, નુવાકોટ અને ધાદિંગ જિલ્લાઓ સૌથી વધુ પ્રભાવિત થયા છે. પૂરના તીવ્ર પ્રવાહમાં ૧૯ પુલ અને ૪૦ કિલોમીટર લાંબા રસ્તાઓ ધોવાઈ ગયા છે. આ સિવાય આશરે એક ડઝન જેટલા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સને ભારે નુકસાન પહોંચ્યું છે, જેના કારણે રાહત કામગીરીમાં અવરોધ ઊભો થયો છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિદેશ પ્રવાસથી ગુજરાત પરત ફર્યા



### સીએમ ભૂપેન્દ્ર પટેલ રક્ષાબંધનની ઉજવણી કરશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ભાજપની મહિલા કાર્યકર્તાઓ તેમજ વિવિધ સંસ્થાઓની બહેનોની હાજરીમાં રક્ષાબંધનના પવિત્ર તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરશે, જ્યાં આ ઉપસ્થિત બહેનો પ્રેમ અને સ્નેહના પ્રતિક રૂપે મુખ્યમંત્રીને રાખડી બાંધીને તેમના દીર્ઘાયુ અને સફળતાની મનોકામના કરશે.

ગાંધીનગર,

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમેરિકા અને કેનેડાનો પ્રવાસ પૂર્ણ કરીને ગુજરાત પરત ફર્યા છે. ગુજરાતમાં વધુમાં વધુ વૈશ્વિક રોકાણ આકર્ષવાના હેતુથી આ પ્રવાસ મહત્વપૂર્ણ રહ્યો. આગામી Vibrant Gujarat Global Summit ૨૦૨૭ને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ વિદેશી ઉદ્યોગપતિઓ, રોકાણકારો, ટેક્નોલોજી નિષ્ણાતો અને ગુજરાતી ડાયસ્પોરા સાથે બેઠકો યોજી હતી. આ બેઠકો દરમિયાન ગુજરાતની ઔદ્યોગિક પ્રગતિ અને રોકાણની તકો અંગે રજૂઆત કરવામાં આવી હતી..ખાસ કરીને સેમિકન્ડક્ટર, આઈટી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા સેન્ટર, ફાર્મા, મેન્યુફેક્ચરિંગ અને નવી ટેક્નોલોજીના ક્ષેત્રોમાં રોકાણ માટે આમંત્રણ આપવામાં આવ્યું. મુખ્યમંત્રીએ વિદેશમાં વસતા ગુજરાતીઓને પણ રાજ્યના વિકાસમાં ભાગીદાર બનવા અને ગુજરાતમાં રોકાણ કરવા અપીલ કરી હતી.

# પેટ્રોલિયમ માર્કેટમાં ભારત ગલ્ફ દેશોને પછાડીને બન્યું સૌથી મોટું સપ્લાયર

## આફ્રિકામાં ભારતીય ઈંધણની વિક્રમી માંગ, આફ્રિકામાં ઈંધણ નિકાસનો નવો રેકોર્ડ સજ્ર્યો

નવીદિલ્હી,

પેટ્રોલિયમ ઉત્પાદનોના સપ્લાયમાં હંમેશાં સાઉદી અરેબિયા, કતાર અને ેંછઈ જેવા ગલ્ફ દેશોનું વર્ચસ્વ રહ્યું છે. પરંતુ, ભારતે હવે વૈશ્વિક રિફાઈન્ડ ઈંધણ બજારમાં પોતાની તાકાત બતાવી છે. પશ્ચિમ એશિયામાં સપ્લાય રૂટમાં થયેલા અવરોધોનો ફાયદો ઉઠાવીને ભારત કેન્યા અને અન્ય આફ્રિકન બજારોમાં યુએઈ અને સાઉદી અરેબિયાને પાછળ છોડીને સૌથી મોટો પેટ્રોલિયમ સપ્લાયર બની ગયું છે.

પશ્ચિમ એશિયામાં ભૌગોલિક રાજકીય તણાવ અને વેપાર માર્ગો ખોરવાવાને કારણે કેન્યાને ઈંધણના પુરવઠામાં મુશ્કેલી પડી રહી હતી. અગાઉ કેન્યા સાઉદી અરામકો અને અબુ ધાબી નેશનલ ઓઈલ કંપની પાસેથી ઈંધણ ખરીદતું હતું.કેપ્લરના ડેટા મુજબ, યુએઈથી કેન્યાનો સપ્લાય જાન્યુઆરીમાં ૯૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ હતો, જે ઓગસ્ટમાં ઘટીને માત્ર ૧૫,૦૦૦ બેરલ થઈ ગયો. આ ગેપ પૂરવા માટે કેન્યાએ ભારત તરફ વળવું પડ્યું. ઊર્જા વિશ્લેષક અનસ અલ્હાજીના જણાવ્યા મુજબ, જુલાઈમાં આફ્રિકામાં ભારતની પેટ્રોલિયમ નિકાસમાં વાર્ષિક ધોરણે ૬૬% નો જંગી વધારો નોંધાયો છે. યુરોપિયન યુનિયન (EU) દ્વારા રશિયન ક્રૂડમાંથી બનેલા રિફાઈન્ડ ઈંધણ પર પ્રતિબંધ મૂકવામાં આવતા, ભારતીય રિફાઈનરીઓએ પોતાનો સપ્લાય યુરોપથી ફેરવીને આફ્રિકન બજારોમાં વાળ્યો છે, જે તેમના માટે ફાયદાકારક સાબિત થયું છે.

ભારત પોતાની જરૂરિયાતનું ૯૦% થી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરે છે, પરંતુ તેને રિફાઈન કરીને નિકાસ કરવામાં ભારત મોખરે છે.ભારત વિશ્વનો ચોથો અને એશિયાનો બીજો સૌથી મોટો ઓઈલ રિફાઈનર દેશ છે.દેશમાં ૨૨ કાર્યરત રિફાઈનરીઓ છે, જેમની કુલ વાર્ષિક ક્ષમતા ૨૫૮.૧ મિલિયન ટન છે.ગુજરાતના જામનગરમાં આવેલી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની રિફાઈનરી વિશ્વનું સૌથી મોટું ઓઈલ રિફાઈનિંગ સંકુલ છે. વર્ષ ૨૦૨૫-૨૬ ના ડેટા અનુસાર, ભારત કેન્યાનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર રહ્યો છે. બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર લગભગ ઈં૪.૩૧ બિલિયન હતો. આમાં ભારતની નિકાસ ઈં૪.૦૧ બિલિયન હતી.

# આગામી તા.૧ સપ્ટેમ્બરથી LPG સિલિન્ડરના નવા ભાવ જાહેર થશે

## ૩૧ ઓગસ્ટ સુધી LPG e-KYC ન કરાવનારને સિલિન્ડર મેળવવામાં મુશ્કેલી પડશે

નવીદિલ્હી,

દર મહિનાની ૧ તારીખે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા એલપીજી સિલિન્ડરના ભાવની સમીક્ષા કરવામાં આવે છે. ૧ સપ્ટેમ્બરે પણ નવા દરો જાહેર કરવામાં આવશે, જે સીધી રીતે રસોડાના બજેટ પર અસર પાડશે. ઓગસ્ટ મહિનાની ૧ તારીખે કંપનીઓએ ૧૯ કિલોના કમર્શિયલ ગેસ સિલિન્ડરમાં ૨૦૨ રૂપિયાનો ઘટાડો કર્યો હતો, જ્યારે ૧૪.૨ કિલોના ઘરગથ્થુ સિલિન્ડરના ભાવ સ્થિર રાખ્યા હતા. આ વખતે ભાવ વધે છે કે ઘટે છે તેના પર સૌની નજર રહેશે.

ઘરગથ્થુ એલપીજી સિલિન્ડર નિયમિતપણે મેળવવા માટે ઇ-કેવાયસી (e-KYC) પ્રક્રિયા પૂર્ણ કરવી અનિવાર્ય છે. IOCL, BPCL અને HPCL એ e-KYC ની અંતિમ તારીખ ૨૩ ઓગસ્ટથી વધારીને ૩૧ ઓગસ્ટ કરી હતી. જો ૩૧ ઓગસ્ટ સુધીમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં નહીં આવે, તો ૧ સપ્ટેમ્બરથી સિલિન્ડર મેળવવામાં મુશ્કેલી પડી શકે છે અથવા મોંઘા ભાવે સિલિન્ડર ખરીદવો પડી શકે છે.ઓઈલ માર્કેટિંગ કંપનીઓ મહિનાના પહેલા દિવસે એર ટર્બાઈન ફ્યુઅલ (ATF) ના દરો પણ સુધારે છે. એટીએફના ભાવમાં થતા ફેરફારની સીધી અસર હવાઈ મુસાફરીના ભાડા પર પડે છે. ૧ સપ્ટેમ્બરના રોજ એટીએફના નવા દરો સાથે સીએનજી (CNG) અને પીએનજી (PNG) ના ભાવમાં પણ સુધારો જોવા મળી શકે છે.

# ગ્રાહકો હવે ઓનલાઇન કે સુપર માર્કેટમાંથી એક ઓર્ડરમાં ૫ કિલોથી વધુ ખાંડ ખરીદી શકશે નહીં

## તહેવારોમાં સંગ્રહખોરી રોકવા સુપરમાર્કેટોનો નિર્ણય, આ સરકારી આદેશ નથી

નવીદિલ્હી,

તહેવારોમાં ખાંડની વધતી માંગ વચ્ચે સંગ્રહખોરી રોકવા D-Mart, BigBasket, Blinkit અને Swiggy Instamart suÐk પ્લેટફોર્મ્સે મહત્ત્વનો નિર્ણય લીધો છે. ગ્રાહકો હવે ઓનલાઈન કે સુપરમાર્કેટમાંથી એક ઑર્ડરમાં ૩થી ૫ કિલોથી વધુ ખાંડ ખરીદી શકશે નહીં. આંતરિક નીતિ હેઠળ લેવાયેલો આ નિર્ણય સરકારી આદેશ નથી. સરકારે દેશમાં ખાંડનો પર્યાપ્ત જથ્થો હોવાનું જણાવી અફવાઓથી દૂર રહેવા અપીલ કરી છે.

તહેવારોની સીઝન શરૂ થતાં જ ઘરોમાં મીઠાઈઓ અને વાનગીઓ બનાવવા માટે ખાંડની માંગમાં અચાનક ઉછાળો આવ્યો છે. આ દરમિયાન જો તમે ઓનલાઇન ક્વિક-કોમર્સ એપ કે સુપરમાર્કેટમાંથી મોટા પ્રમાણમાં ખાંડ ખરીદવાનું વિચારી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે મહત્ત્વના છે. ગ્રાહકો દ્વારા થતી બિનજરૂરી સંગ્રહખોરી અને વેપારીઓ દ્વારા થતાં કાળાબજારને રોકવા માટે જાણીતા રિટેલર્સ અને ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ્સે ખાંડની ખરીદી પર મર્યાદા લાગુ કરી દીધી છે.

D-Mart, BigBasket, Blinkit અને Swiggy Instamart જેવા ઓનલાઇન અને ઓફલાઇન પ્લેટફોર્મ્સ પર ગ્રાહકો માટે ખાંડ ખરીદવાની આંતરિક મર્યાદા નક્કી કરવામાં આવી છે. હવેથી એક ગ્રાહક એક વખતમાં માત્ર ૩થી ૫ કિલો સુધી જ ખાંડ ખરીદી શકશે. કેટલીક એપ્સે આ લિમિટ ઘટાડીને માત્ર ૩ કિલો સુધીની કરી દીધી છે. કંપનીઓએ સ્પષ્ટ કર્યું છે કે, આ નિર્ણય કોઈ સરકારી આદેશથી નહીં પરંતુ તેમની પોતાની આંતરિક પોલિસી હેઠળ લેવાયો છે, જેથી દરેક ગ્રાહકને પૂરતો જથ્થો મળી રહે અને કોઈ એક જ વ્યક્તિ આખો સ્ટોક ખરીદીને કૃત્રિમ અછત ઊભી ન કરે.

### દેશમાં સ્ટોકની કોઈ અછત નથી, ISMA અને સરકારની સ્પષ્ટતા

ખાંડની અછતના અહેવાલો વચ્ચે 'ઇન્ડિયન શુગર ઍન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ ઍસોસિએશન'(ISMA) અને સરકાર દ્વારા ગ્રાહકોને આશ્વાસન આપવામાં આવ્યું છે કે દેશમાં ખાંડનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. નવી સીઝનમાં શેરડીનું પિલાણ શરૂ થતાં જ અને નવી આયાત આવતા ખાંડના ભાવો પણ ટૂંક સમયમાં સામાન્ય થઈ જશે. તંત્રે નાગરિકોને અફવાઓથી દૂર રહીને માત્ર જરૂરિયાત મુજબ જ ખરીદી કરવા અપીલ કરી છે.

# જમ્મુ કાશ્મીરના પુંછમાં અકસ્માત, કાર ખીણમાં પડતાં ૬ લોકોના મોત

## બાળક સહિત ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ, સ્થાનિકો દ્વારા કરાઈ બચાવ કામગીરી



પુંછ:

જમ્મુ કાશ્મીરના પુંછ જિલ્લામાં એક ગમખ્વાર અકસ્માતના છ લોકોના કરુણ મોત થયા છે. જેમાં પૂંછના સુરનકોટ તાલુકામાં એક કાર કાબુ ગુમાવીને ખીણમાં ખાબકી હતી. જેના પગલે કારમાં સવાર છ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા.

આ દુર્ઘટના બાદ સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. દુર્ઘટનામાં એક બાળક સહિત ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને પૂંછની જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જેમાં બાળકની હાલત અત્યંત નાજુક હતી. પ્રાથમિક સારવાર આપ્યા બાદ, બાળકને જીએમસી રાજૌરી રિફર કરવામાં આવ્યું હતું. જ્યારે અન્ય બે ઘાયલ વ્યક્તિઓ જિલ્લા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

દુર્ઘટના બાદ પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. તેમજ રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી. તેમજ મૃતકોના મૃતદેહને પણ પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. પોલીસે આ મામલાની તપાસ પણ શરૂ કરી છે.

CMYK

CMYK

# મહિલા અને બાળ સુરક્ષા અભિયાન "મિશન સુરક્ષિત શક્તિ ડ્રાઈવ"ના પ્રથમ સપ્તાહમાં જ પોલીસે ૫૦૦થી વધુ સંવેદનશીલ સ્થળોનું મેપિંગ કર્યુ

## ગુજરાત પોલીસે સમગ્ર રાજ્યમાં મહિલાઓ અને બાળ સુરક્ષા સંદર્ભે જાહેર સ્થળોના ૧,૦૩૩ સુરક્ષા ઓડિટ કર્યા અને ૧૨,૮૦૦થી વધુ મહિલાઓ તથા બાળકોને સ્વરક્ષણ તાલીમ આપી

અમદાવાદ,

ગુજરાત પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા 'મિશન સુરક્ષિત શક્તિ' હેઠળ પ્રથમ સપ્તાહમાં સમગ્ર રાજ્યમાં મહિલાઓ અને બાળકોની સુરક્ષા કરવા માટે મહત્વની કામગીરી કરવામાં આવી છે.

આ અભિયાન હેઠળ સંવેદનશીલ સ્થળોનું મેપિંગ, જોખમગ્રસ્ત પરિવારોની ઓળખ, પીડિતો સાથે ફોલો-અપ, કાઉન્સેલિંગ, સંસ્થાકીય સુરક્ષા ઓડિટ અને સામુદાયિક સશક્તિકરણ સહિતની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ ગુજરાત પોલીસે મહિલાઓ અને બાળકોની સુરક્ષા વધુ મજબૂત બનાવવા તેમજ તેમની સામે થતા ગુનાઓના નિવારણ માટે સક્રિય પગલાં હાથ ધર્યાં છે.

રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસે સમગ્ર રાજ્યમાં એક મહિનાની વિશેષ ઝુંબેશ શરૂ કરી છે.

"૧૯થી ૨૩ ઓગસ્ટ દરમિયાન હાથ ધરાયેલી પ્રથમ સપ્તાહની કામગીરી દર્શાવે છે કે, પોલીસિંગ હવે માત્ર ઘટના બન્યા બાદની કાર્યવાહી સુધી સીમિત ન રહીને વધુ સક્રિય અને પીડિત-કેન્દ્રી અભિગમ તરફ આગળ વધી રહ્યું છે. ગંભીર ઘટનાઓ બને તે પહેલાં સંવેદનશીલતાઓને ઓળખવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે," સીઆઈડી ક્રાઈમ (વુમન સેલ), ગુજરાતના અધિક પોલીસ મહાનિર્દેશક અજય ચૌધરીએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "અભિયાનના ભાગરૂપે મહિલાઓ અને બાળકોની સુરક્ષાને લગતાં ૫૨૫ સંવેદનશીલ સ્થળોનું મેપિંગ કરવામાં આવ્યું છે. આ કામગીરીથી પ્રાથમિક સ્તરનું વલ્નરેબિલિટી મેપ તૈયાર થશે, જેના આધારે પોલીસ એકમો એવા વિસ્તારોને ઓળખી શકશે જ્યાં કેન્દ્રિત દેખરેખ, નિવારક કાર્યવાહી અને નિયમિત મોનિટરિંગની જરૂરિયાત છે."

અભિયાનના અન્ય મહત્વપૂર્ણ ઘટક તરીકે ૪૩૬ સંવેદનશીલ પરિવારો અને વારંવાર ઘરેલુ હિંસાનો ભોગ બનેલા પીડિતોની ઓળખ કરવામાં આવી છે.

# રાજ્ય સરકાર પાસે ૪ મહિના ચાલે એટલો પૂરતો ખાંડનો જથ્થો ઉપલબ્ધ હોવાનો દાવો

## રાજ્યની ૧૭ ખાંડ મિલો પાસે હાલ ૧૮ લાખ ક્વિન્ટલ ખાંડનો સ્ટોક

ગાંધીનગર,

તાજેતરમાં ખાંડના વધતા ભાવ મુદ્દે રાજ્ય સરકારે પ્રતિક્રિયા આપતા સ્પષ્ટ કર્યું છે કે નાગરિકોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી, કારણ કે સરકાર પાસે ખાંડનો પૂરતો જથ્થો છે. રાજ્યમાં આગામી ૪ મહિના સુધી ચાલી રહે તેટલો એટલે કે અંદાજિત ૧૮ લાખ ક્વિન્ટલ ખાંડનો જથ્થો હાલમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત, રાજ્યની ૧૭ ખાંડ મિલો ૭૩ હજાર (ટન) પીલાણની ક્ષમતા ધરાવે છે અને આગામી ૧૫ ઓક્ટોબરથી નવું પીલાણ પણ શરૂ થઈ જશે જેથી પુરવઠો જળવાઈ રહેશે. નોંધનીય છે કે અગાઉ ખાંડના ભાવ પ્રતિ ક્વિન્ટલે ૬૫૦૦ રૂપિયાથી પણ વધુ થઈ ગયા હતા, પરંતુ સરકારના સઘન પ્રયાસો અને સમયસર લેવાયેલા પગલાંના કારણે ખાંડના ભાવમાં ૩ હજાર રૂપિયાનો નોંધપાત્ર ઘટાડો થયો છે, જેનાથી સામાન્ય લોકોને મોટી રાહત મળી છે.

રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, હાલમાં ગુજરાતમાં ખાંડનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ખાંડ મિલો પાસે હાલ ૧૮ લાખ ક્વિન્ટલ ખાંડનો સ્ટોક છે, જે આગામી ચાર મહિના સુધી રાજ્યની જરૂરિયાત પૂરી કરવા માટે પૂરતો છે. આ ઉપરાંત, રાજ્યના બે લાખથી વધુ ખેડૂતો શેરડીનું ઉત્પાદન કરીને મિલોને પહોંચાડે છે. ગુજરાતમાં કુલ ૧૭ ખાંડ મિલો આવેલી છે, જેની પીલાણ ક્ષમતા ૭૩ હજારની છે. આગામી ૧૫મી ઓક્ટોબરથી શેરડીનું નવું પીલાણ પણ શરૂ થઈ જશે, જેથી ભવિષ્યમાં પણ સપ્લાય ખોરવાશે નહીં.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, ખાંડના ઉત્પાદન અને ઈથેનોલને લઈને સરકારે સ્પષ્ટતા કરી છે કે ગુજરાતની ખાંડ મિલો સીધી ખાંડમાંથી ઈથેનોલ બનાવતી નથી.

# અમદાવાદમાં સ્કૂલના સ્થળાંતરથી ૧૯૦ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્ય પર જોખમ

અમદાવાદ,

છેલ્લા ઘણા દિવસોથી શહેરમાં આવેલ શ્યામ-ઘનશ્યામ સ્કૂલના સ્થળાંતરને લઈને એક મોટો વિવાદ સામે આવ્યો છે, જેણે લગભગ ૧૯૦ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યને ગંભીરપણે જોખમમાં મૂક્યું છે. આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે શાળાને શિક્ષણ વિભાગની પૂર્વ મંજૂરી વિના કેશવનગરથી જુહાપુરા ખાતે આવેલા અમદાવાદ સ્કૂલ ઓફ એજ્યુકેશન કેમ્પસમાં ખસેડવામાં આવી. આ અચાનક અને ગેરકાયદેસર સ્થળાંતરના કારણે વાલીઓમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી છે.

પ્રાથમિક તપાસ અને પ્રાપ્ત વિગતો અનુસાર, ધોરણ ૧ થી ૮ ના ૧૭૩ વિદ્યાર્થીઓ અને ધોરણ ૯ થી ૧૦ ના ૧૭ વિદ્યાર્થીઓ સહિત કુલ ૧૯૦ વિદ્યાર્થીઓ આ અનિયમિતતાથી સીધા અસરગ્રસ્ત થયા છે. વાલીઓએ આક્ષેપ કર્યો છે કે તેમના બાળકોના શૈક્ષણિક ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવ્યા છે.

આ બાબતે તપાસ દરમિયાન એક ચોંકાવનારી વિગત સામે આવી છે. માત્ર શ્યામ-ઘનશ્યામ સ્કૂલનું સ્થળાંતર જ ગેરકાયદેસર નહોતું, પરંતુ જે નવી જગ્યાએ, એટલે કે અમદાવાદ સ્કૂલ ઓફ એજ્યુકેશન કેમ્પસમાં શાળાને ખસેડવામાં આવી હતી, તે કેમ્પસ પાસે પણ શાળા ચલાવવાની જરૂરી મંજૂરી ન હોવાનું જાણવા મળ્યું છે. આટલું જ નહીં, મંજૂરી ન હોવા છતાં શાળાના બોર્ડ પર સ્પષ્ટપણે "સરકાર માન્ય અપ્રૂવલ" નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જે સ્પષ્ટપણે વિદ્યાર્થીઓ અને વાલીઓને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ હતો.

# એએમસીના વિજિલન્સ વિભાગ સામે સવાલ: ૨,૫૭૮ ફરિયાદોમાં ૧,૯૦૭ કેસ બંધ, ૩૭૩ હજુ પેન્ડિંગ

## ફરિયાદોમાંથી મોટાભાગના કેસમાં કડક શિસ્તાત્મક કાર્યવાહી થઈ ન હોવાનું ખુલ્યું

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી)ના વિજિલન્સ વિભાગની કામગીરીને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. વર્ષ ૨૦૨૧થી ૨૦૨૬ દરમિયાન કોર્પોરેશનમાં ગેરરીતિ, કથિત કૌભાંડ અને બેદરકારી સંબંધિત કુલ ૨,૫૭૮ ફરિયાદો નોંધાઈ હોવાનું સામે આવ્યું છે. જોકે, આ ફરિયાદોમાંથી મોટાભાગના કેસમાં કડક શિસ્તાત્મક કાર્યવાહી થઈ ન હોવાનું ઉપલબ્ધ વિગતો પરથી જાણવા મળે છે.પ્રવાસ માર્ગદર્શિકા પુસ્તકો ખરીદવા આંકડા પ્રમાણે, કુલ ફરિયાદોમાંથી ૧,૯૦૭ કેસ પુરાવાના અભાવે બંધ કરી દેવામાં આવ્યા છે, જ્યારે ૩૭૩ કેસ હજુ પેન્ડિંગ છે. માત્ર ૨૯૮ અધિકારીઓ-કર્મચારીઓ સામે નોટિસ અથવા દંડ સહિતની કાર્યવાહી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ આંકડાઓને કારણે એએમસીના વિજિલન્સ વિભાગની તપાસ પ્રક્રિયા, જવાબદારી નક્કી કરવાની પદ્ધતિ અને કથિત ગેરરીતિ સામે લેવાતાં પગલાં અંગે ચર્ચા શરૂ થઈ છે.

છેલ્લા ૭ વર્ષ દરમિયાન એએમસીમાં વિવિધ ફરિયાદો અને તપાસોના આધારે અલગ-અલગ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે.

૧૯ કર્મચારીઓને નોકરીમાંથી રિમૂવ કરવામાં આવ્યા,૧૪૫ કર્મચારીઓના ઈજાફા ચોક્કસ સમય માટે રોકવામાં આવ્યા,૭૩ કર્મચારીઓને ઉચ્ચક દંડ કરવામાં આવ્યો,૬૦ કર્મચારીઓને નોટિસ આપવામાં આવી

એએમસીના સૌથી ચર્ચાસ્પદ મુદ્દાઓમાં હાટકેશ્વર બ્રિજનો મામલો પણ સામેલ છે. બ્રિજ મામલે કુલ ૮ કર્મચારીઓની સંડોવણી સામે આવી હતી, પરંતુ તેમાંથી એક કર્મચારીનું મૃત્યુ થઈ ચૂક્યું હોવાથી હાલ ૭ કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ ચાલી રહી છે. આ તપાસને ચાર વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી તેનો અંતિમ નિકાલ થયો નથી. જેના કારણે જવાબદારી નક્કી કરવામાં થઈ રહેલા વિલંબ અંગે પણ સવાલો ઊઠી રહ્યા છે. વર્ષ ૨૦૧૪થી ૨૦૧૭ દરમિયાન અમદાવાદમાં થયેલા આશરે ૪૫૦ કરોડના રોડકામ દરમિયાન હલકી ગુણવત્તાના બિટુમીનના ઉપયોગને લઈને વિવાદ થયો હતો. આ મામલે ૧૧૦ કર્મચારીઓ પાસેથી કુલ ૧.૧૯ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો હતો. જોકે, ઉપલબ્ધ માહિતી મુજબ વર્ષ ૨૦૨૫માં તપાસ પૂર્ણ થયા બાદ આ તમામ ૧૧૦ કર્મચારીઓને ક્લીનચીટ આપવામાં આવી હતી.

# સુરતના સરથાણામાંથી ૭૨૩ કિલો અખાદ્ય માવો અને નકલી મીઠાઈનો જથ્થો જપ્ત

સુરત,

આગામી દિવસોમાં આવી રહેલા તહેવારો પહેલા જ સરકારી તંત્ર દ્વારા માવાના વેચાણ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લાં કેટલાક વર્ષમાં પકડાયેલા માવામાંથી મિલ્ક પાવડરની સાથે પામ ઓઈલ, વેજિટેબલ ઓઈલ અને કલરની પણ હાજરી મળી છે તેમ છતાં રાજ્યમાં આજે પણ ભેળસેળયુક્ત માવાની મીઠાઈનો બેરોકટોક વેપલો થઈ રહ્યો છે.

તહેવારોની મોસમ નજીક આવતાં જ સુરતમાં નકલી અને અખાદ્ય ખાદ્યપદાર્થોનું વેચાણ કરતા તત્વો સક્રિય થઈ ગયા છે.રક્ષાબંધનના પવિત્ર પર્વ પહેલાં જ સુરતમાં અખાદ્ય માવો અને તેમાંથી તૈયાર કરાયેલી મીઠાઈઓનો મોટો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે.સુરતના સરથાણા વિસ્તારમાં ઝોન-૧ ન્ઝ્મ, સરથાણા પોલીસ અને ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમે સંયુક્ત દરોડો પાડી આ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.પોલીસ અને ખાદ્ય વિભાગની ટીમે સરથાણા સ્થિત મહાકાલ કેટરર્સ શ્ સ્વીટ નામના શેડમાં છાપો માર્યો હતો.દરોડા દરમિયાન સ્થળ પરથી આશરે ૭૨૩ કિલોગ્રામ જેટલો અખાદ્ય માવો તેમજ વિવિધ પ્રકારની નકલી મીઠાઈઓનો જથ્થો મળી આવ્યો હતો.

આ જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત રૂ.૧,૪૨,૫૦૦ અંકાય છે.લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા આ તમામ જથ્થાને કબ્જે કરી તેનો નાશ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.આ મામલે પોલીસે મૂળ જૂનાગઢના દાત્રાણા ગામના વતની અને હાલ સુરતના લસકાણા ખાતે રહેતા ભાવેશભાઈ છગનભાઈ વઘાસીયા નામના શખ્સની ધરપકડ કરી છે.

# લાંચ કેસમાં પૂર્વ ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે અને વહીવટદાર ભાવસિંહ ઝાલાની જામીન અરજી સ્પેશિયલ એસીબી કોર્ટે ફગાવી

## કોર્ટે બંને આરોપીઓની નિયમિત જામીન અરજી ફગાવી દેતાં હાલ જેલમાં જ રહેવું પડશે

અમદાવાદ,

એએમસીના ફાયર વિભાગમાં લાંચ લેવાના કેસમાં એસીબી દ્વારા ઝડપાયેલા તત્કાલીન ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે અને તેમના વહીવટદાર ભાવસિંહ ઝાલાને અમદાવાદની સ્પેશિયલ એસીબી કોર્ટ તરફથી મોટો કાનૂની ઝટકો લાગ્યો છે. કોર્ટે બંને આરોપીઓની નિયમિત જામીન અરજી ફગાવી દેતાં તેઓને હાલ જેલમાં જ રહેવું પડશે.



અમદાવાદ મહાપાલિકાના ક્લાસ-૧ અધિકારી તરીકે ચીફ ફાયર ઓફિસરની જવાબદારી સંભાળતા અમિત ડોંગરે વિરુદ્ધ ૩૬ હજારની લાંચ લેવાનો ગંભીર આક્ષેપ થયો હતો, જેના આધારે એસીબી દ્વારા દરોડા પાડીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર લાંચ પ્રકરણમાં તેમના વહીવટદાર તરીકે ભૂમિકા ભજવનાર ભાવસિંહ ઝાલાની પણ ધરપકડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન એસીબીની ટીમે બંને આરોપીઓ સામે ગંભીર પુરાવા એકત્રિત કર્યા હતા.

જેલહવાલે કરાયેલા બંને આરોપીઓએ કાનૂની રાહત મેળવવા માટે સ્પેશિયલ એસીબી કોર્ટ સમક્ષ નિયમિત જામીન મેળવવા અરજી દાખલ કરી હતી. જોકે, કોર્ટમાં સુનાવણી દરમિયાન બંને પક્ષોની દલીલો અને એસીબી દ્વારા રજૂ કરાયેલા પુરાવા ધ્યાને લેવાયા હતા. કેસની ગંભીરતા અને તપાસના તબક્કાને ધ્યાને રાખીને સ્પેશિયલ એસીબી કોર્ટે જામીન મંજૂર કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો અને અરજી નામંજૂર કરી હતી.અમિત ડોંગરેની ધરપકડ બાદ અમદાવાદ મહાનગરપાલિકાના ફાયર વિભાગની કામગીરી અને વહીવટી પારદર્શિતા સામે અનેક સવાલો ઊભા થયા હતા. કોર્ટ દ્વારા જામીન અરજી ફગાવતા બંને આરોપીઓની કાનૂની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે.

# ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને લઈ રાજકીય પક્ષો દ્વારા તૈયારીઓ શરૂ કરાઈ

## સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ચૂંટણીની તારીખો જાહેર થવાની શક્યતા

ગાંધીનગર,

ગાંધીનગર મહાપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. મળતી માહિતી મુજબ, મહાનગરપાલિકાની ચૂંટણી અંગેનું જાહેરનામું સપ્ટેમ્બર મહિનામાં જાહેર થઈ શકે છે. ખાસ કરીને સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ચૂંટણીની તારીખો જાહેર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટી અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. બંને પક્ષો સંગઠનાત્મક સ્તરે બેઠકો યોજી સંભવિત ઉમેદવારો અને ચૂંટણી રણનીતિ અંગે ચર્ચા કરી રહ્યા છે. મળતી વિગતો પ્રમાણે, ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયા ઓક્ટોબર મહિનામાં પૂર્ણ કરવામાં આવે તેવી શક્યતા છે. ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ રાજકીય પક્ષોની સક્રિયતા વધુ વધવાની સંભાવના છે. આ ઉપરાંત, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પદને લઈને પણ મહત્વની બાબત સામે આવી છે. મેયરના કાર્યકાળના પ્રથમ અઢી વર્ષ માટે ઓબીસી અનામત રહેશે તેવી માહિતી છે. આ અનામતને પગલે મેયર પદ માટેની રાજકીય ગણતરીઓમાં પણ બદલાવ આવી શકે છે. હાલ ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર કાર્યક્રમની જાહેરાતની રાહ જોવાઈ રહી છે. સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ચૂંટણીની તારીખો જાહેર થાય તો ગાંધીનગરમાં રાજકીય માહોલ વધુ ગરમાવાની શક્યતા છે.

# ફ્રાન્સમાં નોકરીનું સપનું બતાવી આણંદના યુવક સાથે રૂ.૯.૫૦ લાખની ઠગાઈ

## વિદેશ પહોંચ્યા બાદ નોકરી તો મળી નહીં, સાથે ટીઆરસી કાર્ડ પણ ન મળ્યું




આણંદ,

વિદેશમાં સારી નોકરી અને કમાણીની આશાએ કન્સલ્ટન્સીનો સંપર્ક કરવો આણંદના ૨૩ વર્ષીય યુવકને ભારે પડ્યો છે. ફ્રાન્સમાં નોકરી અને વર્ક વિઝા અપાવવાના બહાને શરૂઆત કરાયેલી વાતચીત બાદ યુવકને લાતવિયા મોકલવામાં આવ્યો હતો. જોકે વિદેશ પહોંચ્યા બાદ નોકરી તો મળી નહીં, સાથે ટીઆરસી કાર્ડ પણ ન મળ્યું. આખરે યુવકને ખાલી હાથે ભારત પરત ફરવું પડ્યું. યુવક પાસેથી કુલ રૂ.૯.૫૦ લાખ પડાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે.

આણંદ જિલ્લાના નિસરાયા ગામના ૨૩ વર્ષીય યુવકના જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૨૪માં તેણે વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં મનુભાઈ ટાવરમાં આવેલી વાયબ્રન્ટ ઓવરસીઝ કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. કન્સલ્ટન્સીના સંચાલક પંકજ સંઘવીએ ફ્રાન્સમાં નોકરી, રહેવા-જમવાની સુવિધા અને વર્ક પરમિટ વિઝા અપાવવાનું કહી કુલ રૂ.૬.૫૦ લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. યુવકે શરૂઆતમાં રૂ.૫૦ હજાર ચૂકવ્યા હતા. જોકે ત્રણ-ચાર મહિના પસાર થયા બાદ પણ વિઝાની પ્રક્રિયા આગળ ન વધતા તેણે પોતાના રૂપિયા પરત માંગ્યા હતા.

આ પછી એજન્ટ દ્વારા ફ્રાન્સના બદલે લાતવિયામાં નોકરી અપાવવાની વાત કરવામાં આવી હતી. યુવકને કહેવામાં આવ્યું હતું કે તે બિઝનેસ વિઝા પર લાતવિયા જાય, જ્યાં પહોંચ્યા બાદ ચાર-પાંચ દિવસમાં વર્ક પરમિટ અને ટીઆરસી કાર્ડ મળી જશે. ફરિયાદ મુજબ, યુવકે અલગ-અલગ તારીખે પંકજ સંઘવી તથા તેમના જણાવ્યા મુજબ મનીષ ઠક્કરના ખાતામાં કુલ રૂ.૯.૫૦ લાખ ચૂકવ્યા હતા.

૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યુવક લાતવિયા પહોંચ્યો હતો. પરંતુ એરપોર્ટ પર તેને લેવા માટે કોઈ વ્યક્તિ હાજર નહોતી.

# સુરત નજીક યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલ સવાર હતા તે વંદે ભારત પર પથ્થરમારો

## રેલ્વે પ્રોટેક્શન ફોર્સએ ઝડપથી કાર્યવાહી કરી હુમલાના સંબંધમાં એક શંકાસ્પદ વ્યક્તિને પકડી લીધો

સુરત,

સુરત નજીક ટ્રેન પર પથ્થરમારો થતાં મુંબઈ-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ (૨૨૯૬૧) માં સવાર મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો, જેના કારણે બે કોચના બારીઓ તૂટી ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘટના બની ત્યારે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ પણ ટ્રેનમાં હતા.

આ ઘટના બાદ, રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) એ ઝડપથી કાર્યવાહી કરી અને હુમલાના સંબંધમાં એક શંકાસ્પદ વ્યક્તિને પકડી લીધો.



અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુરત રેલ્વે સ્ટેશનથી ટ્રેન રવાના થયાના થોડીવાર પછી આ ઘટનાની જાણ થઈ. ટ્રેન ઉત્રાણ સ્ટેશન નજીક આવી રહી હતી ત્યારે અજાણ્યા લોકોએ ચાલતી ટ્રેન પર પથ્થરમારો કર્યો. કોચ C-6 અને C-10 ની બારીઓ તૂટી ગઈ હતી, જેના કારણે મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. ફફIP મુસાફરની હાજરી વચ્ચે પથ્થરમારા થયાના સમાચારથી રેલ્વે અધિકારીઓ અને સુરક્ષા એજન્સીઓમાં ખળભળાટ મચી ગયો હતો.

સદનસીબે, કોઈ ઈજા થઈ નથી. રાજ્યપાલ આનંદીબેન પટેલ એક્ઝિક્યુટિવ કોચમાં મુસાફરી કરી રહ્યા હોવાથી સંપૂર્ણપણે સુરક્ષિત છે, રેલવે અધિકારીઓએ પુષ્ટિ આપી.

આ ઘટના બાદ, અંકલેશ્વર રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (ઈંહ્ર) ના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને તપાસ શરૂ કરી. ઈંહ્ર ટીમે પાટા નજીકથી આશરે ૩૦ વર્ષના એક શંકાસ્પદ યુવકને પકડી લીધો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે અટકાયત કરાયેલો યુવક નશામાં હતો, જોકે ઓળખ અને પૂછપરછની સત્તાવાર પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે.

# ગાંધીનગરમાં ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી ખાતે વિઝડમ-વન્ડર ૨૦૨૬ રાષ્ટ્રીય સંમેલન સંપન્ન

## વિજ્ઞાન, સંશોધન, નવીનતા અને મહિલા નેતૃત્વ અંગે દેશભરના નિષ્ણાતોનું મંથન




ગાંધીનગર,

ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી , ગાંધીનગર ખાતે ઈન્ડિયન નેશનલ યંગ એકેડેમી ઓફ સાયન્સ (INYAS)ના નેજા હેઠળ તા. ૧૭ અને ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન 'વિઝડમ-વન્ડર ૨૦૨૬' રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસીય સંમેલનમાં દેશભરમાંથી અગ્રણી વૈજ્ઞાનિકો, શિક્ષણશાસ્ત્રીઓ, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નિષ્ણાતો અને યુવા સંશોધકોએ ભાગ લીધો હતો.

સંમેલનના ઉદ્ઘાટન સત્રમાં ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમીના પ્રમુખ પ્રો. શેખર માંડે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રો. અશ્વિની પરીક, Executive Director, NABI, પ્રો. ગીતા રાયસમ, Director, CSIR–NIScPR, BTU ના રજિસ્ટ્રાર ડો. જીતેન્દ્ર લિલાણી, BTUના ડિરેક્ટર પ્રો. રાકેશ રાવલ, ડો. મોહિત ત્યાગી, Chair, INYAS, ડો. નિશા સિંઘ, Convener, WONDER 2026, ડો. કિરણ બાલા, Convener, WONDER 2026 અને ડો. મીના ક્રિશાનીયા, Co Coordinator WONDER ૨૦૨૬ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે 'વિઝડમ-વન્ડર ૨૦૨૬'ની વિઝન પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

સંમેલનમાં લાઈફ સાયન્સિસ અને ટ્રાન્સલેશનલ રિસર્ચ, પર્યાવરણ અને ઈન્ટેલિજન્ટ સિસ્ટમ્સ, સસ્ટેનેબિલિટી એન્જિનિયરિંગ તથા એન્ટરપ્રિન્યોરશિપ, ઈનોવેશન અને ઈન્ડસ્ટ્રી લિંકેજ જેવા વિષયો પર વિવિધ ટેકનિકલ સત્રો, નિષ્ણાત વ્યાખ્યાનો અને પેનલ ચર્ચાઓ યોજાઈ હતી. એઆઈના જવાબદાર ઉપયોગ, ટકાઉ વિકાસ, મહિલા નેતૃત્વ, ખાદ્ય સુરક્ષા તથા સંશોધન-ઉદ્યોગ સહયોગ જેવા મહત્વપૂર્ણ વિષયો પર પણ ચર્ચા થઈ હતી.

મહિલા નેતૃત્વ અંગેના સત્રમાં ડો. સ્નેહલ બગથરીયા, Joint Director, GSBTM, DST, Government of Guja®a ડો. સંધ્યા લક્ષ્મણન, ડો. ક્ષમા અવસ્થી, ડો. દક્ષા સખીયા, ડો. જયંતી ગણપતિ, ડો. જીવન જ્યોતિ અને ડો. સંગીતા સિંહ સહિતના નિષ્ણાતોએ ભાગ લીધો હતો. યુવા સંશોધકો માટે ફ્લેશ ટોક, પોસ્ટર પ્રેઝન્ટેશન તથા લીડરશીપ પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# દ્વારકા જિલ્લામાં જુગાર રમતી પાંચ મહિલા સહિત સતર શખ્સની અટકાયત

દ્વારકા : દ્વારકા જિલ્લામાં વધુ છ જગ્યાએ પોલીસે જુગાર અંગેના દરોડા પાડ્યા હતા જેમાં પાંચ મહિલા સહિત ૧૭ શખ્સની અટકાયત કરી સ્થળપરથી કુલમળી રૂ. ૪૭ હજારની માલમતા કબ્જે લઈ તમામ સામે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રથમ દરોડો ખંભાળિયા શહેરમાં રામનાથ સોસાયટી ખાતે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતી મધુબેન મુકેશભાઈ ઘેઢીયા, શાંતીબેન ભાવેશભાઈ વારોતરીયા, મુરીબેન આલાભાઈ વાનરીયા , અંકિતાબેન રામભાઈ કંડોરીયા, શર્મિલાબેન વિશ્વજીતભાઈ અંકલેશ્વરીયા નામની ૫ મહિલાની સ્થાનિક પોલીસે અટકાયત કરી સ્થળપરથી રૂ. ૫૧૦૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

બીજો દરોડો ભાણવડ તાલુકાના ગુંદલા ગામના પાટીયા પાસે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા હેતભાઈ લાખાભાઈ ખોલા, રાજુભાઈ વજસીભાઈ ખોલા, ધનાભાઈ દેવાણંદભાઈ ખોલા, ભાવેશભાઈ કરસનભાઈ ખોલા નામના ચાર શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૯૨૦૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

ત્રીજો દરોડો ખંભાળિયા તાલુકાના સલાયા ગામે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા એજાજ જમાલભાઈ મોખા, મેસુરભાઈ રાણસીભાઈ સંધીયા, નુરમામદ ઈશાભાઈ મોદી નામના ત્રણ શખ્સને સલાયા મરીન પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૧૩૫૦ ની મતા કબ્જે કરી હતી.

ચોથો દરોડો કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામમાં જાહેરમાં વર્લી મટકાના આંકડા ઉપર જુગાર રમતા જયેશભાઈ કાનાભાઈ થારૂ નામના શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૩૬૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધો હતો.

પાંચમો દરોડો જયારે ભાટિયા ગામમાં જ જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા દેશુરભાઈ મેરામણભાઈ આંબલીયા અને મેહુલભાઈ માણસુરભાઈ વડ નામના બે શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૨૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

છઠ્ઠો દરોડો કલ્યાણપુર તાલુકાના દુધીયા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા વેજાભાઈ મુરુભાઈ ગોજીયા અને પીઠાભાઈ આલાભાઈ ધ્રાંગુ નામના બે શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૬૮૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

# જામનગરમાં કચરા કલેક્શનની કામગીરીનું જાત નિરીક્ષણ કરતા મ્યુ. કમિશનર


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર દીપેશ કેડિયા દ્વારા મહાનગરપાલિકાના વિવિધ વિભાગોની કામગીરીનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, ત્યારે ગઈકાલે બુધવારે શહેરમાં ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની કામગીરીનું જાતે મેદાનમાં ઉતરી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

જામનગર શહેરમાં ખાનગી કોન્ટ્રાક્ટર મારફતે ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરીમાં કોઈ પ્રકારની બેદરકારી કે ખામી ન રહે તે માટે કમિશનર દીપેશ કેડિયાએ શહેરના વિવિધ વિસ્તારોમાં કચરો એકત્ર કરતા વાહનોને રોકાવી તેમની બારીકાઈથી તપાસ કરી હતી. વાહનોની કામગીરી સહિત કચરા કલેક્શનની સમગ્ર વ્યવસ્થાની ચકાસણી કરવામાં આવી હતી. નિરીક્ષણ દરમિયાન જ્યાં પણ કોઈ ખામી કે વાંધાજનક બાબત ધ્યાને આવી હતી ત્યાં સ્થળ પર જ સોલિડ વેસ્ટ વિભાગના અધિકારીઓ, ખાનગી કોન્ટ્રાક્ટરના કર્મચારીઓ તથા સંબંધિત સ્ટાફને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. શહેરમાં ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની કામગીરીમાં કોઈપણ પ્રકારની બેદરકારી ન રહે અને નાગરિકોને નિયમિત તથા યોગ્ય સેવા મળી રહે તે અંગે કમિશનર દ્વારા કડક દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા. કમિશનર દીપેશ કેડિયાની સાથે આ નિરીક્ષણ કામગીરીમાં આસિસ્ટન્ટ કમિશનર ભાવેશ જાની સહિત મહાનગરપાલિકાના સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ જોડાઈ હતી.

# પટેલ કોલોની વિસ્તારમાં ધાર્મિક કાર્યક્રમોના બેનર ગાયબ, સ્થાનિક લોકોમાં રોષ


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ જામનગર તથા શ્રી ગજાનન ગ્રુપ પટેલ કોલોની દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શ્રી આશુતોષ મહાદેવની પધરામણી પટેલ કોલોની ખાતે કરવામાં આવે છે જે અંતર્ગત સંસ્થા દ્વારા શ્રી જડેશ્વર મહાદેવ મંદિર જાહેર રોડ પર ભક્તિમય કાર્યક્રમ અંગના બેનર લગાવવામાં આવ્યા હતા. જેથી સ્થાનિક લોકો આ કાર્યક્રમ અંગે માહિતગાર થાય અને આ ભક્તિમય કાર્યક્રમનો લાભ મેળવે.

આ બેનર લગાવ્યાના બીજા દિવસે જ કોઈ નાસ્તિક અજાણ્યા આવારા તત્ત્વોએ બેનર કાઢી સાથે લઈ ગયેલ. આ ઘટનાથી શિવભક્તોમાં ભારે રોષ ફેલાયો છે.

# કલ્યાણપુર ગામે વાડીમાં નિંદતી વેળાએ વીજશોક લાગતાં મહિલાનું મૃત્યુ

જામનગર : જામજોધપુર તાલુકાના કલ્યાણપુર ગામે વાડીમાં મજૂરી કામ કરતી એક મહિલાને વીજ કરંટ લાગતાં તેણીનું મૃત્યુ નિપજ્યું હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

મળતી વિગત મુજબ, જામજોધપુર તાલુકાના કલ્યાણપુર ગામમાં સંજયભાઈ ગધેથરીયાની વાડીએ ખેતમજૂરી માટે ગયેલા સુરતાબેન લક્ષ્મણભાઈ કાળુભાઈ છારેલ (૪૩), મૂળ મોરા ગામ, તા. મોરવાહડફ, જી. પંચમહાલના વતની હતા અને હાલ કલ્યાણપુર ગામે રહેતી મહિલા વાડીમાં નિંદણનું કામ કરતા હતા. દરમિયાન નિંદણ વાડીના શેઢે નાખવા જતાં ટી.સી. પાસે આવેલા વાયરના સંપર્કમાં આવતાં તેમને વીજ કરંટ લાગ્યો હતો જેના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ અંગે મૃતકના પતિ લક્ષ્મણભાઈ કાળુભાઈ છારેલે પોલીસને જાણ કરતા શેઠ વડાળા પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ મૃદેહનો કબ્જો સાંભળી અકસ્માતે મોતની નોંધ કરાવી વધુ તપાસ એ.એસ.આઈ. ડી.આર. સાગઠીયા ચલાવી રહ્યા છે.

# જામજોધપુર તાલુકાના આંબરડી ગામની મુકબધીર પરિણીતાને સાસરિયાઓ દ્વારા ત્રાસ

## પતિ, સાસુ, દિયર અને દેરાણી સામે મારકૂટ તથા ત્રાસ આપ્યાની ફરિયાદ

જામનગર : જામજોધપુર તાલુકાના આંબરડી મેઘપર ગામની એક મુકબધીર પરિણીતાએ તેણીના પતિ સહિત સાસરીયા પક્ષના ચાર સભ્યો સામે શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી કિરણબેન મનસુખભાઈ સાગઠીયાના લગ્ન રજનીકાન્ત ડાયાભાઈ વાઘેલા સાથે થયેલા હતા. લગ્ન બાદ તેઓ સણાવાવ ખાતે સાસરીયામાં પતિ, સસરા, સાસુ, દિયર અને દેરાણી સાથે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. શરૂઆતનો આશરે એક મહિનો લગ્નજીવન સારી રીતે ચાલ્યા બાદ પતિ દ્વારા નાની-નાની બાબતોમાં ઝઘડો કરી મારકૂટ કરવામાં આવતી હતી.

ઉપરાંત ઘરકામ બાબતે દિયર અને દેરાણી સાથે પણ ઝઘડો થયો હતો. તે સમયે દેરાણીએ ધક્કો મારી નીચે પાડી મોઢા પર થપ્પડ મારી હતી, જયારે દિયરે પાણીના પ્લાસ્ટિકના પાઈપ વડે માર માર્યો હતો. આ સમયે પતિએ પણ પેટના ભાગે લાત મારી હોવાનો આક્ષેપ કર્યો છે. પતિ અને સાસરિયાઓના ત્રાસથી કંટાળી કિરણબેન તેમના પિતાના ઘરે પરત આવી ગઈ હતી. અને તેણીએ શેઠવડાળા પોલીસ મથકમાં પતિ રજનીકાન્ત ડાયાભાઈ વાઘેલા, સાસુ સનીબેન ડાયાભાઈ વાઘેલા, દિયર ભરતભાઈ ડાયાભાઈ વાઘેલા અને દેરાણી રમીલાબેન ભરતભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવતા તમામ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકા રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કરતા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર



દ્વારકા : વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેએ યાત્રાધામ દ્વારકાના રેલવે સ્ટેશનનું નિરીક્ષણકરી મુસાફર સુવિધાઓ, સ્વચ્છતા, સુરક્ષા અને સંચાલન વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી.

આ વેળાએ રેલવેના વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. દ્વારકા રેલવે સ્ટેશનમાં અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત ચાલી રહેલ વિવિધ વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમણે ફૂટ ઓવર બ્રીજ, લીફટ, પ્લેટફોર્મ, વેઈટીંગ રૂમ, કેટરિંગ સ્ટોલ, એકઝીક્યુટિવ લોન્જ અને સરક્યુલેટિંગ એરીયાનું નિરીક્ષણ કરી મુસાફરલક્ષી સુવિધા અને વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત ચાલી રહેલ કાર્યોને નિર્ધારીત ગુણવત્તા અને ધોરણો અનુસાર સમયમર્યાદામાં પૂર્ણ કરવા નિર્દેશ આપ્યા હતા.

સાથે જ સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા અને સુરક્ષાના ધોરણોને અસરકારક રીતે જાળવવા, સુવિધાઓ સુદ્રઢ કરવા અને રેલ સંચાલનને વધુ સુરક્ષિત, સુચારૂ અને અસરકારક બનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

# સોઢા તરઘડી ગામના વ્યક્તિનો હૃદયરોગના હુમલાએ ભોગ લીધો

ખંભાળિયા : ખંભાળિયા તાબેના સોઢા તરઘડી ગામના એક વ્યક્તિનું હૃદય રોગના હુમલાથી મૃત્યુ નિપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના સોઢા તરઘડી ગામે રહેતા નરેન્દ્રસિંહ મનુભા રાઠોડ નામના વ્યક્તિને છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ હૃદયરોગનો તીવ્ર હુમલો આવી જતા તેઓનું મૃત્યુ નિપજ્યું છે. આ બનાવ અંગે ખંભાળિયા પોલીસમાં ભગીરથસિંહ હિંમતસિંહ રાઠોડ દ્વારા જાણ કરવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઊંડ-૧ ડેમમાં 'સૌની યોજના' થકી નર્મદાના નીર ઠાલવવા ગ્રામ પંચાયતોની માંગ

ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : જામનગર જિલ્લા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલુ વર્ષે નહિવત વરસાદ થવાના કારણે ખેતી પાક પર ભારે સંકટ ઊભું થયું છે. વરસાદ ખેંચાતાં હજારો હેક્ટર જમીનમાં વાવેતર કરેલો ઊભો મોલ પાણીના અભાવે સુકાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. આવા કપરા સમયે પાકને જીવનદાન આપવા માટે 'સૌની યોજના' હેઠળ નર્મદાના નીર ઊંડ-૧ ડેમમાં ઠાલવવામાં આવે તેવી પ્રબળ માંગ સાથે પંથકની વિવિધ ગ્રામ પંચાયતો દ્વારા સિંચાઈ વિભાગને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

સરપંચો અને ખેડૂત અગ્રણીઓએ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે, હાલના તબક્કે ઊભા પાકને બચાવવા માટે સિંચાઈના પાણીની તાતી જરૂરિયાત છે. જો તાત્કાલિક પાણી નહીં મળે તો તૈયાર મોલ સુકાઈ જશે અને ખેડૂતોને લાખો-કરોડો રૂપિયાનું મોટું આર્થિક નુકસાન સહન કરવું પડશે.

આ અંગે મોટી નાગાજાર, પીઠડીયા, વિરપર (ભરતપુર), ખારાવેઢા, ખાખરા, વિજયપુર, પીઠડપુર, જીવાપર, નંદપુર અને વેરતીયા સહિતની ગ્રામ પંચાયતોએ સામૂહિક માંગણી કરી છે. સાથોસાથ આ મામલે યોગ્ય કાર્યવાહી થાય તે હેતુથી સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ અને ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાને પણ પત્રની નકલ રવાના કરવામાં આવી છે. ખેડૂતોના હિતમાં તંત્ર દ્વારા તાકીદે ઊંડ-૧ ડેમ ભરવાનો નિર્ણય લેવાય તેવી ધરતીપુત્રો આશા રાખી રહ્યા છે.

# જામનગર જી.જી. હોસ્પિટલના પાર્કિંગમાંથી કર્મચારીનું બાઈક ચોરાયું

જામનગર : જામનગરમાં જી.જી. હોસ્પિટલમાં કામ કરતા કર્મચારી પાર્કિંગમાં પાર્ક કરેલ તેમનું બાઈક કોઈ શખ્સ ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

જામનગરના ખાખીનગર શેરી નં.૨માં રહેતા મનીશભાઈ કરશનભાઈ લગારીયા તેમના નાના ભાઈ રમેશભાઈન તા.૧૧ના રોજ સવારે મોટરસાયકલ નં. જીજે-૧૦-એન-૬૬૭૦ લઈને જી.જી. હોસ્પિટલ ખાતે નોકરી પર ગયા હતા. જ્યાં તેમણે પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. અને નોકરી પર જતા રહ્યા હતા.

રાત્રે આશરે દસ વાગ્યે નોકરી પૂરી થતાં રમેશભાઈ પાર્કિંગમાં પરત ફર્યા ત્યારે મોટરસાયકલ જોવા મળી ન હતી. તેમણે હોસ્પિટલ તથા આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. ત્યારબાદ તેમને પોલીસમાં અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# લાલ ટ્રસ્ટની પર્યાવરણ મુદ્દે ગણેશોત્સવ પંડાલોના સંચાલકો સાથે બેઠક

જામનગર : "છોટી કાશી" તરીકે ઓળખ ધરાવતાં જામનગર શહેરમાં ગણેશોત્સવની ઉજવણીમાં ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓના ઉપયોગ માટે સતત છેલ્લાં એક દાયકાથી પ્રત્યનશીલ લાલ પરિવારની સંસ્થાઓના પ્રયાસો ધાર્યું પરિણામ લાવી શક્યા છે. આ અભિયાન સંપૂર્ણ સફળ રહે તે દિશામાં આ વખતે પણ શહેરના ગણપતિ પંડાલોના સંચાલકો સાથે બેઠક આયોજીત કરવામાં આવી છે.

"છોટી કાશી" જામનગરમાં ગણપતિ ઉત્સવના કારણે પર્યાવરણને નુકશાન થાય નહીં તે માટે માટીની મૂર્તિ કે તેના જેવી ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓનું સ્થાપન થાય તે માટે શ્રી હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ) ચેરીટેબલ ટ્રસ્ટ તથા કેદાર લાલ (કેદાર જીતેન્દ્ર લાલ) ફાઉન્ડેશન દ્વારા ધનિષ્ઠ પ્રયાસો છેલ્લા ૧૦ વર્ષથી હાથ ધરવામાં આવી રહ્યા છે, જેના ભાગરૂપે આ વર્ષે પણ જામનગર શહેર અને નજીકના વિસ્તારોમાં ગણપતિ ઉત્સવની ઉજવણી કરતી સંસ્થાઓ - મંડળોના મુખ્ય કાર્યકરો સાથે આ વિષયની ચર્ચા કરવા તા.૨૯-૮ના શનિવારે સાંજે ૭ વાગ્યે પંચેશ્વર ટાવર સ્થિત લોહાણા મહાજનવાડી (ઠકરાર વિંગ) ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત જામનગર શહેરમાં ઈકો ફ્રેન્ડલી બનાવનારા મૂર્તિકારોને પણ મીટીંગમાં ઉપસ્થિત રહેશે અને તેઓની નાની-મોટી માત્ર માટીમાંથી બનાવેલી અનેક મૂર્તિઓનું નિર્દેશન પણ કરવામાં આવશે. ગણપતિ પંડાલોના વધુમાં વધુ સંચાલકો ઉપસ્થિત રહી આ આયોજન વધુ સારી રીતે થઈ શકે તે માટે સહભાગી બનવા બંને ટ્રસ્ટો દ્વારા અનુરોધ કરાયો છે.

# જામનગરના ગ્રામ્ય વિસ્તારમાં સિંચાઈ માટે સૌની યોજનાનું પાણી છોડવા ધારાસભ્યની રજુઆત



જામનગર : જામનગર તાલુકામાં ચાલુ સાલ વરસાદ ખુબ જ ઓછો પડેલ છે. જેના કારણે હાલ સિંચાઇ આધારિત ખેતીના પ્રશ્નો મોટા પ્રમાણમાં ઉપસ્થિત થયેલ છે. છેલ્લા ૧ માસથી વરસાદ ન પડતા ખરીફ પાક સુકાવાની તૈયારીમાં છે અને આ સુકાતા પાકને સિંચાઇથી પાણી આપી બચાવવાની ખાસ જરૂરીયાત છે. જે અન્વયે જામનગર તાલુકાના જુદા જુદા ગામોમાંથી સૌની યોજનાના પાણી દ્વારા ડેમ/ચેકડેમ ભરવા સરપંચોએ ધારાસભ્યને રજુઆત કરેલ હતી.

દોઢીયા, આમરા, જીવાપર ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓએ સૌની યોજના દ્વારા સસોઇ ડેમ પાણીથી ભરવા અને ઉભો પાક બચાવવા રજુઆત કરેલ છે. જેથી સૌની યોજનાના પાણી દ્વારા સસોઇ ડેમ ભરવા મંત્રીઈશ્વરસિંહ પટેલને રજુઆત કરેલ છે. જામનગર તાલુકાના રણજીતપર ગામના સરપંચની રજુઆત મુજબ સૌની યોજના અંતર્ગત નીકળતી પાઈપલાઈન માંથી ઉંડ-૧ ડેમની કેનાલમાં સૌની યોજનાનું પાણી છોડવામાં આવે તો આ વિસ્તારના ખેડુતોને સિંચાઇનો લાભ મળી શકે તેમ છે.

જીલ્લા પંચાયતના સદસ્યમંગુબેન લખમણભાઈની રજુઆત મુજબ જગા ગામમાં આવેલ ત્રણ ચેકડેમ અને સ્વામી વિવેકાનંદ તળાવમાં પાણી પહોંચાડવા માટે સૌની યોજનાની પાઇપલાઇન લંબાવી પાણી પહોંચાડવા રજુઆત કરેલ. જોડીયા તાલુકાના ખીરી ગ્રામ પંચાયતના સરપંચની રજુઆત મુજબ ખીરી ગામે સૌની યોજના અંતર્ગત પાઇપલાઇન નાખવામાં આવેલ છે જે બંધ હાલતમાં છે તે ચાલુ કરી ગામમાં આવેલ તળાવ ભરી ઉભા પાકને બચાવવા રજુઆત કરેલ હતી.

જામનગર જીલ્લાના વેરતીયા, પીઠડીયા, મોટી નાગાજાર, ખાખરા, જીવાપર, નંદપુર, વિજયપુર, કૃષ્ણનગર, ખોખરી વિ.ગામોના સરપંચશ્રીઓએ સુકાતા ઉભા પાકને બચાવવા માટેસૌની યોજના અંતર્ગત ઉંડ-૧ ડેમ પાણીથી ભરવા માંગણી કરેલ છે.

લાલપુર તાલુકાના દલતુંગી, મોડપર, ચારણતુંગી, કાનવિરડી, અપીયા, જશાપર, ગામના સરપંચશ્રીઓએ સૌની યોજનાની લિંક માંથી ફુલઝર-૨ ડેમમાં પાણી છોડવા રજુઆત છે. જામનગર તાલુકાના મોટા થાવરીયા, અલીયા, વિજરખી ગામના સરપંચશ્રીઓ તેમજ ખેડૂતોએ સૌની યોજનાનું પાણી વિજરખી ડેમમાં છોડવા રજુઆત કરેલ છે.

આમ ચાલુ સાલ વરસાદની ખેંચના કારણે ઉપસ્થિત થયેલ સિંચાઇના પ્રશ્નોને પહોંચી વળવા જામનગર જીલ્લાના સરપંચશ્રીઓએ તથા આગેવાનોએ સૌની યોજનાના પાણીથી તળાવ/સિંચાઇ યોજનાઓમાં છોડી ઉપસ્થિત થયેલ સિંચાઇ માટેના પાણીના પ્રશ્નનું નિરાકરણ કરવા જામનગર ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્યશ્રી રાઘવજીભાઇ પટેલને રજુઆત કરેલ છે. જામનગર જીલ્લાના આગેવાનો, ખેડૂતો અને સરપંચોની રજુઆત મુજબ અને વર્તમાન પરિસ્થિતિ ધ્યાને લઇ રાઘવજીભાઇ પટેલએ મંત્રી ઇશ્વરસિંહ પટેલ (જળ સંપતિ અને પાણી પુરવઠા સ્વતંત્ર હવાલો)ને સૌની યોજનાના પાણી દ્વારા જામનગર જીલ્લાના ડેમો, તળાવો, સિંચાઇ યોજનામાં ભરવા માટે રજુઆત કરેલ છે.

# જામનગરની ઔદ્યોગિક શક્તિને રાષ્ટ્રીય અને વૈશ્વિક બજારો સાથે જોડશે ભારત બિલ્ડકોન

## ૩,૫૦૦થી વધુ બ્રાસ એમએસએમઈ એકમો અને ૩૫,૦૦૦થી વધુ રોજગારી સાથે જામનગરના ઔદ્યોગિક ક્લસ્ટરને મળશે વૈશ્વિક બીરબી તકોનું નવું પ્લેટફોર્મ



જામનગર : ભારતના બિલ્ડીંગ મટિરિયલ્સ, બાંધકામ, મેન્યુફેક્ચરિંગ અને સંલગ્ન ઉદ્યોગોને એક જ રાષ્ટ્રીય અને વૈશ્વિક વ્યાપારિક મંચ પર લાવવાના હેતુથી ભારત બિલ્ડકોન ૨૦૨૭ની પ્રેસ કોન્ફરન્સ જામનગર ખાતે યોજાઈ હતી. ૩ થી ૬ જૂન, ૨૦૨૭ દરમિયાન નવી દિલ્હીના યશોભૂમિ (ઇન્ડિયા ઇન્ટરનેશનલ કન્વેન્શન & એક્સ્પો સેન્ટર) ખાતે યોજાનાર ભારત બિલ્ડકોન ૨૦૨૭ દેશના વિવિધ ઔદ્યોગિક ક્લસ્ટર્સ, એમએસએમઈ, ઉત્પાદકો, નિકાસકારો, ખરીદદારો અને વૈશ્વિક પ્રતિનિધિઓને એક જ પ્લેટફોર્મ પર જોડશે.આ અભિયાનનો મુખ્ય હેતુ દેશના વિવિધ ઔદ્યોગિક શહેરોને નવા બજારો, વૈશ્વિક ખરીદદારો, સરકારી સંસ્થાઓ, રોકાણકારો અને નિકાસની તકો સાથે સીધા જોડવાનો છે.

જામનગરને વિશ્વનું સૌથી મોટું બ્રાસ પાર્ટ્સ અને પ્રિસિઝન એન્જિનિયરિંગ ક્લસ્ટર માનવામાં આવે છે. શહેરમાં ૫,૦૦૦થી વધુ બ્રાસ અને એન્જિનિયરિંગ મેન્યુફેક્ચરિંગ એકમો કાર્યરત છે, જે લાખો લોકોને રોજગારી આપે છે અને વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં બ્રાસ કોમ્પોનેન્ટ્સ, ઈલેક્ટ્રિકલ ફિટિંગ્સ, પ્લમ્બિંગ પાર્ટ્સ, ઓટોમોટિવ અને ઈન્ડસ્ટ્રીયલ કોમ્પોનેન્ટ્સની નિકાસ કરે છે. ભારત બિલ્ડકોન ૨૦૨૭ દ્વારા જામનગરના ઉત્પાદકોને દેશભરના આર્કિટેક્ટ્સ, બિલ્ડર્સ, ડેવલપર્સ, ઈપીસી કોન્ટ્રાક્ટર્સ, સરકારી ખરીદી એજન્સીઓ, ડીલરો, ડિસ્ટ્રિબ્યુટરો તથા આંતરરાષ્ટ્રીય ખરીદદારો સાથે સીધું જોડાણ સ્થાપિત કરવાની મહત્વપૂર્ણ તક મળશે.

ભારત આજે વિશ્વનું ઝડપથી વિકસતું મેન્યુફેક્ચરિંગ હબ બની રહ્યું છે. આર્થિક સર્વે ૨૦૨૫-૨૬ મુજબ એમએસએમઈ ક્ષેત્ર દેશના જીડીપીમાં ૩૧.૧ ટકા, મેન્યુફેક્ચરિંગ ઉત્પાદનમાં ૩૫.૪ ટકા અને કુલ નિકાસમાં ૪૮.૫૮ ટકા જેટલું યોગદાન આપે છે. આવા સમયે ભારત બિલ્ડકોન ૨૦૨૭ જેવા રાષ્ટ્રીય પ્લેટફોર્મ દેશભરના ઉત્પાદકો, એમએસએમઈ, ખરીદદારો અને વૈશ્વિક આયાતકારોને એક મંચ પર લાવી વેપાર, રોકાણ અને નિકાસને નવી દિશા આપશે.

કેપેક્સિલના સિરામિક પેનલના ચેરમેન શ્રી નિલેશ જેતપરીયા એ જણાવ્યું હતું કે , "ભારતીય ઉત્પાદકો ગુણવત્તા, નવીનતા અને વૈશ્વિક સ્પર્ધામાં સક્ષમ છે. જામનગર જેવા ઔદ્યોગિક ક્લસ્ટર્સને આંતરરાષ્ટ્રીય ખરીદદારો સાથે સીધા જોડવાથી માત્ર નિકાસમાં જ વધારો નહી થાય પરંતુ 'બ્રાન્ડ ઇન્ડિયા'ને વૈશ્વિક સ્તરે વધુ મજબૂતી મળશે."

ભારત બિલ્ડકોનના ડિરેક્ટર તથા બોર્ડ ઑફ ટ્રેડના સભ્ય જિતેન્દ્ર કથીરિયાએ જણાવ્યું હતું કે, ભારત બિલ્ડકોન માત્ર એક પ્રદર્શન નથી, પરંતુ ભારતના ઉદ્યોગોને વૈશ્વિક વેપાર સાથે જોડતું રાષ્ટ્રીય આંદોલન છે. 'વન નેશન. વન એક્સ્પો.'ના વિઝન હેઠળ અમે દેશના દરેક ઔદ્યોગિક શહેરને વૈશ્વિક બજાર સુધી પહોંચાડવા માંગીએ છીએ. આ પ્લેટફોર્મ ભારતના મેન્યુફેક્ચરિંગ, એમએસએમઈ અને નિકાસ ક્ષેત્રને નવી દિશા આપશે."

ભારત બિલ્ડકોનના ડિરેક્ટર વિજય અઘારાએ જણાવ્યું હતું કે જામનગરની ઔદ્યોગિક ઓળખ માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત નથી. અહીંના ઉત્પાદનો વિશ્વના અનેક દેશોમાં પહોંચે છે. ભારત બિલ્ડકોન ૨૦૨૭ દ્વારા અમે જામનગરના ઉદ્યોગકારોને નવા ખરીદદારો, વૈશ્વિક બજારો, સરકારી એજન્સીઓ અને મોટા પ્રોજેક્ટ્સ સાથે જોડવા માટે એક શક્તિશાળી બિઝનેસ પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવી રહ્યા છીએ.

ગુજરાત ભારતના કુલ માલ નિકાસમાં અંદાજે ૩૦ ટકા યોગદાન આપતું અગ્રણી ઔદ્યોગિક રાજ્ય છે. ભારત બિલ્ડકોન ૨૦૨૭ જામનગર સહિત ગુજરાતના ઉદ્યોગોને નવા રાષ્ટ્રીય અને વૈશ્વિક ખરીદદારો સાથે જોડીને નિકાસ, રોકાણ, ભાગીદારી અને નવી વ્યાપારિક તકો વધારશે, જે સ્થાનિક રોજગારી, ઉત્પાદન ક્ષમતા અને રાજ્ય તેમજ દેશના આર્થિક વિકાસને વધુ ગતિ આપશે.

ભારત બિલ્ડકોન ૨૦૨૭ માત્ર એક ટ્રેડ એક્સ્પો નહીં, પરંતુ સ્થાનિક ઉદ્યોગોને નવા ખરીદદારો, ડીલરો અને વિતરકો સાથે જોડવા, વિવિધ સરકારી વિભાગો અને નીતિ નિર્માતાઓ સાથે સીધો સંવાદ સ્થાપિત કરવા તેમજ આંતરરાષ્ટ્રીય ખરીદદારો અને વૈશ્વિક બજારો સુધી પહોંચ અપાવતું એક સર્વગ્રાહી બિઝનેસ પ્લેટફોર્મ છે, જે વેપાર વિસ્તરણ, નિકાસ વૃદ્ધિ અને ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપશે.

પ્રેસ કોન્ફરન્સમાં કેપેક્સિલના સિરામિક પેનલના ચેરમેન નિલેશ જેતપરિયા, ભારત બિલ્ડકોનના ડિરેક્ટર તથા બોર્ડ ઑફ ટ્રેડના સભ્ય જિતેન્દ્ર કથીરિયા, ભારત બિલ્ડકોનના ડિરેક્ટર વિજય અઘારા, ડ્રીમ ડેકોર ગ્રુપના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર તથા એએફએમટીના મેમ્બર ભાસ્કર રાઠોડ, એટલાસ મેટલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.ના મેનેજિંગ ડિરેક્ટર રાજેશ ચાંગાણી, ડ્રીમ ટેક હાર્ડવેરના મેનેજિંગ ડિરેક્ટર તથા આરએચએમએના કમિટી મેમ્બર કલ્પેશ દુધાતરા અને પેરડિયમ ઈન્ડસ્ટ્રીઝના મેનેજિંગ ડિરેક્ટર અમરીશ પટેલ સહિત ઉદ્યોગ જગતના અગ્રણી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ચમકતી હેડલાઈટ નહીં, સુરક્ષિત રસ્તા વધુ જરૂરી

હાઇવે પર સૌથી વધુ અકસ્માત તેજસ્વી લાઇટોને કારણે થાય છે અત્યંત તેજસ્વી વાઈટ પ્રકાશ ના બીમ સામે વાહનના ડ્રાઇવરની આંખ પર પડે છે આ કારણે ડ્રાઇવરની આંખો અંજાય જાય છે.અને જબરજસ્ત અકસ્માત થાય છે. આવી ઘટના સૌથી વધુ બનતી હોવાથી કેન્દ્ર સહારે આ અંગે કડક પગલાં લેવાનું નક્કી કર્યું છે. અને આ માટેની ગાઈડ લાઈન પણ જાહેર કરવામાં આવી છે ટૂંક સમયમાં અંગે મોટા ફેરફારો થવાના છે તે હકીકત છે કારણ કે વાહન અકસ્માતોમાં સૌથી વધુ જાનહાની આના કારણે થાય છે આ વસ્તુ અટકાવવા માટે સરકાર કડક પગલા હવે ભરી રહી છે.રાત્રિના સમયે વાહન ચલાવતા દરેક વ્યક્તિએ એક અનુભવ જરૂર કર્યો હશે કે સામે આવતી કાર અથવા બાઈકની અત્યંત તેજ સફેદ હેડલાઈટ અચાનક આંખોમાં પડે ત્યારે થોડા ક્ષણ માટે રસ્તો સ્પષ્ટ દેખાતો નથી. આ સમસ્યા માત્ર અસુવિધા નથી, પરંતુ માર્ગ સલામતી સાથે સીધી જોડાયેલી ગંભીર બાબત છે. હાલમાં કેન્દ્ર સરકાર વાહનોની હેડલાઈટ અંગે વધુ કડક નિયમો લાવવાની તૈયારીમાં છે. જોકે આ નિયમો અંગે સોશિયલ મીડિયા અને અખબારોમાં વિવિધ દાવાઓ ચાલી રહ્યા છે, ત્યારે સત્તાવાર અમલ અને પ્રસ્તાવ વચ્ચેનો તફાવત સમજવો અત્યંત જરૂરી છે.તાજેતરના અહેવાલો મુજબ સરકાર હાઈ-ઇન્ટેન્સિટી હેડલાઈટથી થતી ચમક ઘટાડવા માટે નવા ધોરણો પ્રસ્તાવિત કરી રહી છે પ્રસ્તાવિત ફેરફારોનો મુખ્ય હેતુ એ છે કે રાત્રિના સમયે સામે આવતા વાહનચાલકોને હેડલાઈટની ઝળહળાટથી ઓછું નુકસાન થાય અને માર્ગ અકસ્માતની શક્યતા ઘટે. બે પૈડાવાળા વાહનોમાં ઓટોમેટિક હેડલેમ્પને મુખ્યત્વે લો-બીમ મોડ સુધી મર્યાદિત રાખવાની ચર્ચા ચાલી રહી છે. ઉપરાંત કાર અને અન્ય વાહનોમાં અત્યંત તેજ પ્રકાશ, રંગ તાપમાન અને હાઈ-બીમના ઉપયોગ અંગે પણ વધુ નિયંત્રણ લાવવાનો વિચાર કરવામાં આવ્યો છે. આ સાથે ભારે વાહનોમાં રિફ્લેક્ટિવ ટેપના ગુણવત્તાસભર ઉપયોગને પણ પ્રોત્સાહન આપવાની દિશામાં પગલાં સૂચવાયા છે.અહીં સૌથી મહત્વની વાત એ છે કે વાયરલ સંદેશાઓમાં દર્શાવાતી દરેક સંખ્યા અથવા દંડને તરત જ કાયદો માનવો યોગ્ય નથી. પરંતુ તાજેતરના વિશ્વસનીય અહેવાલો સ્પષ્ટ કરે છે કે ઘણા મુદ્દાઓ હજુ પ્રસ્તાવ અથવા નિયમોમાં ફેરફારની પ્રક્રિયામાં છે. તેથી જનતાએ અંતિમ સત્તાવાર ગેઝેટ અથવા પરિવહન મંત્રાલયની સૂચના આવ્યા વગર અફવાઓના આધારે નિર્ણય ન લેવો જોઈએ. હેડલાઈટનો પ્રશ્ન માત્ર ટેક્નોલોજીનો નથી; તે માનવીની આંખ અને પ્રતિભાવ ક્ષમતા સાથે પણ જોડાયેલો છે. જ્યારે સામેનું વાહન સતત હાઈ-બીમ પર ચાલે છે ત્યારે આંખોને તેજ પ્રકાશથી ક્ષણિક તકલીફ થાય છે. ખાસ કરીને વૃદ્ધ લોકો, ચશ્મા પહેરતા ડ્રાઇવરો અને વરસાદ કે ધુમ્મસમાં વાહન ચલાવતા લોકો માટે આ ઝળહળાટ વધુ જોખમી બની શકે છે. માર્ગ સલામતી નિષ્ણાતો લાંબા સમયથી કહી રહ્યા છે કે પ્રકાશ એવો હોવો જોઈએ જે રસ્તો સ્પષ્ટ દેખાડે પરંતુ સામેના વાહનચાલકને અંધકાર જેવી સ્થિતિમાં ન ધકેલે. આજકાલ બજારમાં અનેક પ્રકારની LED અને HID હેડલાઈટ કિટ સરળતાથી ઉપલબ્ધ છે. ઘણા વાહન માલિકો વધુ તેજ પ્રકાશને વધુ સારી સલામતી માને છે, પરંતુ દરેક તેજ પ્રકાશ સલામત હોય એવું જરૂરી નથી. જો લાઇટનું બીમ પેટર્ન યોગ્ય ન હોય, એંગલ ખોટો હોય અથવા મૂળ ડિઝાઇનને બદલીને અયોગ્ય ન્ઈક્રુ લગાવવામાં આવે તો પ્રકાશ સીધો સામેના વાહનચાલકની આંખમાં જઈ શકે છે. પરિણામે પોતાની દૃશ્યતા વધારવાની ઇચ્છા બીજાના જોખમમાં ફેરવાઈ શકે છે.અહીં એક મહત્વનો ભેદ સમજવો જરૂરી છે.

# રક્ષાબંધનઃ ભાઈ-બહેનના અજોડ પ્રેમ અને સંસ્કૃતિનું મહાપર્વ

ભારતને તહેવારો અને ઉત્સવોની ભૂમિ કહેવામાં આવે છે. અહીં ઉજવાતા દરેક તહેવાર પાછળ કોઈને કોઈ સામાજિક, ધાર્મિક, ઐતિહાસિક કે સાંસ્કૃતિક સંદેશ છુપાયેલો છે. આવા જ પવિત્ર તહેવારોમાં રક્ષાબંધનનું સ્થાન વિશેષ છે. શ્રાવણ માસની પૂર્ણિમાના દિવસે ઉજવાતો આ તહેવાર ભાઈ અને બહેન વચ્ચેના નિસ્વાર્થ પ્રેમ, લાગણી, વિશ્વાસ અને પરસ્પર જવાબદારીનું પ્રતીક છે. બહેન જ્યારે ભાઈના કાંડા પર રાખડી બાંધે છે ત્યારે તે માત્ર એક દોરો બાંધતી નથી, પરંતુ પોતાના ભાઈના સુખ, સ્વાસ્થ્ય, લાંબા આયુષ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટે હૃદયપૂર્વકની પ્રાર્થના કરે છે. સામે ભાઈ પણ બહેનના સુખ-દુઃખમાં હંમેશા સાથ આપવાનો સંકલ્પ કરે છે. તેથી રક્ષાબંધન માત્ર તહેવાર નથી, પરંતુ લાગણી અને સંસ્કારનું સુંદર બંધન છે.

રક્ષાબંધન શબ્દનો અર્થ જ તેના ભાવને વ્યક્ત કરે છે—રક્ષણનું બંધન. ભારતીય પરંપરામાં રક્ષાસૂત્રને શુભ અને પવિત્ર માનવામાં આવ્યું છે. પ્રાચીન સમયથી જ કોઈ વ્યક્તિની સુરક્ષા, સુખાકારી અને કલ્યાણ માટે પવિત્ર સૂત્ર બાંધવાની પરંપરા જોવા મળે છે. સમય જતાં આ પરંપરા ભાઈ-બહેનના સ્નેહ સાથે વધુ ગાઢ રીતે જોડાઈ અને રક્ષાબંધન ભાઈ-બહેનના પ્રેમનું મહાપર્વ બની ગયું. આજે ભાઈ-બહેન ભલે એક જ ઘરમાં રહેતા હોય કે દેશ-વિદેશમાં અલગ રહેતા હોય, રક્ષાબંધનનો દિવસ તેમને લાગણીના એક જ તાંતણે બાંધી દે છે.

રક્ષાબંધન સાથે ભગવાન શ્રીકૃષ્ણ અને દ્રૌપદીની કથા ખાસ કરીને જોડાયેલી છે. મહાભારતની લોકપ્રચલિત કથા અનુસાર એક પ્રસંગે શ્રીકૃષ્ણની આંગળીમાં ઈજા થતાં દ્રૌપદીએ પોતાની સાડીના છેડાનો ટુકડો ફાડીને તેમની આંગળી પર બાંધી દીધો હતો. દ્રૌપદીની આ નિસ્વાર્થ લાગણીથી શ્રીકૃષ્ણ અત્યંત ભાવવિભોર થયા અને તેમણે દ્રૌપદીને બહેન તરીકે સ્વીકારી હતી. ત્યારબાદ જીવનના કપરા સમયમાં શ્રીકૃષ્ણે દ્રૌપદીની રક્ષા કરી હતી એવી લોકમાન્યતા છે. આ કથા ભાઈ-બહેનના



સંબંધમાં રહેલા પ્રેમ અને જવાબદારીની ભાવનાને ખૂબ સુંદર રીતે રજૂ કરે છે. અહીં રાખડીનું મૂલ્ય તેના દોરામાં નહીં પરંતુ તેની પાછળ રહેલી લાગણીમાં જોવા મળે છે.

રક્ષાબંધન સાથે જોડાયેલી બીજી લોકપ્રચલિત ઐતિહાસિક કથા ચિત્તોડની રાણી કર્ણાવતી અને મુઘલ સમ્રાટ હુમાયુ સાથે સંબંધિત છે. કહેવાય છે કે જ્યારે ચિત્તોડ પર સંકટ આવ્યું ત્યારે રાણી કર્ણાવતીએ હુમાયુને રાખડી મોકલી અને ભાઈ તરીકે મદદની અપેક્ષા વ્યક્ત કરી હતી. અલગ ધર્મ અને રાજકીય પરિસ્થિતિ હોવા છતાં રાખડીના સંબંધને માન આપવાની આ કથા ભારતીય સંસ્કૃતિમાં સંબંધો અને માનવતાને મળતા મહત્વને દર્શાવે છે. જોકે આ પ્રસંગના ઐતિહાસિક વિગતો અંગે ઈતિહાસકારોમાં ચર્ચા જોવા મળે છે, પરંતુ લોકપરંપરામાં આ કથા આજે પણ રક્ષાબંધનના ભાવનાત્મક મહત્વને વ્યક્ત કરતી કથા તરીકે પ્રચલિત છે.

રક્ષાબંધનના દિવસે ઘરમાં વહેલી સવારથી જ ઉત્સવનો માહોલ જોવા મળે છે. બહેનો ભાઈ માટે ખાસ રાખડી, મીઠાઈ અને પૂજાની થાળી તૈયાર કરે છે. થાળીમાં કંકુ, ચોખા, અક્ષત, દીવો, મીઠાઈ અને રાખડી રાખવામાં આવે છે. ભાઈને બેસાડી સૌપ્રથમ કંકુ અને ચોખાનું તિલક કરવામાં આવે છે. ત્યારબાદ આરતી ઉતારી ભાઈના કાંડા પર રાખડી બાંધવામાં આવે છે. બહેન ભાઈના સુખી અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરે છે અને મીઠાઈ ખવડાવે છે. ભાઈ પણ બહેનને પ્રેમથી ભેટ આપે છે અને તેના સુખ-દુઃખમાં સાથ આપવાનું વચન આપે છે. ઘણી જગ્યાએ પરિવારના વડીલો પણ ભાઈ-બહેનને આશીર્વાદ આપી આ પવિત્ર પ્રસંગને વધુ યાદગાર બનાવે છે.

રાખડીનો દોરો ભલે નાનો હોય, પરંતુ તેની સાથે જોડાયેલી લાગણી અત્યંત મોટી હોય છે. ક્યારેક બાળપણમાં એકબીજા સાથે ઝઘડતા ભાઈ-બહેન પણ આ દિવસે જૂની નારાજગી ભૂલીને એકબીજાને ગળે મળે છે. બાળપણની યાદો, સાથે વિતાવેલી ક્ષણો અને એકબીજા માટેની લાગણીઓ ફરી જીવંત થઈ જાય છે. ખાસ કરીને લગ્ન બાદ સાસરે ગયેલી બહેન જ્યારે રક્ષાબંધન માટે પિયર આવે છે ત્યારે ઘરમાં જાણે જૂના દિવસો પાછા આવી ગયા હોય તેવી ખુશી છવાઈ જાય છે.

આધુનિક જીવનશૈલીમાં પરિવારના સભ્યો ઘણીવાર અભ્યાસ, નોકરી કે વ્યવસાય માટે એકબીજાથી દૂર રહે છે. ઘણા ભાઈ-બહેન તો અલગ શહેરો કે અલગ દેશોમાં રહેતા હોય છે. આવા સમયે રક્ષાબંધનનું મહત્વ વધુ વધી જાય છે. અંતર ભલે હજારો કિલોમીટરનું હોય, પરંતુ લાગણીનું અંતર રહેતું નથી. બહેન કુરિયર કે ટપાલ દ્વારા રાખડી મોકલે છે, ભાઈ તેને મળેલી રાખડીને પોતાના કાંડા પર બાંધી બહેનને યાદ કરે છે. આજે વીડિયો કોલ, મોબાઈલ અને સોશિયલ મીડિયા દ્વારા પણ ભાઈ-બહેન એકબીજાને શુભેચ્છા પાઠવે છે. ટેકનોલોજીએ તહેવારની રીત બદલી છે, પરંતુ તેની લાગણીને વધુ સરળતાથી વ્યક્ત કરવાની તક આપી છે.

રક્ષાબંધન નજીક આવતાં જ બજારોમાં રાખડીઓની વિવિધતા જોવા મળે છે. પરંપરાગત રેશમી રાખડીઓથી લઈને બાળકો માટે કાર્ટૂન અને વિવિધ આકર્ષક ડિઝાઈનવાળી રાખડીઓ બજારમાં જોવા મળે છે. બહેનો ભાઈની પસંદગી પ્રમાણે રાખડી પસંદ કરે છે. મીઠાઈની દુકાનોમાં પણ વિવિધ પ્રકારની મીઠાઈઓની માંગ વધે છે. ભાઈઓ પણ બહેનો માટે કપડાં, પુસ્તકો, ચોકલેટ, ઉપયોગી વસ્તુઓ કે અન્ય ભેટો ખરીદે છે. જોકે ભેટની કિંમત કરતાં તેની પાછળ રહેલી લાગણી વધારે મહત્વની છે.રક્ષાબંધનનો અર્થ માત્ર ભાઈએ બહેનની રક્ષા કરવી એવો સંકુચિત નથી. આજના સમયમાં આ તહેવાર પરસ્પર સન્માન, વિશ્વાસ અને જવાબદારીનો સંદેશ આપે છે. બહેન પણ પોતાના ભાઈના જીવનમાં મહત્વપૂર્ણ સાથી, મિત્ર અને માર્ગદર્શક બની શકે છે. બંને એકબીજાના સુખ-દુઃખમાં સાથ આપે અને મુશ્કેલીના સમયમાં એકબીજાની પડખે ઊભા રહે—આ જ સંબંધની સાચી સુંદરતા છે. તેથી રક્ષાબંધનને માત્ર એક દિવસ પૂરતો સંબંધ નહીં પરંતુ આખા જીવનની લાગણી અને જવાબદારી તરીકે જોવો જોઈએ.

ભારતના જુદા જુદા પ્રદેશોમાં શ્રાવણ પૂર્ણિમા વિવિધ નામો અને પરંપરાઓ સાથે ઉજવાય છે. ગુજરાત સહિત દરિયાકાંઠાના વિસ્તારોમાં નાળિયેરી પૂનમનું વિશેષ મહત્વ છે. માછીમાર સમાજ દરિયાની પૂજા કરી સારા વરસાદ, સુરક્ષિત દરિયાઈ સફર અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. કેટલીક પરંપરાઓમાં બ્રાહ્મણો આ દિવસે શ્રાવણી વિધિ કરે છે અને પવિત્ર જનોઈ બદલવાની પરંપરા નિભાવે છે. આ રીતે એક જ પૂર્ણિમા વિવિધ પ્રદેશોમાં અલગ અલગ પરંપરાઓને પોતાની સાથે જોડીને ભારતીય સંસ્કૃતિની વિવિધતામાં એકતાનું દર્શન કરાવે છે.

# સમયના સ્વામી કાળભૈરવ શિવનું જ સ્વરૂપ

## ભૈરવ તત્વનું સૌમ્ય અને રૌદ્ર રહસ્ય જે જાણે છે તે જીવનનો જંગ જીતી જાય છે તેનું જીવન નિર્ભય બને છે. મૃત્યુંજય બને છે

**પ્રાંસગિક — સુરેશ ભટ્ટ**

સનાતન પરંપરામાં શિવ અને શક્તિ અભિન્ન છે. જ્યાં શક્તિ વિના શિવ શવ સમાન છે, ત્યાં શિવ વિના શક્તિ દિશાહીન છે. આ તત્વજ્ઞાનને સમજવા માટે ભૈરવ તત્વને સમજવું અત્યંત આવશ્યક છે. ભગવાન શંકર જ્યારે પોતાની શક્તિ સાથે લીલા કરે છે ત્યારે તે જ ભૈરવ બને છે. ભૈરવ શબ્દ ત્રણ અક્ષરોનો બનેલો છે, ભરણ, રમણ અને વમન. જે સમગ્ર સૃષ્ટિનું ભરણ-પોષણ કરે, જે સર્વમાં રમણ કરે અને જે સર્વને પોતાનામાં સમાવી લે તે ભૈરવ છે. આમ, કાળભૈરવ એ શિવથી અલગ નથી, પરંતુ શિવનું જ ક્રિયાત્મક અને ન્યાયપ્રિય સ્વરૂપ છે. શિવ જો ક્ષમાના સાગર છે તો કાળભૈરવ કર્મના કડક ન્યાયાધીશ છે.

કાળભૈરવ જયંતિ એ માત્ર એક તહેવાર નથી, પરંતુ આત્મજાગૃતિનો પર્વ છે. દર વર્ષે માર્ગશીર્ષ વદ આઠમના દિવસે જ્યારે ઘોર અંધકાર હોય છે ત્યારે આ પર્વ આવે છે, જે સૂચવે છે કે અંધકાર જેટલો ગાઢ હશે, પ્રકાશની અનુભૂતિ તેટલી જ તીવ્ર થશે. આ દિવસે કાશી વિશ્વનાથના આંગણામાં સ્થિત કાળભૈરવ મંદિરમાં લાખો ભક્તો દર્શન કરે છે. એવી માન્યતા છે કે આ દિવસે કરેલો જાપ, તપ અને દાન અનેક ગણું ફળ આપે છે. આ રાત્રે કાળભૈરવ અષ્ટકમ અને કાલભૈરવાષ્ટક સ્તોત્રનું પઠન કરવાથી અદ્ભુત શાંતિ મળે છે.

ઘણીવાર લોકો માને છે કે કાળભૈરવની પૂજા માત્ર તાંત્રિકો કે અઘોરીઓ જ કરી શકે. આ માન્યતા સદંતર ખોટી છે. કાળભૈરવની ભક્તિ એ દરેક ગૃહસ્થ માટે ખુલ્લી છે જે સત્ય અને ન્યાયના માર્ગે ચાલવા માંગે છે. જે વ્યક્તિને લાગે છે કે તેનો સમય સારો નથી ચાલી રહ્યો, મહેનત કરવા છતાં ફળ નથી મળતું, વારંવાર અવરોધો આવે છે, તો તેણે કાળભૈરવની શરણ લેવી જોઈએ. નિર્બળ મનના લોકો, જે નાના-નાના ડરથી પરેશાન રહે છે, તેમના માટે તો કાળભૈરવની ઉપાસના સંજીવની છે. સ્ત્રીઓ પણ પૂર્ણ શ્રદ્ધાથી તેમની પૂજા કરી શકે છે, ખાસ કરીને બટુક સ્વરૂપની પૂજા તેમના માટે અત્યંત કલ્યાણકારી માનવામાં આવે છે.

આ આરાધનાનું ફળ તાત્કાલિક અને પ્રત્યક્ષ અનુભવાય છે. કાળભૈરવના સ્મરણ માત્રથી ભૂત-પ્રેત, નજરદોષ અને ઉપરી હવા જેવી નકારાત્મકતાઓ દૂર ભાગે છે. તે વ્યક્તિને વ્યસન અને કુમાર્ગથી બચાવે છે. જેના જીવનમાં શનિની સાડાસાતી કે ઢૈયા ચાલી રહી છે, તેણે જો નિયમિત કાળભૈરવને સરસવના તેલનો દીવો કર્યો હોય તો શનિદેવ પણ પ્રસન્ન થાય છે, કારણ કે શનિદેવ કાળભૈરવના શિષ્ય મનાય છે. ધંધામાં આવતી અડચણો દૂર થાય છે અને અટકેલા કાર્યો પૂર્ણ થાય છે. સૌથી સૂક્ષ્મ લાભ એ છે કે વ્યક્તિ સમયનું મૂલ્ય સમજવા લાગે છે, જે આજના યુગની સૌથી મોટી સાધના છે.

હવે બટુક ભૈરવના સ્વરૂપને સમજીએ. કાળભૈરવનું ઉગ્ર સ્વરૂપ જોઈને સામાન્ય માણસ ડરી જાય, તેથી ભક્તોના કલ્યાણ માટે ભગવાને બાળકનું રૂપ ધારણ કર્યું, તે જ બટુક ભૈરવ છે. પુરાણોમાં બટુક ભૈરવને શિવના પાંચ વર્ષના બાળક તરીકે વર્ણવવામાં આવ્યા છે, જે નગ્ન છે, જેના હાથમાં નાનું ત્રિશૂલ છે અને જે શ્વાન પર સવારી કરે છે. આ બાળ સ્વરૂપ એટલું ભોળું છે કે તે માત્ર થોડા મીઠા રોટલા અને દૂધથી પ્રસન્ન થઈ જાય છે. વાસ્તવમાં બટુક ભૈરવ એ કાળભૈરવના જીવનની શરૂઆત છે, તે કોમળ પ્રભાત છે અને કાળભૈરવ તેનો પ્રખર મધ્યાહ્ન છે. બંને એક જ તત્વના બે છેડા છે. એક રક્ષા કરે છે અને બીજો શિક્ષા આપે છે.આમ, શિવથી શરૂ થતી યાત્રા ભૈરવ સુધી પહોંચે છે અને ભૈરવથી શરૂ થતી યાત્રા શિવમાં વિલીન થઈ જાય છે.



# સ્નેહના સૂત્રે બંધાયેલો સનાતન ઉત્સવઃ રક્ષાબંધન

**આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ**

શ્રાવણ માસની સોળે કળાએ ખીલેલી પૂર્ણિમાની સંધ્યાએ જ્યારે બહેન પોતાના ભાઈના હાથે રેશમી દોરો બાંધે છે ત્યારે તે દોરો માત્ર દોરો નથી રહેતો, તે એક સંકલ્પ, એક વિશ્વાસ અને એક વારસો બની જાય છે.

રક્ષાબંધનની પરંપરાને અનેક પૌરાણિક આખ્યાનો સાથે જોડવામાં આવી છે. દેવાસુર સંગ્રામ સમયે જ્યારે દેવતાઓના રાજા ઇન્દ્ર પરાજયની અણી પર હતા ત્યારે તેમના પત્ની શચીએ ઇન્દ્રના કાંડા પર મંત્રોથી અભિમંત્રિત રક્ષા સૂત્ર બાંધ્યું હતું અને તેના પ્રભાવથી ઇન્દ્ર વિજયી થયા હતા. બીજી કથા અનુસાર ભગવાન શ્રીકૃષ્ણને જ્યારે શિશુપાલનો વધ કરતી વખતે આંગળીમાં ઈજા થઈ ત્યારે દ્રૌપદીએ પોતાના સાડીનો પાલવ ફાડીને તેમના હાથે બાંધ્યો હતો, જેના ઋણ સ્વરૂપે શ્રીકૃષ્ણે ચીરહરણ સમયે દ્રૌપદીની લાજ રાખી હતી. આમ આ તહેવાર રક્ષા કરવાના પવિત્ર વચનનો ઉત્સવ છે.

ભારતીય સંસ્કૃતિનો અણમોલ અવસર એટલે દરિયા પૂજન.

ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં પ્રકૃતિના કણેકણમાં દેવત્વ જોવામાં આવે છે. આપણે નદીને માતા કહીએ છીએ, વૃક્ષમાં ભગવાન જોઈએ છીએ અને આકાશ, વાયુ, અગ્નિ અને પૃથ્વીની પૂજા કરીએ છીએ. આ જ ભાવનાનું એક અત્યંત સુંદર અને હૃદયસ્પર્શી ઉદાહરણ એટલે દરિયા પૂજન. ગુજરાત અને મહારાષ્ટ્રના સાગરકાંઠે શ્રાવણ માસની પૂર્ણિમાના દિવસે ઉજવાતો આ ઉત્સવ માત્ર એક તહેવાર નથી, પરંતુ સમુદ્ર પ્રત્યેની કૃતજ્ઞતા, શ્રદ્ધા અને સહઅસ્તિત્વનો મહાપર્વ છે, જેને નારિયેળી પૂર્ણિમા તરીકે પણ ખૂબ પ્રેમથી ઉજવવામાં આવે છે.

> **ભારતીય તહેવારોની માળામાં રક્ષાબંધન એક એવું પુષ્પ છે જેની સુગંધમાં માત્ર ધાર્મિકતા જ નહીં પરંતુ અતૂટ પ્રેમની લાગણી પણ સમાયેલી છે. આ પવિત્ર દિવસે દરિયા પૂજન કરવામાં આવે છે સાથોસાથ બ્રાહ્મણો નવી જનોઈ ધારણ કરે છે**

દરિયાનું પૂજન શા માટે કરવામાં આવે છે તેની પાછળ આપણી સંસ્કૃતિની ઊંડી દ્રષ્ટિ અને જીવનનો વ્યવહારુ અનુભવ બંને જોડાયેલા છે. વેદકાળથી સમુદ્રને વરુણ દેવતા તરીકે ઓળખવામાં આવ્યા છે, જે સમગ્ર જળસૃષ્ટિના સ્વામી છે. દરિયો એ માત્ર ખારા પાણીનો અફાટ ઘેરાવો નથી, તે તો લાખો જીવોનું ઘર છે અને લાખો પરિવારોની આજીવિકાનું એકમાત્ર સાધન છે. ખાસ કરીને ચોમાસાના ચાર મહિના દરમિયાન દરિયો ખૂબ જ તોફાની અને રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે માછીમારો પોતાની હોડીઓ કિનારે બાંધીને રાખે છે અને દરિયો શાંત થવાની રાહ જુએ છે. શ્રાવણ પૂર્ણિમા આવે ત્યાં સુધીમાં વર્ષાનું જોર ઘટવા લાગે છે અને સમુદ્ર ધીરે ધીરે શાંત થવા લાગે છે. આ સમયે માછીમારો ફરીથી સાગર ખેડવા માટે તૈયાર થાય છે, તે પહેલાં તેઓ દરિયાદેવ પાસે પોતાની સુરક્ષા, સારી માછલીની પ્રાપ્તિ અને પરિવારના કલ્યાણ માટે પ્રાર્થના કરે છે. આ પૂજન દ્વારા માનવી પ્રકૃતિને કહે છે કે અમે તારો ઉપયોગ કરીએ છીએ, પણ તારું સન્માન કરવાનું ક્યારેય ભૂલતા નથી. આ એક પ્રકારનું પર્યાવરણીય સંતુલન જાળવવાનું આપણા ઋષિઓએ આપેલું સુંદર માધ્યમ છે.

આ પાવન પૂજન મુખ્યત્વે દરિયા કિનારે વસતા સમુદાયો દ્વારા કરવામાં આવે છે. ગુજરાતના ભાવનગર, વેરાવળ, માંગરોળ, પોરબંદર, ઓખા અને દ્વારકા જેવા બંદરો પર વસતા માછીમારો, ખારવા સમાજ અને કોળી સમાજ માટે આ દિવસ દિવાળી જેવો જ મહત્વનો હોય છે. મહારાષ્ટ્રના મુંબઈના કોળી બાંધવો પણ આ તહેવારને ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. આ ઉપરાંત બંદર પર કામ કરતા મજૂરો, હોડીના માલિકો, દરિયાઈ વેપાર સાથે જોડાયેલા વેપારીઓ અને નૌકાદળના જવાનો પણ આ પૂજામાં ભાવપૂર્વક જોડાય છે. હવે તો શહેરોમાં વસતા લોકો પણ દરિયાના મહત્વને સમજીને અને આપણી પરંપરાને જીવંત રાખવા માટે કિનારે જઈને આ પૂજાના સાક્ષી બને છે.

દરિયા પૂજનની વિધિ પણ એટલી જ ભાવવાહી અને દર્શનીય હોય છે. શ્રાવણ સુદ પૂનમની વહેલી સવારે લોકો સ્નાન કરીને નવા અને રંગબેરંગી વસ્ત્રો પહેરીને ઢોલ નગારા સાથે દરિયા કિનારે પહોંચે છે. ત્યાં પુરોહિતો વૈદિક મંત્રોના ગાન સાથે વરુણ દેવતાનું આવાહન કરે છે. માછીમારો પોતાની હોડીઓને સુંદર રીતે રંગીને, ફૂલોના હાર પહેરાવીને તૈયાર કરે છે અને તે હોડીઓની પણ પૂજા કરવામાં આવે છે, કારણ કે તેમના માટે હોડી જ તેમનું ઘર છે. પૂજા માટે ખાસ શ્રીફળ એટલે કે નારિયેળ લાવવામાં આવે છે. નારિયેળને સૌથી પવિત્ર ફળ માનવામાં આવે છે. તેને કંકુ ચોખાથી વધાવી, તેના પર ફૂલો ચડાવી ભક્તિભાવ સાથે દરિયામાં અર્પણ કરવામાં આવે છે. એવી માન્યતા છે કે નારિયેળ અર્પણ કરવાથી દરિયો સોનાની હોડી સ્વીકારે છે અને પ્રસન્ન થાય છે. ત્યારબાદ દરિયાના પાણીમાં દીવડાઓ તરતા મૂકવામાં આવે છે, પ્રસાદ તરીકે નારિયેળની મીઠાઈ વહેંચવામાં આવે છે અને કિનારે નાના મેળાઓ ભરાય છે. લોકો દરિયાના ખારા પાણીને કપાળે લગાવીને તેના આશીર્વાદ લે છે.



આમ દરિયા પૂજન એ માત્ર માછલી પકડવાના નવા વર્ષની શરૂઆત નથી, તે ભારતીય સંસ્કૃતિના એ સનાતન સત્યનું પ્રતીક છે કે પ્રકૃતિ સાથે સંઘર્ષ નહિ, પરંતુ સહયોગથી જ જીવન ટકે છે.

આ જ દિવસે ભારતના પશ્ચિમ કિનારે એક અનોખો ઉત્સવ ઉજવાય છે જે સાગરને સમર્પિત છે. વર્ષા ઋતુમાં રૌદ્ર બનેલો દરિયો શ્રાવણ પૂર્ણિમા પછી શાંત થાય છે. માછીમારો પોતાની હોડીઓને રંગીને, શણગારીને દરિયા કિનારે લઈ જાય છે અને નારિયેળ, કુમકુમ અને પુષ્પોથી વરુણદેવનું પૂજન કરે છે. તેઓ પ્રાર્થના કરે છે કે હે સાગર દેવ, અમને તારા ખોળામાં સલામત રાખજે અને અમને સમૃદ્ધિ આપજે. આ પ્રથાને નારિયેળી પૂનમ તરીકે ઓળખવામાં આવે છે.

આ તિથિનું બીજું નામ યજ્ઞોપવિત પૂર્ણિમા પણ છે. પ્રાચીન કાળમાં ગુરુકુળમાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી ઋષિઓ આ દિવસે વેદોના નવા અધ્યયનનો પ્રારંભ કરતા હતા. બ્રાહ્મણો આજના દિવસે ગંગા કે કોઈ પવિત્ર નદીના કિનારે બેસીને પ્રાયશ્ચિત રૂપે જૂની જનોઈને ત્યજી દે છે અને નવી જનોઈ ધારણ કરીને જીવનને વધુ પવિત્ર અને સંયમી બનાવવાનો સંકલ્પ લે છે.આમ એક જ દિવસ, એક જ મુહૂર્તમાં જ્યારે સાગર કિનારે શંખનાદ થાય છે, મંદિરોમાં ગાયત્રી મંત્ર ગુંજે છે અને ઘર આંગણે બહેનના હાથે રાખડી બંધાય છે ત્યારે લાગે છે કે જાણે આખું ભારત એક સૂત્રે બંધાઈ ગયું છે. પ્રકૃતિની પૂજા, વેદની ઉપાસના અને સંબંધોની ઉજવણી એ ત્રણેયનો સમન્વય એટલે જ શ્રાવણી પૂર્ણિમા, જે આપણો સાંસ્કૃતિક વારસો છે.

# મહિલા ક્રિકેટ એશિયા કપમાં ઈન્ડોનેશિયા પહેલી વાર ભાગ લેશે : ટીમની જાહેરાત

નવીદિલ્હી,

એસીસી મહિલા ક્રિકેટ એશિયા કપમાં એક નવી ટીમ ઈતિહાસ રચવા માટે તૈયાર છે. આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં ઈન્ડોનેશિયા પહેલી વાર મેદાનમાં ઉતરશે. ૨૮ ઓગસ્ટથી શરૂ થનારી આ આઠ ટીમની ટુર્નામેન્ટ માટે ઈન્ડોનેશિયા તેની ટીમની જાહેરાત કરનાર છેલ્લું દેશ હતું. ઈન્ડોનેશિયાએ ટુર્નામેન્ટ માટે એક મજબૂત ટીમ પસંદ કરી છે.

ઈન્ડોનેશિયાએ જૂનમાં રમાયેલા એસીસી મહિલા પ્રીમિયર કપ દ્વારા એશિયા કપ માટે ક્વોલિફાય કર્યું. નોંધનીય છે કે, ક્વોલિફિકેશન ટુર્નામેન્ટ દરમિયાન ઘણી વખત ટીમ પાસે ફક્ત ૧૧ ખેલાડીઓ ઉપલબ્ધ હતા. તેમ છતાં, ઈન્ડોનેશિયાએ શાનદાર પ્રદર્શન કર્યું અને સેમિફાઈનલમાં પહોંચ્યું. જોકે, તેઓ સેમિફાઈનલમાં થાઈલેન્ડ સામે હારી ગયા, અને પછી ત્રીજા સ્થાનની મેચમાં હોંગકોંગ સામે હારનો સામનો કરવો પડ્યો.

એશિયા કપ માટે જાહેર કરાયેલી ટીમમાં કેટલાક નવા ચહેરાઓનો પણ સમાવેશ થાય છે. યુવા સ્પિનર સોફિયા વેલિક અને આક્રમક બેટ્સમેન મારિયા કોરાઝોન વોમ્બાકીનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે, ક્વોલિફિકેશન ઝુંબેશનો ભાગ રહેલી દારા મારામિથા આ વખતે ટીમમાં સ્થાન મેળવી શકી નથી.



અનુભવી નંદા સાકારિની ફરી એકવાર ટીમની કેપ્ટનશીપ કરશે. તે ક્વોલિફિકેશન ટુર્નામેન્ટમાં ઈન્ડોનેશિયાની સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ હતી. સોફિયા વેલિક ઉપરાંત, બોલિંગ આક્રમણમાં વેસિકા રત્ના દેવી, પુત્રી સુવાનદેવી અને સાંગ મૈપ્રિયાની જેવી ખેલાડીઓનો સમાવેશ થાય છે, જેમણે અંડર-૧૯ મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૩ માં પોતાની છાપ છોડી હતી.ઈન્ડોનેશિયાની ટીમમાં દેસી વુલંદારી, લી કિયાઓ અને ની કાડેક અરિયાનીનો સમાવેશ થાય છે, જેઓ અંડર-૧૯ વર્લ્ડ કપ અભિયાનનો ભાગ હતા. ટીમ હવે ૩૧ ઓગસ્ટે બાંગ્લાદેશ સામે તેના ઐતિહાસિક એશિયા કપ અભિયાનની શરૂઆત કરશે. ત્યારબાદ ૨ સપ્ટેમ્બરે શ્રીલંકા અને ૪ સપ્ટેમ્બરે યુએઈ સામે મેચ રમશે.એસીસી મહિલા એશિયા કપ માટે ઈન્ડોનેશિયાની ટીમઃ નંદા સકારિની (કેપ્ટન), કાડેક વિન્ડા પ્રિસ્ટિની, રહમાવતી પેંગેસ્તુતી, વેસિકા રત્ના દેવી, રાદા રાની, દેસી વુલંદારી, પુત્રી સુવાનદેવી, કિસી સલિસા કાસે, સાંગ મૈપ્રિયાની, ની કાડેક અરિયાની, ડેર્ની બાંગી, દારા અગુંગ લક્ષ્મી, લી કિયાઓ, મારિયા કોરાઝોન વોમ્બાકી અને સોફિયા વેલિક.

# BCCIની AGM ૧૮ સપ્ટેમ્બરે મુંબઈમાં: IPL ચેરમેન સહિત ૨ પદો માટે ચૂંટણી, આંદામાન ક્રિકેટના સભ્યપદ પર નિર્ણય

## ચૂંટણી માટે પ્રતિનિધિઓના નામ મોકલવાની ૩૧ ઓગસ્ટ છેલ્લી તારીખ: ૧૧ સપ્ટેમ્બરે ઉમેદવારોની યાદી જાહેર થશે, લોકપાલ અને એથિક્સ ઓફિસરની નિમણૂક પણ એજન્ડામાં

મુંબઈ,

મુંબઈમાં BCCIની વાર્ષિક સામાન્ય બેઠક (AGM) આગામી ૧૮ સપ્ટેમ્બરે યોજાશે. BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ જણાવ્યું છે કે બેઠક દરમિયાન IPL કાઉન્સિલના બે પદો માટે ચૂંટણી યોજવામાં આવશે. તેમાં એક મહત્વનું પદ IPL ચેરમેનનું છે. હાલમાં અરુણ ધૂમલ IPLના ચેરમેન તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે.

BCCIના ચૂંટણી અધિકારી એ.કે. જ્યોતિએ મંગળવારે ચૂંટણી અંગેની નોટિસ જાહેર કરી છે. નોટિસ મુજબ BCCIના પૂર્ણ સભ્યો તેમના પ્રતિનિધિઓના નામ ઈલેક્શન લિસ્ટમાં સામેલ કરાવવા માટે અરજી કરી શકશે. આ માટે ૩૧ ઓગસ્ટ અરજી કરવાની અંતિમ તારીખ નક્કી કરવામાં આવી છે. જ્યારે મતદાન માટે ઉમેદવારોના નામ ૧૧ સપ્ટેમ્બરે જાહેર કરવામાં આવશે.

છથ્સ્ના એજન્ડામાં આંદામાન-નિકોબાર ક્રિકેટ



સંઘને BCCIનું એસોસિયેટ સભ્યપદ આપવાનો પ્રસ્તાવ પણ સામેલ કરવામાં આવ્યો છે. આ મુદ્દે BCCIની એપેક્સ કાઉન્સિલની જૂનમાં યોજાયેલી બેઠકમાં પણ ચર્ચા થઈ હતી.

આ ઉપરાંત છથ્સ્માં BCCI લોકપાલ અને એથિક્સ ઓફિસરની નિમણૂક અંગે પણ નિર્ણય લેવામાં આવશે. BCCIના એસોસિયેટ સભ્યને મતદાનનો અધિકાર હોતો નથી, જ્યારે પૂર્ણ સભ્યોને ચૂંટણી પ્રક્રિયામાં મત આપવાનો અધિકાર હોય છે.

# મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે સમયસર મદદ ખૂબ જ મહત્વપૂર્ણ : સોમી

મુંબઈ,

સોમી, જે છેલ્લા ૨૦ વર્ષથી મહિલાઓ સાથે કામ કરી રહી છે, તેણે મહિલાઓને હિંસા અને અસુરક્ષામાંથી પસાર થતી જોઈ છે. તેણી માને છે કે સાચી સમાનતા ફક્ત વાતો કરવાથી નહીં, પરંતુ સિસ્ટમ અને વિચારસરણીમાં પરિવર્તનથી આવશે.

સોમી કહે છે, 'આપણે વધુ બોલી રહ્યા છીએ, અને તે જરૂરી છે. ભૂતકાળમાં, મૌન સામાન્ય હતું, અને મૌન દુર્વ્યવહાર કરનારાઓને સુરક્ષિત રાખતું હતું. પરંતુ બોલવું અને પરિવર્તન એક જ વસ્તુ નથી.વાસ્તવિક પરિવર્તન કોર્ટમાં, પોલીસના પ્રતિભાવમાં, પરિવારોની માનસિકતામાં અને શું સ્ત્રી પોતાનું આખું જીવન બરબાદ કર્યા વિના સંબંધમાંથી બહાર નીકળી શકે છે તે જોવા મળશે.'

સોમીના મતે, મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે સમયસર મદદ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેણી કહે છે, 'જ્યારે કોઈ સ્ત્રી જોખમમાં હોય છે, ત્યારે સિસ્ટમ ખૂબ જ ધીમે ધીમે આગળ વધે છે. સુરક્ષા આદેશ મેળવવામાં સમય લાગે છે. આશ્રયસ્થાનોમાં કોઈ જગ્યા નથી.' જ્યારે સ્ત્રી ભયમાં જીવતી રહે છે ત્યારે કાનૂની પ્રક્રિયા ચાલુ રહે છે.

જો હું ફક્ત એક જ વસ્તુ બદલી શકું, તો તે એ છે કે જે મહિલાઓ ખરેખર જોખમમાં છે તેમને શક્ય તેટલી ઝડપથી સલામત સ્થળે લઈ જવામાં આવે. જ્યારે આજે રાત્રે પણ કોઈ સુરક્ષિત નથી, ત્યારે બાકીનું બધું પાછળ રહી જાય છે.

'સ્ત્રીને સૌથી વધુ જેની જરૂર છે તે છે ફરીથી પોતાના અવાજ પર વિશ્વાસ કરવાનું શીખવું. પૈસા મદદ કરે છે. શિક્ષણ દરવાજા ખોલે છે. કાનૂની મદદ જીવન બચાવી શકે છે. પરંતુ મેં એવી સ્ત્રીઓ પણ જોઈ છે જેમની પાસે ત્રણેય હતી અને તેઓ હજુ પણ ભય, શરમ અથવા મંજૂરીની જરૂરિયાત દ્વારા કેદ અનુભવતી હતી.'મેં એવી સ્ત્રીઓ પણ જોઈ છે જેમની પાસે લગભગ કંઈ નહોતું, પરંતુ તેઓએ સ્વતંત્રતા પ્રાપ્ત કરી કારણ કે તેઓ આખરે માનતા હતા કે તેઓ સલામતી અને આદરને પાત્ર છે. સૌથી ઊંડું કામ આપણી અંદર જ થાય છે.સોમી સમાનતા વિશે બીજો એક મહત્વપૂર્ણ મુદ્દો ઉઠાવે છે. તેમના મતે, મહિલા સમાનતાનો અર્થ એ નથી કે દરેક પરિસ્થિતિમાં સ્ત્રીઓ સાચી અને પુરુષો ખોટા હોય તેવું માની લેવું.'મેં સ્ત્રીઓને મદદ કરતી વખતે હજારો મહિલાઓ સાથે કામ કર્યું છે. મને સૌથી વધુ ચિંતા એ છે કે સમાનતાનો અર્થ ઘણીવાર એ રીતે કરવામાં આવે છે કે સ્ત્રીઓ હંમેશા પીડિત હોય છે અને પુરુષો હંમેશા સમસ્યા હોય છે. આપણે માણસ છીએ અને આપણી અંદર ઘણા સ્તરો છે. કોઈ પણ સંપૂર્ણપણે સારું કે સંપૂર્ણપણે ખરાબ નથી.સાચી સમાનતા સરળ નથી. જો આપણે ફક્ત સ્ત્રીઓને પીડિત અને પુરુષોને જુલમી તરીકે વિચારીએ, તો આપણે સત્ય જોવાનું બંધ કરી દઈશું. હું ઘણી બધી તૂટેલી સ્ત્રીઓ સાથે બેઠી છું કે હું તેમના દુર્વ્યવહારના સત્યને ક્યારેય નકારી શકતી નથી.

# વિવિધ ફોર્મેટમાં અનુકૂલન એ રમતનો વાસ્તવિક પડકાર અને મજા : ઈશાન કિશન

નવીદિલ્હી,

ઈશાન કિશનની કેપ્ટનશીપ હેઠળ, પૂર્વ ઝોનની ટીમ દુલીપ ટ્રોફી ૨૦૨૬ ની સેમિફાઈનલમાં પહોંચી. ઈશાન કિશનએ તેની ૬૫મી ફર્સ્ટ-ક્લાસ મેચમાં પૂર્વ નોર્થ ઈસ્ટ ઝોન સામે મોટી જીત મેળવી. પૂર્વે નોર્થ ઈસ્ટને એક ઈનિંગ્સ અને ૨૧૦ રનના મોટા માર્જિનથી હરાવ્યું. તેણે અગાઉ નવેમ્બર ૨૦૨૫ માં બરોડા સામે રણજી ટ્રોફીમાં તેની ૬૪મી ફર્સ્ટ-ક્લાસ મેચ રમી હતી. ત્યારથી, તેણે ૫૯ મેચ રમી છે, જેમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો સમાવેશ થાય છે.



સફેદ બોલ ક્રિકેટમાં મોટાભાગની મેચ રમી ચૂકેલા ઈશાન કિશનને લાલ બોલ ક્રિકેટમાં સંક્રમણ કરવું થોડું મુશ્કેલ લાગ્યું. બેંગલુરુમાં દુલીપ ટ્રોફી દરમિયાન, તેણે સમજાવ્યું કે ખેલાડીઓ માટે એક ફોર્મેટમાંથી બીજા ફોર્મેટમાં ઝડપથી સંક્રમણ કરવું સરળ નથી. જ્યારે તમે સફેદ બોલથી લાલ બોલ ક્રિકેટમાં સ્વિચ કરો છો, ત્યારે રમતની શૈલી અને પરિસ્થિતિઓ સંપૂર્ણપણે બદલાઈ જાય છે. પરંતુ ઈશાન માને છે કે વિવિધ ફોર્મેટમાં અનુકૂલન એ રમતનો વાસ્તવિક પડકાર અને મજા છે.

ડાબા હાથના બેટ્સમેનએ વધુમાં કહ્યું કે તમારે સમજવું પડશે કે ખેલાડી તરીકે જીવન ખૂબ મુશ્કેલ હોઈ શકે છે. બહારથી, તે ખૂબ જ સરળ લાગે છે. એવું લાગે છે કે કોઈ ખેલાડી મેદાન પર આવે છે, મેચ રમે છે અને છોડી દે છે. પરંતુ વાસ્તવિકતા એવી નથી. ખેલાડીઓ જ્યાં પણ જાય છે, તેમના મનમાં હંમેશા ઘણી બધી વાતો ચાલતી રહે છે. ઈશાન કિશન અત્યાર સુધી ભારત માટે ૩૨ વનડે અને ૫૫ ટી ૨૦ મેચ રમી ચૂક્યો છે, અને તેણે આઈપીએલમાં ૧૩૪ મેચ પણ રમી છે. ટેસ્ટ ક્રિકેટની વાત કરીએ તો, તેણે ભારત માટે ફક્ત બે ટેસ્ટ મેચ રમી છે.

# નૂપુર સેનન બહેન ક્રિતીના સમર્થનમાં: જાહેરાત વિવાદમાં ટ્રોલર્સને આપ્યો જવાબ

મુંબઈ,

અભિનેત્રી ક્રિતી સેનનની જ્વેલરી જાહેરાતને લઈને ચાલી રહેલા વિવાદમાં હવે તેની બહેન નૂપુર સેનન પણ તેના સમર્થનમાં આવી છે. રક્ષાબંધન થીમ આધારિત આ જાહેરાતમાં ક્રિતીના કપડાં અને પેટ ડોગને રાખડી બાંધવાના દૃશ્યને લઈને સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ વાંધો ઉઠાવ્યો હતો.

ક્રિતીના જવાબ બાદ નૂપુરે તેની પોસ્ટ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કરી ટ્રોલર્સને જવાબ આપ્યો. નૂપુરે કહ્યું કે ક્રિતી તેને જ રાખડી બાંધે છે અને જ્યારે તેને બહેનના પહેરવેશ સામે કોઈ વાંધો નથી, તો અન્ય લોકોને શા માટે સમસ્યા થઈ રહી છે.

નૂપુરે લોકોને પોતાની વિચારસરણી બદલવાની સલાહ આપતાં કહ્યું કે કોઈ મહિલા શું પહેરે છે તે મુદ્દે આટલી પરેશાની ન થવી જોઈએ. જાહેરાતને લઈને કેટલાક લોકોએ તહેવારના ખોટા નિરૂપણ અને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના આક્ષેપો પણ કર્યા હતા.



જાહેરાતમાં ક્રિતી કેપ સાથે બ્રાલેટ સ્ટાઈલ બ્લાઉઝ અને ડ્રેપ્ડ સ્કર્ટમાં જોવા મળે છે. વીડિયો સામે આવ્યા બાદ તેના પહેરવેશને લઈને સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ હતી.

# મહિલાઓને ફિલ્મોમાં વધુ સારી અને આદરણીય ભૂમિકાઓ મળવી જોઈએ : સુનિતા રાજવાર

મુંબઈ,

વેબ શ્રેણી "પંચાયત" અને "ગુલક" ફેમ અભિનેત્રી સુનિતા રાજવાર માને છે કે ફિલ્મ ઉદ્યોગમાં પરિવર્તન આવ્યું છે, પરંતુ મહિલાઓની ભૂમિકાઓ અંગે હજુ પણ ઘણું બદલાવાનું બાકી છે. સુનિતાએ કહ્યું, "જુઓ, મહિલાઓની ભૂમિકાઓમાં ચોક્કસપણે પરિવર્તન આવ્યું છે. તેમાં કોઈ શંકા નથી. પરિસ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે. "મર્દાની," "પિંક," અને "કહાની" જેવી ફિલ્મો બની છે, જેમાં મહિલાઓએ મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમનો ઉપયોગ ફક્ત ઉત્પાદન તરીકે થતો નથી. આ એક સારો ફેરફાર છે. પરંતુ મહિલાઓને ફિલ્મોમાં હજુ પણ વધુ



સારી અને આદરણીય ભૂમિકાઓ મળવી જોઈએ.

તેણી આગળ કહે છે, "કેટલીક ફિલ્મો થોડી સારી બનાવવી જોઈએ. વાર્તામાં આદરણીય ભૂમિકા હોવી જોઈએ. કોઈ પણ અનાવશ્યક ગીતો, આઈટમ ગીતો અને થોડા દ્રશ્યો ન હોવા જોઈએ." વાર્તામાં મહિલાઓની પણ સારી ભૂમિકા હોવી જોઈએ."ઉદ્યોગમાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે સુનિતા કહે છે, "સત્ય એ છે કે જ્યારે કોઈપણ અભિનેતા મૂળભૂત બાબતોથી શરૂઆત કરે છે, ત્યારે તેને તે બધું મળતું નથી જે એક મોટા અથવા લોકપ્રિય અભિનેતાને મળે છે. જ્યારે તમે થોડા મોટા અથવા લોકપ્રિય બનો છો, ત્યારે તમને તે બધી વસ્તુઓ મળવા લાગે છે. મારી સાથે પણ આવું જ થયું છે."

હજુ પણ ઘણી બધી વસ્તુઓ છે જે આપણને મળતી નથી, પરંતુ જેમ જેમ આપણે મોટા થઈશું, તેમ તેમ આપણને તે મળવાનું શરૂ થશે. આ ફક્ત સ્ત્રીની વાત નથી. એક નવો પુરુષ અભિનેતા પણ આ બધું નહીં મેળવે. તમને બધું જ ત્યારે મળે છે જ્યારે તમે ચોક્કસ સ્તરે પહોંચો છો. મહિલાઓના સન્માન અને વેતન પર, સુનિતા કહે છે, 'પુરુષોને જે માન મળે છે, તેમને જે પગાર અથવા વેતન મળે છે, તે સમાન હોવું જોઈએ. પરંતુ જો તેમની પાસે બજાર હોય, તો તેમને તે મળે છે.'

'ઉદાહરણ તરીકે, મેં સાંભળ્યું છે કે શ્રીદેવીજી પુરુષો કરતાં, છોકરાઓ કરતાં વધુ મેળવતા હતા. તેથી, મને લાગે છે કે બધું તમે ક્યાં છો તેના પર નિર્ભર છે. મહિલાઓની સમાનતા અંગે સુનિતા કહે છે, "મને લાગે છે કે મહિલાઓએ પોતાને લાચાર માનવાનું બંધ કરવું પડશે. આપણે સમાજ બનાવીએ છીએ, નહીં? મહિલાઓએ પોતાને સક્ષમ તરીકે જોવું પડશે અને પોતાનો દૃષ્ટિકોણ બદલવો પડશે."તેણીના શરૂઆતના દિવસોનું ઉદાહરણ આપતાં, તે કહે છે, "જ્યારે હું નાની ભૂમિકાઓ ભજવતી હતી.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ | વિ | ક | ત્રિ | ન | ધી | આ | ણિ | ત્રિ | હા | ગ | અ |
| ન | ધ | ભો | કો | ર | ર | મા | દ | ન | વે | આ | ધ |
| અ | લી | જ્ઞા | ધો | કે | જ | ર | કા | ખ | ભો | ણી | હિ |
| ર | ળ | દુ | ર | સ | સ | પ્ર | ભો | ક | સ | બા | ર |
| કા | વિ | ક્ષ | ણ | રી | ચી | બા | દ | ઉ | ર | કા | ણિ |
| ધા | બ | પ્ર | વિ | અ | બા | બ | ઊ | ચી | વા | એ | નિ |
| ત | અં | મા | કા | ક | દ | કા | સ | ગ | અં | વે | જ્ઞા |
| ડી | ગી | રા | ન | બો | ક | દુ | લા | હા | દ | ત | ગ |
| પ્ર | ર | સ | શિ | ણા | નિ | ર | ધ | ન | ન | વિ | ણ |
| ણ | ક | ઐ | વિ | યા | લા | વ | ઐ | ર | અ | જ | પ્ર |
| પ્ર | કા | ર | કા | દ | ર | ક્ષ | અ | ર | ઓ | સ | અ |
| ન | ધ | પ્રા | ણ | ઇ | તી | ણે | ઓ | વિ | વ | પ્ર | ર |

શબ્દ શોધો: ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# સલમાન ખાનની મુશ્કેલીઓ વધી, ચંદીગઢ જિલ્લા કોર્ટે છેતરપિંડીના કેસમાં નોટિસ ફટકારી



મુંબઈ,

બોલીવુડ અભિનેતા સલમાન ખાનની મુશ્કેલીઓ વધી શકે છે. ચંદીગઢ જિલ્લા કોર્ટે અભિનેતા સલમાન ખાન, તેની બહેન અલવીરા ખાન અગ્નિહોત્રી અને 'બીઈંગ હ્યુમન ફાઉન્ડેશન' અને 'સ્ટાઈલ ક્વોશિયન્ટ જ્વેલરી પ્રાઈવેટ લિમિટેડ'ના ડિરેક્ટરોને નોટિસ ફટકારી છે. મણિમજરામાં પ્રસ્તાવિત 'બીઈંગ હ્યુમન જ્વેલરી શોરૂમ' સંબંધિત છેતરપિંડીની ફરિયાદના સંદર્ભમાં આ નોટિસ જારી કરવામાં આવી છે.

ફિલ્મ નિર્માતા અમિત જાનીએ સલમાન ખાન સાથે સંકળાયેલા કેસમાં સુપ્રીમ કોર્ટમાં અરજી કરી, 'કાલા હિરણ'ના ટીઝર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

આ કેસમાં અરુણ ગુપ્તા વિરુદ્ધ સ્ટાઈલ ક્વોશન્ટ જ્વેલરી પ્રાઈવેટ લિમિટેડ હેઠળ નોંધાયેલ છે. આ ફરિયાદ મણિમજરા ઉદ્યોગપતિ અરુણ ગુપ્તા દ્વારા દાખલ કરવામાં આવી હતી. કોર્ટે તમામ પક્ષકારોને ૫ ઓક્ટોબરે હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે.

કોર્ટની નોટિસ અનુસાર, સલમાન ખાન, તેની બહેન અલવીરા ખાન અગ્નિહોત્રી, બીઈંગ હ્યુમન ફાઉન્ડેશન, સ્ટાઈલ ક્વોશન્ટ જ્વેલરી પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર સંતોષ શ્રીવાસ્તવ અને પ્રસાદ બિંદુ માધવ કાપડેને કોર્ટમાં હાજર રહેવું પડશે.

નોટિસમાં જણાવાયું છે કે ફરિયાદીએ તમારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, અને તેથી,બીએનએસએસની કલમ ૨૨૩ હેઠળ પ્રી-ટ્રાયલ સ્ટેજ પર આ નોટિસ જારી કરવામાં આવી રહી છે.

# ઉર્વશી રૌતેલાએ અશોક ચક્ર ડિઝાઈન સાથે ત્રિરંગાથી પ્રેરિત ગાઉન પહેરતા વિવાદ

મુંબઈ,

ઉર્વશી રૌતેલા તેના નિવેદનો તેમજ તેના દેખાવ માટે હેડલાઈન્સમાં રહે છે. ઉર્વશી ઘણીવાર સોશિયલ મીડિયા પર એવા દાવા કરે છે જેના પર સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ પ્રતિક્રિયા આપ્યા વિના રહી શકતા નથી. ઉર્વશી રૌતેલા ફરી એકવાર હેડલાઈન્સમાં છે, પરંતુ આ વખતે તેની એક સોશિયલ મીડિયા પોસ્ટ માટે નહીં, પરંતુ તેના ડ્રેસ માટે. તાજેતરમાં, ઉર્વશી રૌતેલા જયપુરમાં યોજાયેલા મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૬ સ્પર્ધામાં જજ તરીકે હાજરી આપી હતી, જ્યાં તેણીએ એક ગાઉન પહેર્યો હતો જેનાથી વિવાદ થયો હતો. ઉર્વશીએ મધ્યમાં અશોક ચક્ર ડિઝાઈન સાથે ત્રિરંગાથી પ્રેરિત ડ્રેસ પહેર્યો હતો. હવે, આ ડ્રેસથી વિવાદ થયો છે.



ઉર્વશી રૌતેલા જયપુરમાં યોજાયેલા મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૬ સ્પર્ધામાં જજ તરીકે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં, તેણીએ ત્રિરંગાથી પ્રેરિત ડ્રેસ, કેસરી, સફેદ અને લીલા રંગની યોજના અને અશોક ચક્રથી પ્રેરિત ડિઝાઈન પહેરી હતી. ઉર્વશીનો ડ્રેસ જોયા પછી, સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ ગુસ્સે થયા અને તેણીને નિશાન બનાવવા લાગ્યા. ઘણા લોકોએ પ્રશ્ન કર્યો કે તે ત્રિરંગાથી પ્રેરિત ડ્રેસ કેવી રીતે પહેરી શકે. ઘણાએ તેને ત્રિરંગાનું અપમાન ગણાવ્યું, જ્યારે અન્ય લોકોએ તેણીને સ્પષ્ટપણે કહ્યું કે આ રીતે ત્રિરંગાને લપેટવું અથવા ઢાંકવું સ્વીકાર્ય રહેશે નહીં.

# પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે રાજકોટ-દ્વારકા સ્ટેશનોનું કર્યું નિરીક્ષણ

## મુસાફરોની સુવિધા, સ્વચ્છતા, સુરક્ષા અને સંચાલન વ્યવસ્થાઓની સમીક્ષા કરી રૂ. ૨૮.૭૧ કરોડના ખર્ચે પુનઃવિકસિત રાજકોટ ગુડ્સ શેડનું લોકાર્પણ



જામનગર :, પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેએ રાજકોટ અને દ્વારકા સ્ટેશનોનું નિરીક્ષણ કરીને મુસાફર સુવિધાઓ, સ્વચ્છતા, સુરક્ષા અને સંચાલન વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. આ દરમિયાન તેમણે રાજકોટમાં રૂ. ૨૮.૭૧ કરોડના ખર્ચે પુનઃવિકસિત રાજકોટ ગુડ્સ શેડના કાર્યોનું લોકાર્પણ પણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના, સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીના, સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (કો-ઓર્ડિનેશન) નરેન્દ્રસિંહ સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ રેલવે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ ગુડ્સ શેડમાં આધુનિક આરસીસી પ્લેટફોર્મ અને રોડ કનેક્ટિવિટી સુવિધા, નવું બે માળનું ગુડ્સ ઓફિસ બિલ્ડિંગ, મજબૂત સુરક્ષા અને લાઈટિંગ સિસ્ટમ, સારી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, લોડિંગ-અનલોડિંગની સરળતા તેમજ ત્રણ રેલ ટ્રેકને પૂર્ણ રેક લંબાઈ સુધી લંબાવવા જેવી અદ્યતન સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ સુવિધાઓથી ગુડ્સ શેડની કામગીરી અને માલ સંચાલન ક્ષમતામાં વધારો થશે તેમજ વેપાર અને ઉદ્યોગ જગતને વધુ સારી અને સરળ લોજિસ્ટિક્સ સુવિધાઓ મળશે.

આ પ્રસંગે જનરલ મેનેજર રામાશ્રય પાંડે, ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના અને અન્ય વરિષ્ઠ રેલવે અધિકારીઓએ નવ-પુનઃવિકસિત રાજકોટ ગુડ્સ શેડ પરિસરમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ પહેલ દ્વારા રેલવે પરિસરમાં ગ્રીન કવર વધારવા અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

જનરલ મેનેજરે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજકોટ સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ કાર્યોનું વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. તેમણે રુખડિયા કોલોની તરફ નિર્માણાધીન સ્ટેશનના બીજા એન્ટ્રી ગેટ, તમામ પ્લેટફોર્મ, કેટરિંગ સ્ટોલ, એસી અને સ્લીપર ક્લાસ વેઈટિંગ રૂમ, બુકિંગ ઓફિસ, ક્રૂ લોબી, પાર્સલ ઓફિસ અને દિવ્યાંગજનો માટે ઉપલબ્ધ સુવિધાઓની સમીક્ષા કરી હતી.

તેમણે સ્ટેશન પર પ્રસ્તાવિત ૧૨ મીટર પહોળા નવા ફૂટ ઓવર બ્રિજ સહિત અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ચાલી રહેલા તમામ વિકાસ કાર્યોને નિર્ધારિત ગુણવત્તા અને ધોરણો અનુસાર ઝડપથી પૂર્ણ કરવાના નિર્દેશ આપ્યા હતા. તેમણે મુસાફરોની સુવિધા, બહેતર સ્ટેશન મેનેજમેન્ટ અને સુચારુ રેલ સંચાલન સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

જનરલ મેનેજરે રાજકોટ સ્થિત રેલવે લોકો કોલોનીનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારો સાથે સંવાદ કરીને રેલવે આવાસમાં ઉપલબ્ધ સુવિધાઓની માહિતી મેળવી હતી અને રહેણાંક સુવિધાઓને વધુ બહેતર બનાવવા અંગે તેમના સૂચનો લીધા હતા. તેમણે સંબંધિત અધિકારીઓને કર્મચારીઓના કલ્યાણ અને રહેણાંક સુવિધાઓને લગતા જરૂરી કાર્યોને પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરવા નિર્દેશ આપ્યા હતા.

જનરલ મેનેજર પાંડેએ દ્વારકા સ્ટેશનનું પણ નિરીક્ષણ કર્યું હતું અને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમણે ફૂટ ઓવર બ્રિજ, લિફ્ટ, પ્લેટફોર્મ, વેઈટિંગ રૂમ, કેટરિંગ સ્ટોલ, એક્ઝિક્યુટિવ લાઉન્જ અને સર્ક્યુલેટિંગ એરિયાનું નિરીક્ષણ કરીને ઉપલબ્ધ મુસાફર સુવિધાઓ અને વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. તેમણે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ચાલી રહેલા કાર્યોને નિર્ધારિત ગુણવત્તા અને ધોરણો અનુસાર સમયમર્યાદામાં પૂર્ણ કરવા નિર્દેશ આપ્યા હતા. આ સાથે જ સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા અને સુરક્ષાના ધોરણોને અસરકારક રીતે જાળવી રાખવા, મુસાફર સુવિધાઓને વધુ મજબૂત કરવા અને રેલ સંચાલનને વધુ સુરક્ષિત, સુચારુ અને અસરકારક બનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

# ભાટીયામાં ઈદે મિલાદના દિને જુલુસ



તસવીર : અમિત કાનાણી

ભાટીયા: દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાટીયા ગામમાં ઈદે મિલાદના પવિત્ર અવસરે મુસ્લિમ સમાજ દ્વારા જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ધાર્મિક સૌહાર્દ અને કોમી એકતાનું સુંદર દૃશ્ય જોવા મળ્યું હતું. મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો તેમજ ગામના વિવિધ સમાજના આગેવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને એકતા અને ભાઈચારાનો સંદેશ આપ્યો હતો.

જુલૂસનો પ્રારંભ ભાટીયા રેલવે સ્ટેશનથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ જુલૂસ ગામની મુખ્ય બજારો અને પોલીસ ચોકી ચોક સહિતના મુખ્ય માર્ગો પરથી પસાર થયો હતો. સમગ્ર માર્ગ દરમિયાન ધાર્મિક નારા અને ભાઈચારાના સંદેશ સાથે શાંતિપૂર્ણ વાતાવરણમાં શોભાયાત્રા યોજાઈ હતી. અંતે જુલૂસ મસ્જિદ ખાતે પહોંચી પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખના પતિ અને આહીર અગ્રણી બાબુભાઈ ગોજીયા, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ હિતેશભાઈ ભોગાયતા, ઉપપ્રમુખ સંજયભાઈ આરંભડીયા, રાઘવભાઈ ચાવડા, સેવા સહકારી મંડળીના મંત્રી ઉકાભાઈ કણજારીયા સહિતના આગેવાનો શોભાયાત્રામાં જોડાયા હતા. તેમણે મુસ્લિમ સમાજના આગેવાનો અને બિરાદરોનું પુષ્પહાર પહેરાવી સ્વાગત અને સન્માન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન હિન્દુ અને મુસ્લિમ સમાજના લોકો એક મંચ પર આવીને પરસ્પર શુભેચ્છાઓ પાઠવતા ભાઈચારો અને સામાજિક એકતાનો સુંદર સંદેશ આપ્યો હતો. ભાટીયા ગામમાં યોજાયેલી ઈદે મિલાદની આ ઉજવણી સૌહાર્દ, પરસ્પર સન્માન અને સામાજિક સમરસતાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહી હતી.

### ખેડૂતએ વહેલી તકે નોંધણી કરાવવા જિલ્લા વહીવટી તંત્રનો અનુરોધ

# જામનગર જિલ્લામાં ૧.૪૪ લાખથી વધુ લાભાર્થી ખેડૂતોએ કરાવ્યું ફાર્મર રજીસ્ટ્રેશન

જામનગર : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશના દરેક ખેડૂતને હવે એક આગવી ઓળખ મળી રહે એ વિશેષ પહેલના ભાગરૂપે ગુજરાતમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના લેંડ રેકર્ડને યુનિક આઈ.ડી સાથે લીક કરવા માટે ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરવામાં આવી છે.

ગુજરાતમાં પી.એમ. કિસાન યોજનાના ૬૬ લાખ જેટલા ખેડૂત લાભાર્થીઓની ફાર્મર રજીસ્ટ્રી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક મુકાયો છે ત્યારે જામનગર જિલ્લામાં અત્યાર સુધી ૧,૪૪,૫૫૨ થી વધુ લાભાર્થી ખેડૂતોએ સફળતાપૂર્વક રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જિલ્લાના બાકી રહેતા તમામ ખેડૂતમિત્રોએ વહેલી તકે નોંધણી કરાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર તરફથી અનુરોધ કરાયો છે.

ફાર્મર રજીસ્ટ્રી હેઠળ દરેક ખેડૂતને આધાર આઈ.ડી.ની જેમ એક ૧૧ ડિજિટનો યુનિક ફાર્મર આઈ.ડી આપવામાં આવશે, જેમાં ખેડૂતોની જમીન સહિતની વિવિધ વિગતો ઉપલબ્ધ રહેશે. આ આઈ.ડી.ના માધ્યમથી ખેડૂતોને રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ હિતલક્ષી યોજનાઓનો લાભ સરળતાથી તથા પારદર્શકતાપૂર્વક અને સમયસર મળી રહેશે. ખેડૂતોને પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, પી.એમ કિસાન સન્માન નિધિ, લઘુત્તમ ટેકાના ભાવ, નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ જેવા લાભ એક પ્લેટફોર્મ પર મળી રહેશે. ભારત સરકારે પીએમ કિસાન યોજનાના રૂ. ૨૦૦૦ના આગામી ડિસેમ્બર મહિનાના હપ્તા માટે ખેડૂત આઈડીની નોંધણી ફરજિયાત કરી છે.

જામનગર જિલ્લાના ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયત કચેરીએ વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રીન્યોર(વીસીઈ) તથા કોમન સર્વિસ સેન્ટર (સી.એસ.સી)નો સંપર્ક કરીને રજીસ્ટ્રેશન કરાવી શકે છે.આ ઉપરાંત ખેડૂતો પોતાની જાતે સેલ્ફ રજીસ્ટ્રેશન થકી પણ ખેડૂત નોંધણી કરી શકે છે.

આ માટે ખેડૂત મિત્રો ગૂગલ પ્લે સ્ટોરમાંથી એપ્લિકેશન ડાઉનલોડ કરીને પણ નોંધણી કરાવી શકે છે જેની લિંક https://play.google.com/stroe/apps/details?id=com.agristack.gj.farmerregistry છે. આ સાથે ખેડૂત મિત્રો https://gjfr.agristack.gov.in/ લિંક મારફત પણ સેલ્ફ રજીસ્ટ્રેશન કરાવી શકે છે. આ અંગે વધુ માહિતી માટે ખેડૂત મિત્રો યુટ્યુબની લીક એ.be/sg4oFzcgNY0 મારફત માહિતી પણ મેળવી શકે છે.

જિલ્લાના ખેડૂત નરેન્દ્રભાઈ વાડોલીયા અને અન્ય ખેડૂત મિત્રોએ પણ રજિસ્ટ્રેશન કરાવ્યું છે સાથે જ તમામ ખેડૂતોને 'ફાર્મર રજિસ્ટ્રેશન' કરાવી લેવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે, આ રજિસ્ટ્રેશન થકી પી.એમ. કિસાન નિધિ, ટેકાના ભાવે પાકનું વેચાણ, વિવિધ કૃષિ યોજનાઓ અને સબસિડીના લાભો ખૂબ જ સરળતાથી મળી રહે છે. આ ઉપરાંત, જમીનનો તમામ રેકોર્ડ પણ ડિજિટલ થઈ જાય છે.

# રણજીતસિંહ સંસ્કૃત્ત પાઠશાળામાં યજ્ઞોપવિતનો કાર્યક્રમ યોજાયો



તસવીર: સુનિલ ચુડાસમા

છોટીકાશી જામનગરમાં આવેલ કાશી વિશ્વનાથ રોડ પર આવેલ રણજીતસિંહ સંસ્કૃત્ત પાઠશાળા ખાતે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા નૂતન યજ્ઞોપવિત (જનોઈ) ધારણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શાસ્ત્રોક્તવિધિથી પૂજન સાથે મોટી સંખ્યામાં બ્રાહ્મણોએ યજ્ઞોપવિત ધારણ કર્યું હતું.

# અલિયાબાડા દ.ગો.શિક્ષણ મહાવિદ્યાલયમાં સંસ્કૃત કક્ષાનું ઉદ્ઘાટન અને પ્રવેશોત્સવ





જામનગર : દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડા ખાતે આજે સંસ્કૃત ભાષાના પ્રચાર અને નવા વિદ્યાર્થીઓના સ્વાગત માટે "સંસ્કૃત કક્ષ ઉદ્ઘાટન" અને "પ્રવેશોત્સવ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમના મુખ્ય અતિથિ ડો.પંકજ ત્રિવેદી ઉપાધ્યક્ષ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરના હસ્તે દીપ પ્રાગટ્ય અને સંસ્કૃત કક્ષનું ઉદ્ઘાટન કર્યું હતું. ત્યાર બાદ તેમણે જણાવ્યું હતું કે સંસ્કૃત આપણી સંસ્કૃતિનો પાયો છે અને આવી કક્ષથી બાળકોમાં સંસ્કારનું સિંચન થશે.

આચાર્ય ડો.રૂપલબેન એસ. માંકડએ નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને કુમકુમ તિલક તથા પુસ્તક આપીને આવકારવા માં આવ્યા હતા.તેમજ તાલીમાર્થીઓએ સંસ્કૃત શ્લોકગાન, ભજન,નૃત્ય અને નાટિકા રજૂ કરી. કાર્યક્રમમાં આચાર્ય, મહાવિદ્યાલય સ્ટાફ પરિવાર, પ્રથમ અને દ્વિતિય વર્ષના તાલીમાર્થી ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દ્વિતીય વર્ષીય તાલીમાર્થી બંસીબેન તથા પ્રતીક્ષાબેનએ કર્યું હતું. ત્યારબાદ આભારવિધિ નડિયાપરા દિવ્યાબેન દ્વારા કરવામાં હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડો. પ્રશાંતભાઈ ચૌહાણ અને ડો. નિધિબેન અગ્રાવતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# દ્વારકાના સંકીર્તન મંદિરે હિંડોળા ઉત્સવ



દ્વારકા : દ્વારકાના અખંડ હરીનામ સંકીર્તન મંદિર (રામધૂન) ખાતે આજે હિંડોળા ઉત્સવના દર્શન મનોરથ યોજાઈ ગયેલ. આ પ્રસંગે મોરપંખથી શણગારવામાં આવેલ હિંડોળામાં શ્રી રામ જય રામ જય જય રામના વિજયમંત્રને સ્થાપિત કરેલ નામ મહારાજ, કાશ્મીરી બાબાની પ્રતિમા તથા રામધુનમાં સ્થાપિત પ્રણવ ઓમકારના સ્વરૂપને બિરાજમાન કરી વિશેષ આરતી કરવામાં આવેલ. સમગ્ર દર્શન મનોરથનો બહોળી સંખ્યામાં નામપ્રેમી ભકતોએ લાભલીધેલ. દર્શન મનોરથને સફળ બનાવવા માટે ધ્રુવભાઈ મીન, કીરીટભાઈ ઠાકર, રાજેશભાઈ વાયડા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# બેરાજા ગામની કીમતી જમીન મામલે ટ્રાયલ કોર્ટનો હુકમ યથાવત

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના બેરાજા ગામની અતિકીમતી જમીનને લગતા વિવાદમાં ટ્રાયલ કોર્ટે મનાઈ હુકમની અરજી નામંજૂર કરતાં કરેલા હુકમને જામનગરની જિલ્લા અને સેશન્સ કોર્ટે યથાવત રાખ્યો છે.

કેસની હકીકત મુજબ જતમલેક ફિરોઝભાઈ મામદભાઈએ નજમાબેન ઈસ્માઈલ સહિતના પ્રતિવાદીઓ સામે જામનગર કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. અરજદારે કાલાવડ તાલુકાના બેરાજા ગામની અતિકીમતી જમીન પોતાની માલિકીની હોવાનું તેમજ તેના પર પોતાનો કબજો અને ભોગવટો હોવાનું દર્શાવી મનાઈ હુકમની માંગણી કરી હતી. જોકે, ટ્રાયલ કોર્ટે મનાઈ હુકમની અરજી નામંજૂર કરી હતી. આ હુકમથી નારાજ થઈ જતમલેક ફિરોઝભાઈ મામદભાઈએ જામનગરની જિલ્લા કોર્ટમાં અપીલ દાખલ કરી મનાઈ હુકમ મેળવવા માટે માંગણી કરી હતી. જામનગરની જિલ્લા અને સેશન્સ કોર્ટે રિસ્પોન્ડન્ટ પક્ષના વકીલો દ્વારા કરવામાં આવેલી દલીલો તથા ટ્રાયલ કોર્ટના હુકમને ધ્યાને લઈ એપેલન્ટ જતમલેક ફિરોઝભાઈ મામદભાઈની અપીલ નામંજૂર કરી હતી અને ટ્રાયલ કોર્ટનો અગાઉનો હુકમ યથાવત રાખ્યો હતો. આ કેસમાં ટ્રાયલ કોર્ટ તેમજ એપેલેટ કોર્ટમાં મૂળ પ્રતિવાદી તરફથી વકીલ એસ.આર. કણજારિયા, જશવંતસિંહ એમ. પરમાર તથા રવિભાઈ એમ. ચોપડા રોકાયેલા હતા.

# જામનગર બ્લેક સ્ટોન ક્વોરી એસો.ની બેઠક યોજાઈ



જામનગર : જામનગર બ્લેક સ્ટોન ક્વોરી એસોસિએશનની એક મહત્વપૂર્ણ બેઠક તારીખ ૨૫/૮ના રોજ 'હોટલ સેલિબ્રેશન'ના બેન્ક્વેટ હોલ ખાતે પ્રમુખ મુન્નાભાઈ (મારુતિ સ્ટોન ક્રશર)ના અધ્યક્ષસ્થાને સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

આ બેઠકમાં સમગ્ર જામનગર જિલ્લામાંથી મોટી સંખ્યામાં બ્લેક સ્ટોન ક્વોરી અને ક્રશર માલિકો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. મિટિંગ દરમિયાન સ્ટોન ક્વોરી ઉદ્યોગને સ્પર્શતા વિવિધ ગંભીર મુદ્દાઓ પર વિગતવાર માહિતી શ્રી અખિલ પરમાર ધરતી સ્ટોન ક્રશર દ્વારા આપવામાં આવી હતી.

ક્વોરી માલિકોને વેપારમાં નડતી GST સંબંધિત જટિલતાઓ અને મુશ્કેલીઓ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. સ્ટોન ક્વોરી સંચાલનમાં રોજિંદા ધોરણે પડતી અન્ય વ્યવહારિક તકલીફો અને તેના શક્ય ઉકેલો પર વિચાર વિમર્શ કરાયો. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રો-મટિરિયલ તેમજ પ્રોડક્ટ્સના ભાવ અંગે યોગ્ય સમીક્ષા કરવામાં આવી.

મિટિંગનું સંચાલન ખૂબ જ હકારાત્મક અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં થયું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ સભ્યોએ સાથે મળીને ભોજન લીધું હતું. અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતા પ્રમુખ શ્રી મુન્નાભાઈએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં એસોસિએશન નિરંતર સમયાંતરે મળતું રહેશે અને ક્વોરી માલિકોની તમામ સમસ્યાઓ પ્રત્યે સતત સભાન રહીને તેના કાયમી નિરાકરણ અને પ્રશ્નોની યોગ્ય રજૂઆત માટે સક્રિય પ્રયત્નો ચાલુ રાખશે.

### હરિદ્વારમાં યોજાયેલી

# નેશનલ ગ્રેપલિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૬માં ડીએલએસએસ ધ્રોલની દીકરીઓનો ડંકો



ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : ઉત્તરાખંડના હરિદ્વાર સ્થિત રોશનાબાદના વંદના કટારિયા સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે તા. ૨૧ થી ૨૩ ઓગસ્ટ દરમિયાન આયોજિત 'નેશનલ ગ્રેપલિંગ (રેસલિંગ) ચેમ્પિયનશિપ-૨૦૨૬'માં ધ્રોળ સ્થિત શ્રી જી. એમ. પટેલ કન્યા વિદ્યાલય સંચાલિત ડ્ન્જીજી (ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ)ની ખેલાડીઓએ ઐતિહાસિક પ્રદર્શન કર્યું છે. ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતાં આ દીકરીઓએ રાષ્ટ્રીય સ્તરે શાનદાર રમત દાખવીને ૯ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૩ બ્રોન્ઝ સહિત કુલ ૧૮ નેશનલ મેડલ્સ પોતાના નામે કર્યા છે. સતત બે નેશનલ ચેમ્પિયનશિપમાં DLSS ધ્રોળની કુસ્તીબાજોએ મેડલ્સનો ઢગલો કરીને ધ્રોળ, જામનગર જિલ્લો તેમજ સમગ્ર રાજ્યનું નામ દેશભરમાં રોશન કર્યું છે. આ અભૂતપૂર્વ સફળતા પાછળ રેસલિંગ કોચ રાજપૂત રીતુ તેમજ ટ્રેનર વર્મા મનીષાના સઘન માર્ગદર્શન અને ખેલાડીઓની અથાક મહેનત રહેલી છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સંસ્થા પરિવાર, જિલ્લા રમત વિકાસ અધિકારી-જામનગર, DLSS સ્ટાફ અને વાલીઓએ વિજેતા ચેમ્પિયન દીકરીઓને અભિનંદન પાઠવી ઉજવણી કરી હતી.

# સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત ખંભાળિયામાં ગૌરવ યાત્રા યોજાઈ





ખંભાળિયા : રાજ્યવ્યાપી સંસ્કૃત સપ્તાહ મહોત્સવના અનુસંધાને દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામખંભાળિયા ખાતે રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ હતી. જામખંભાળિયાની જી.વી.જે. હાઈસ્કૂલ ખાતેથી રાજ્યસભાના સાંસદ જીતેન્દ્રભાઈ કણઝારિયા સહિતના મહાનુભાવો દ્વારા રેલીને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. આ રેલી નગર ગેટ - શારદા સિનેમા રોડ - જોધપુર ગેટ - નગર ગેટ થઈ જી.વી.જે. હાઈસ્કૂલ સુધી સંસ્કૃત ગાન અને સંસ્કૃત ગૌરવ સૂત્રોચાર સાથે યોજાઈ હતી.

આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ જીતેન્દ્રભાઈ કણઝારિયા કહ્યું કે,સંસ્કૃત માત્ર પ્રાચીન ભાષા જ નહીં, પરંતુ ભારતીય જ્ઞાનપરંપરા, વેદ-ઉપનિષદ, શાસ્ત્રો, સાહિત્ય, દર્શન અને સંસ્કૃતિનું સમૃદ્ધ વારસો જાળવી રાખતી ભાષા છે. ભારતીય સંસ્કૃતિના મૂળભૂત મૂલ્યોને નવી પેઢી સુધી પહોંચાડવામાં સંસ્કૃત ભાષાની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. આ "સંસ્કૃત ગૌરવ યાત્રા"નો મુખ્ય ઉદ્દેશ સંસ્કૃત ભાષાને જનજન સુધી પહોંચાડવાનો, તેના પ્રત્યે ગૌરવની ભાવના વધુ મજબૂત તથા ભાવિ પેઢીને ભારતીય જ્ઞાન અને સંસ્કૃતિના મૂળ સાથે જોડવાનો રહ્યો હતો.

વડાપ્રધા નરેન્દ્રભાઈ મોદીના સંસ્કૃત પ્રત્યેના સત્સંકલ્પને જનઆંદોલનનું સ્વરૂપ તેમજ 'વિકાસ પણ, વિરાસત પણ'ના સંકલ્પ સાથે ભારતની જ્ઞાનપરંપરા અને સાંસ્કૃતિક વારસાના સંવર્ધનને નવી દિશા મળી છે. ઉપરાંત, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ ભારતીય ભાષાઓ અને સંસ્કૃતને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે જેનું આપણે સૌએ જતન કરવાનું છે.

આ યાત્રામાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિષ્યો વગેરેના વિવિધ વેશભૂષામાં રેલીને શોભાવી હતી. રેલીમાં પ્રાચીન ગુરુકુલ કેળવણીનો ભવ્ય વારસો, ભગવાનના વિવિધ અવતારો, ભગવાન નારાયણ અને પરિવાર, મહાભારત, ભગવદ્ ગીતા થીમ આધારિત વિવિધ ટેબ્લો નગરવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. બાળકો દ્વારા બેન્ડ અને સ્પીકર સાથે સંસ્કૃત ગૌરવ યાત્રામાં શ્લોકગાન, ગૌરવ સુત્રોનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. રેલીમાં સંસ્કૃતનો પ્રચાર કરતાં વિવિધ ચિત્રો અને બેનરો સાથે બાળકોએ નગરજનોનું ધ્યાન ખેંચ્યું હતું.

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ વિજયભાઈ કણઝારીયા, જિલ્લા શિક્ષણ અધિકારી એચ.આર.જાડેજા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મધુબેન ભટ્ટ, અગ્રણી ઈન્દ્રજીતસિંહ પરમાર સહિત શિક્ષકો, વિદ્યાર્થીઓ, નગરજનો અને સંસ્કૃત ભાષા પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. નોંધનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં સંસ્કૃત સપ્તાહની રાજ્યવ્યાપી ઉજવણી રૂપે આગામી તા.૨૭ ઓગસ્ટના રોજ સંસ્કૃત સંભાષણ દિવસ, તા.૨૯ ઓગસ્ટના રોજ સંસ્કૃત સાહિત્ય દિન તેમજ તા.૩૧ ઓગસ્ટના રોજ સામુહિક સુભાષિત પઠન દિવસની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીનો મુખ્ય હેતુ બાળકો અને યુવાનોમાં સંસ્કૃત ભાષા પ્રત્યે રુચિ વધારવાનો છે.

# અવસાન નોંધ

**જામનગર :** ઔદીચ્ય ગઢીયા બ્રાહ્મણ રાજેશકુમાર અનંતરાય ભટ્ટ (ઉંમર વર્ષ ૬૫) તે સ્વ.રસિકલાલ ભાનુશંકર મહેતા, શારદા બહેન (ઉપલેટા)ના જમાઈ, માયાબેન ભટ્ટના પતિ, મિલનભાઈ ભટ્ટ અને કાજલબેનના પિતા, તેજલ બેન મિલનભાઈ ભટ્ટ અને રવિ મહેન્દ્રભાઈ પંડ્યાના સસરા, કન્વીના દાદાનું અવસાન થતાં બેસણું તા.૨૯ને શનિવારે સાંજે ચાર થી છ દરમિયાન તેમના નિવાસસ્થાન ૫/૩ શીતવન સોસાયટી, લાલવાડી, લેઉવા પટેલ સમાજની વાડી પાસે, જામનગર રાખ્યું છે.

**જામનગર :** જામનગર નિવાસી અરુણા બેન (આશાબેન) જનાર્દનભાઈ બક્ષી (૩ વ ૭૪) તે આશિષ તથા હાર્દિકના માતા, તે જીજ્ઞાબેન તથા આરસીબેનના સાસુ, તે ડૉ. કેયૂરભાઈ, આનંદ, વૈશાલી, તેમજ નૌકાના કાકી, નિત્યા તથા કુશના દાદીનું તા.૨૬ ઓગસ્ટના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા શનિવાર તા. ૨૯.૮.૨૦૨૬ના સાંજે ૫ થી ૬ દરમિયાન પંચવટી સોસાયટીમાં આવેલા નર્મદેશ્વર મહાદે ના મંદિરે ભાઈઓ તથા બહેનો માટે રાખેલ છે.

# પ્રધાનમંત્રી મોદીએ બાલેન શાહ સાથે વાત કરી, નેપાળમાં અચાનક પૂર રાહત માટે શક્ય તમામ સહાયની ખાતરી

## સરકાર અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરીમાં મદદ કરવા માટે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (NDRF) ના કર્મચારીઓને નેપાળ મોકલશે



નવી દિલ્હી,

બરફ અને ખડકોના હિમપ્રપાતને કારણે નેપાળના કેટલાક ભાગોમાં ભારે પૂર આવ્યું હતું, જેમાં ઓછામાં ઓછા ૧૯ લોકો માર્યા ગયા હતા અને ગામડાઓ અને માળખાગત સુવિધાઓને વ્યાપક નુકસાન થયું હતું, જેના કારણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું હતું કે ભારતના લોકો આ મુશ્કેલ સમયમાં નેપાળ સાથે એકતામાં ઉભા છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, તેમણે તેમના નેપાળી સમકક્ષ બાલેન શાહ સાથે વાત કરી છે અને તેમને ખાતરી આપી છે કે નવી દિલ્હી પડોશી દેશને "તમામ શક્ય માનવતાવાદી સહાય પૂરી પાડશે".

"વડા પ્રધાન બાલેન્દ્ર શાહ સાથે વાત કરી અને નેપાળમાં પૂરને કારણે થયેલા જાનહાનિ પર સંવેદના વ્યક્ત કરી. ભારતના લોકો આ મુશ્કેલ સમયમાં નેપાળમાં તેમની બહેનો અને ભાઈઓ સાથે એકતામાં ઉભા છે. ભારત નેપાળને શક્ય તમામ માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે તૈયાર છે. અમારી ટીમો બચાવ અને રાહત પ્રયાસોમાં નજીકથી સંકલન કરી રહી છે," પીએમ મોદીએ ઠ પર પોસ્ટ કર્યું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારત ભારતીય વાયુસેનાના વિમાનમાં પૂરગ્રસ્ત નેપાળને રાહત સામગ્રી મોકલવાની તૈયારી કરી રહ્યું છે.

સરકારની માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (HADR) પહેલ હેઠળ દવાઓ, રાશન અને અન્ય આવશ્યક પુરવઠો ધરાવતો એક કટોકટીનો માલ પાડોશી દેશ નેપાળ મોકલવામાં આવશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકાર અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરીમાં મદદ કરવા માટે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (NDRF) ના કર્મચારીઓને નેપાળ મોકલવાનું પણ વિચારી રહી છે.

# જાપાનના ઓકિનાવામાં વાવાઝોડા 'સૌડેલ' એ તબાહી મચાવી: ૩૦,૦૦૦ ઘરોમાં વીજળી ગુલ

## ભારે પવન, ભારે વરસાદ અને વીજળી ગુલ થવાથી સામાન્ય જનજીવન ખોરવાયું

ટોક્યો,

જાપાનના ઓકિનાવા અને અન્ય દક્ષિણપશ્ચિમ ટાપુઓ પર વિનાશ વેર્યા પછી બુધવારે વાવાઝોડું 'સૌડેલ' પૂર્વ ચીન સમુદ્ર ઉપર પશ્ચિમ તરફ આગળ વધ્યું. તોફાનને કારણે ભારે પવન, ભારે વરસાદ અને વીજળી ગુલ થવાથી સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટનાઓમાં બે લોકો સહેજ ઘાયલ થયા છે.

જાપાન હવામાન એજન્સી અનુસાર, બુધવારે મોડી સવારે ઓકિનાવાના ઓકિનાબુ ટાપુથી લગભગ ૧૮૦ કિલોમીટર ઉત્તરપશ્ચિમમાં ટાયફૂન સાઉડેલ હતું. તે સમયે, તોફાન ૧૪૪ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકી રહ્યું હતું. એજન્સીએ જણાવ્યું હતું કે તોફાન પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું હતું અને પૂર્વી ચીનના દરિયાકાંઠે પહોંચવાની ધારણા છે.

ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સી અને પ્રાંતીય અધિકારીઓએ બુધવારે અહેવાલ આપ્યો હતો કે ટાયફૂન સાઉડેલથી બે મહિલાઓ ઘાયલ થઈ છે. ઓકિનાવા ટાપુના ઉરુમા શહેરમાં તેના ઘરની બહાર ઉભેલી ૭૮ વર્ષીય મહિલાને જોરદાર પવનને કારણે પડી જવાથી માથામાં ઈજા થઈ હતી. નજીકના અમામિયોશિમા ટાપુ પર ૭૦ વર્ષીય મહિલા તોફાનને કારણે વીજળી ગુલ થવા દરમિયાન સીડી પરથી પડી જવાથી ઘાયલ થઈ હતી.

તોફાનને કારણે ઓકિનાવાના નાહા એરપોર્ટ જતી અને જતી લગભગ ૧૫૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. દરમિયાન, કાગોશિમા પ્રીફેક્ચરમાં ૩૦,૦૦૦ થી વધુ ઘરોનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. ક્યુશુ ઈલેક્ટ્રિક પાવર કંપનીના જણાવ્યા અનુસાર, વાવાઝોડાને કારણે અમામી પ્રદેશ સહિત અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી.

# કેન્દ્રે સરકારે ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાતને મંજૂરી આપી

નવી દિલ્હી,

ખાંડના ભાવમાં વધારા વચ્ચે, કેન્દ્ર સરકારે મંગળવારે આયાતી કાચી ખાંડના પ્રોસેસિંગ અને સ્થાનિક વેચાણ માટેનો સમયગાળો તેના પ્રવેશની તારીખથી બે મહિના સુધી લંબાવ્યો, જે ઉદ્યોગ દ્વારા શિપિંગ વિલંબ અંગે ઉઠાવવામાં આવેલી ચિંતાઓના જવાબમાં હતો. સ્થાનિક પુરવઠો વધારવા અને ભાવોને કાબૂમાં રાખવા માટે ૧ મિલિયન ટન કાચી ખાંડની આયાત કરવાની મંજૂરી આપતી વખતે, સરકારે અગાઉ આયાતકારોને કાચી ખાંડનું પ્રોસેસિંગ કરીને ૩૧ ઓક્ટોબર સુધીમાં સ્થાનિક બજારમાં વેચવા કહ્યું હતું.

ઙ્ગ્ર્ઙ્ગ્ આયાતી ખાંડના વેચાણ માટે સમયરેખા લંબાવશે

જોકે, ઉદ્યોગે તાજેતરની બેઠકમાં સંબંધિત મંત્રાલયોને જણાવ્યું હતું કે આ સમયરેખા શક્ય નથી, કારણ કે બ્રાઝિલમાં બંદર ભીડ અને જથ્થાની મંજૂરી પછી કાર્ગોને ભારત પહોંચવા માટે ૪૦ દિવસનો શિપમેન્ટ સમયગાળો છે. આને ધ્યાનમાં લેતા, ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) એ ૨૪ ઓગસ્ટના રોજ તેના ૨૦ ઓગસ્ટના જાહેરનામાનો શુદ્ધિપત્ર જારી કર્યો હતો, જેમાં આયાતી કાચી ખાંડના પ્રોસેસિંગ અને વેચાણ માટે સમયરેખા લંબાવવામાં આવી હતી.

"TRQ (ટેરિફ-રેટ ક્વોટા) હેઠળ આયાત કરાયેલ કાચી ખાંડને આયાત પછી વાજબી સમયગાળામાં સફેદ/રિફાઇન્ડ ખાંડમાં પ્રક્રિયા કરવામાં આવશે, જો કે આયાતકાર બિલ ઓફ એન્ટ્રી ફાઈલ કર્યાની તારીખથી બે મહિનાથી વધુ ન હોય તેવા સમયગાળામાં કાચી ખાંડને સફેદ/રિફાઇન્ડ ખાંડમાં રૂપાંતરિત કરશે અને સ્થાનિક બજારમાં તેનું વેચાણ કરશે.

# મેઘાલય વિધાનસભાએ યુરેનિયમ ખાણકામ વિરુદ્ધ ઠરાવ પસાર કર્યો

## મુખ્યમંત્રીએ કહ્યું કે મેઘાલયમાં જમીન એક વિશિષ્ટ બંધારણીય અને પરંપરાગત માળખા દ્વારા સંચાલિત થાય

શીલ્લોંગ,

મેઘાલય વિધાનસભાએ બુધવારે યુરેનિયમ ખાણકામ અને રાજ્યમાં કોઈપણ પ્રક્રિયા સુવિધા સ્થાપવાનો વિરોધ કરતો ઠરાવ પસાર કર્યો. મુખ્યમંત્રી કોનરાડ સંગમા દ્વારા રજૂ કરાયેલા આ ઠરાવ પર વિપક્ષે સરકારને ટેકો આપ્યો. મુખ્યમંત્રીએ કહ્યું કે મેઘાલયમાં જમીન એક વિશિષ્ટ બંધારણીય અને પરંપરાગત માળખા દ્વારા સંચાલિત છે, જેમાં સમુદાય, કુળ અને વ્યક્તિગત માલિકી બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ સુરક્ષિત છે.

તેમણે કહ્યું કે ડોમિયાસિયત, વાહકિન અને નોંગસ્ટોઈન સહિતના વિસ્તારોમાં થાપણો ઓળખવામાં આવી છે. જો કે, આરોગ્ય, પર્યાવરણીય નુકસાન અને વિસ્થાપન સંબંધિત ચિંતાઓને લઈને સ્થાનિક સમુદાયો, પરંપરાગત સંસ્થાઓ, વિદ્યાર્થી સંગઠનો અને નાગરિક સમાજ જૂથો તરફથી પ્રસ્તાવિત ખાણકામ પ્રવૃત્તિઓનો સતત વિરોધ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીએ વિધાનસભાને એમ પણ કહ્યું કે આ ઠરાવનો હેતુ યુરેનિયમ નિષ્કર્ષણ અને પ્રક્રિયા સામે મેઘાલયના વિરોધને ઔપચારિક રીતે રેકોર્ડ કરવાનો હતો. તેમણે કહ્યું કે, સરકાર ગૃહના નિર્ણયને કેન્દ્રને જાણ કરશે.

આ ઠરાવ મેઘાલયમાં યુરેનિયમ ખાણકામ સામે દાયકાઓ જૂના જાહેર આંદોલનને કાયદાકીય સમર્થન આપે છે અને યુરેનિયમ સંબંધિત પ્રવૃત્તિઓને લગતા કોઈપણ ભવિષ્યના પ્રસ્તાવ પર રાજ્યની સ્થિતિ સ્પષ્ટ કરે છે.



શરૂઆતના અગ્રણી અવાજોમાંના એક હોપિંગસ્ટોન લિંગડોહ હતા, જેમણે યુરેનિયમ ખાણકામ સામે લોકોને એકત્ર કરવામાં મદદ કરી હતી. આ ચળવળનો પર્યાય બની ગયેલી બીજી વ્યક્તિ ડોમિયાસિયતની સ્પેલીટી લિંગડોહ લેંગ્રીન હતી. તેમણે યુરેનિયમ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (UCIL) તરફથી તેમની જમીન માટે મોટી ઓફરનો ઈનકાર કર્યો હોવાના અહેવાલ છે, જે પ્રતિકારનું એક શક્તિશાળી પ્રતીક બની ગયું છે.

# ઉત્તર પ્રદેશ સરકાર યુવાનોને ૨૫ લાખ મફત ટેબલેટનું વિતરણ કરશે

લખનૌ,

ઉત્તર પ્રદેશ સરકાર સ્વામી વિવેકાનંદ યુવા સશક્તિકરણ યોજના હેઠળ પાત્ર યુવાનોને ૨૫ લાખ મફત ટેબ્લેટનું વિતરણ કરશે, જેનો ઉદ્દેશ્ય ડિજિટલ ઍક્સેસનો વિસ્તાર કરવા અને ટેકનોલોજી આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. યોગી આદિત્યનાથના નેતૃત્વ હેઠળના મંત્રીમંડળે મંગળવારે આ યોજના હેઠળ વિતરણ માટે ૨૫ લાખ ટેબ્લેટ ખરીદવાની મંજૂરી આપી હતી. ઉત્તર પ્રદેશ સરકારે ૨૦૨૬-૨૭ નાણાકીય વર્ષમાં આ કાર્યક્રમ માટે રૂ. ૨,૩૭૪.૬૦ કરોડ ફાળવ્યા છે.

રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની અધ્યક્ષતામાં લેવાયેલા કેબિનેટના નિર્ણયમાં ટેન્ડર પ્રક્રિયા દ્વારા પસંદ કરાયેલી સંસ્થાઓ સાથે ખરીદીના ઓર્ડર આપવાનો પણ સમાવેશ થાય છે. પાંચ વર્ષીય યોજનાનો હેતુ યુવાનોને મફત ટેબ્લેટ આપીને અને શિક્ષણ, તાલીમ, રોજગાર અને સ્વરોજગારીની તકો માટે ડિજિટલ સંસાધનો સાથે જોડીને ડિજિટલ રીતે સશક્ત બનાવવાનો છે.

મફત ટેબ્લેટ કોને મળશે?

અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક અભ્યાસક્રમો, ડિપ્લોમા કાર્યક્રમો, કૌશલ્ય વિકાસ અભ્યાસક્રમો અને અન્ય શૈક્ષણિક અને તાલીમ કાર્યક્રમોમાં નોંધાયેલા પાત્ર વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

આ ટેબ્લેટનો હેતુ વિદ્યાર્થીઓને ડિજિટલ માધ્યમો દ્વારા તેમના શૈક્ષણિક અભ્યાસક્રમો વધુ સારી રીતે પૂર્ણ કરવામાં અને ટેકનોલોજી આધારિત શિક્ષણ સુવિધાઓનો લાભ લેવામાં મદદ કરવાનો છે.

# ટ્રમ્પ વહીવટીતંત્રે વિશ્વભરમાં યુએસ દૂતાવાસો અને કોન્સ્યુલેટમાં વિઝા એપોઈન્ટમેન્ટ સ્થગિત કરી

## તમામ વિદેશી રાજદ્વારી કેન્દ્રો પર વૈશ્વિક તાલીમ કાર્યક્રમ લાગુ કરવા માટે વિઝા સેવા એપોઈન્ટમેન્ટ સ્થગિત કરવામાં આવી

વોશિંગ્ટન,

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે વિશ્વભરમાં યુએસ દૂતાવાસો અને કોન્સ્યુલેટમાં વિઝા એપોઈન્ટમેન્ટ સ્થગિત કરી છે અથવા ફરીથી શેડ્યૂલ કરી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ અનુસાર, તમામ વિદેશી રાજદ્વારી કેન્દ્રો પર વૈશ્વિક તાલીમ કાર્યક્રમ લાગુ કરવા માટે વિઝા સેવા એપોઈન્ટમેન્ટ સ્થગિત કરવામાં આવી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે તાલીમ માટે વિઝા સેવા એપોઈન્ટમેન્ટમાં ફેરફાર કરવામાં આવશે, જોકે આ ફેરફારો કેટલા સમય સુધી ચાલશે તે માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા આપવામાં આવી નથી. આ ફેરફારો માટે એકમાત્ર સમજૂતી એ છે કે તાલીમનો હેતુ કોન્સ્યુલર અધિકારીઓને એવા અરજદારોને ઓળખવામાં મદદ કરવાનો છે જેઓ યુએસ સરકારી સુવિધાઓ પર આધાર રાખે છે અને ખાતરી કરે છે કે વિઝા અરજદારોનું વ્યાપક અને સુસંગત મૂલ્યાંકન થાય છે. એ અખબારે સૌપ્રથમ વિઝા એપોઈન્ટમેન્ટ સ્થગિત કરવાનો અહેવાલ આપ્યો હતો. અખબારના જણાવ્યા અનુસાર, જે લોકોએ યુએસ દૂતાવાસો અને કોન્સ્યુલેટમાં ઈમિગ્રન્ટ વિઝા ઈન્ટરવ્યુ શેડ્યૂલ કર્યા હતા તેમને ઈમેઈલ પ્રાપ્ત થયા હતા જેમાં તેમને જણાવવામાં આવ્યું હતું કે તેમની એપોઈન્ટમેન્ટ ફરીથી શેડ્યૂલ કરવામાં આવી રહી છે અને તેમને નવી તારીખ પછીથી જાણ કરવામાં આવશે.

ટ્રમ્પે દેશનિકાલ અને ઈમિગ્રેશન કડક બનાવવાની આક્રમક ઝુંબેશ શરૂ કરી છે. આમાં વિઝા અને ગ્રીન કાર્ડ રદ કરવા અને વિવિધ કારણોસર અરજીઓ નકારવાનો સમાવેશ થાય છે. ટ્રમ્પ વહીવટીતંત્ર આશરે ૨૦૦,૦૦૦ વિદેશી નાગરિકોના બી૧ અને બી૨ વિઝા રદ કરવાની તૈયારી કરી રહ્યું છે, જેમાં તે લોકોનો પણ સમાવેશ થાય છે જેમણે યુનાઈટેડ સ્ટેટ્સમાં પહોંચ્યા પછી આશ્રય માટે અરજી કરી છે અથવા હાલમાં આશ્રય પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના દસ્તાવેજો અને એપી દ્વારા મેળવેલા અધિકારીઓ અનુસાર, ૨૦૧૯ અને ૨૦૨૬ વચ્ચે જારી કરાયેલા મ૧ અને બી૨ વિઝાની સમીક્ષા કરવામાં આવી રહી છે. આ સંખ્યા બદલાવાની અપેક્ષા છે, કારણ કે સમગ્ર પ્રક્રિયામાં અનેક તબક્કાઓનો સમાવેશ થાય છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્વતંત્રતા દિવસ પર યુક્રેન અભિનંદન આપ્યા

કિવ,

રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ યુક્રેનના સ્વતંત્રતા દિવસ પર ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા મોકલવામાં આવેલી શુભેચ્છાઓ બદલ આભાર વ્યક્ત કર્યો. ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધનો સન્માનજનક અંત એ લાખો યુક્રેનિયનોનું સૌથી મોટું સ્વપ્ન છે, અને શાંતિનો માર્ગ મોકળો કરવા માટે સમગ્ર વિશ્વએ સાથે મળીને કામ કરવું જોઈએ.

ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું કે તેમને ભારતીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તરફથી યુક્રેનના લોકોને અભિનંદન સંદેશ પ્રાપ્ત કરીને આનંદ થયો. તેમણે રાષ્ટ્રપતિ મુર્મુનો શાંતિ માટેની તેમની શુભેચ્છાઓ બદલ આભાર માન્યો.

ઝેલેન્સ્કીએ કહ્યું કે યુક્રેન તેની સ્વતંત્રતાની ૩૫મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે રશિયા સાથેના યુદ્ધનો સન્માનજનક અંત એ લાખો યુક્રેનિયનોની સૌથી મોટી ઈચ્છા છે. તેમણે કહ્યું કે આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે, સમગ્ર વિશ્વએ એક થવું જોઈએ અને શાંતિનો માર્ગ મોકળો કરવો જોઈએ.

ઝેલેન્સ્કી ભારત સાથેના સંબંધો અંગે પણ ખૂબ જ સકારાત્મક છે. તેમણે કહ્યું કે યુક્રેન ભારત સાથે પરસ્પર ફાયદાકારક અને પરસ્પર ફાયદાકારક વાતચીતને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. ભારત અને યુક્રેન વચ્ચે રાજદ્વારી અને દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવામાં તેમના નિવેદનને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

# આઈજીકેવીમાં ત્રીજી વખત પેપર લીક, પરીક્ષામાં ૧૦૦ ટકા પ્રશ્નો પુનરાવર્તિત થયા હોવાનો દાવો

## પરીક્ષા શરૂ થવાના લગભગ છ કલાક પહેલા પેપર લીક થયું

રાયપુર,

છત્તીસગઢની રાજધાની રાયપુરમાં આવેલી ઈન્દિરા ગાંધી કૃષિ યુનિવર્સિટી (આઈજીકેવી) માં ફરી એકવાર પેપર લીક થયું છે. આ વખતે, 'ફંડામેન્ટલ્સ ઓફ જિનેટિક્સ' વિષય પરના પ્રથમ વર્ષના મ્જીષ્ઠ પેપર અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે પરીક્ષા શરૂ થવાના લગભગ છ કલાક પહેલા પેપર લીક થયું હતું. લીક થયેલા પેપરના ૧૦૦% પ્રશ્નો બરાબર પુનરાવર્તિત થયા હતા. આઈજીકેવી ખાતે પેપર લીક થવાની આ ત્રીજી ઘટના છે.

અહેવાલો અનુસાર, બીએસસી ફર્સ્ટ યર ફંડામેન્ટલ્સ ઓફ જિનેટિક્સ પરીક્ષા ૧૯ ઓગસ્ટે સવારે ૧૦ વાગ્યે યોજાવાની હતી. એવો આરોપ છે કે પરીક્ષા શરૂ થવાના લગભગ છ કલાક પહેલા એટલે કે સવારે ૪ વાગ્યે પેપર લીક થયું હતું. પેપર લીક થયાના સમાચારથી વિદ્યાર્થીઓમાં ગભરાટ ફેલાયો હતો.

સૌથી ગંભીર આરોપ એ છે કે પરીક્ષા માટે વિદ્યાર્થીઓને મળેલા પ્રશ્નપત્રમાં કથિત રીતે પરીક્ષા પહેલા લીક થયેલા પ્રશ્નપત્ર જેવા જ પ્રશ્નો હતા. વિદ્યાર્થીઓનો દાવો છે કે પેપરમાં ૧૦૦% પ્રશ્નો લીક થયેલા પ્રશ્નપત્ર સાથે મેળ ખાતા હતા.

આઈજીકેવી ખાતે પેપર લીક થયાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના ભૂતપૂર્વ મંત્રી અમરજીત ભગતે આ મુદ્દા અંગે ભાજપ સરકાર પર નિશાન સાધ્યું છે અને પેપર લીકની ઘટનાઓ અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે.

અમરજીત ભગતે જણાવ્યું હતું કે રાજ્યમાં ભાજપ સરકાર સત્તામાં આવી ત્યારથી પેપર લીકની ઘટનાઓ સતત નોંધાઈ રહી છે. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ આ ઘટનાઓ સામે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે વિરોધ કરી રહ્યા છે. સરકારે વિદ્યાર્થીઓની ચિંતાઓને ગંભીરતાથી લેવી જોઈએ અને આ મામલે અસરકારક પગલાં લેવા જોઈએ.

# લોકસભા સચિવાલયે ટીએમસીના બળવાખોરોને નોટિસ ફટકારી : સાત દિવસમાં જવાબ માંગવામાં આવ્યો

## ટીએમસી નેતા અભિષેક બેનર્જીએ પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ સાંસદોને ગેરલાયક ઠેરવવાની અરજીઓ દાખલ કરી હતી

કોલકતા,

ટીએમસી નેતા અભિષેક બેનર્જીએ ૨૦ બળવાખોર સાંસદો વિરુદ્ધ પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ અરજી દાખલ કરી હતી, જેની સુનાવણી ગઈકાલે સુપ્રીમ કોર્ટમાં થઈ હતી. આજે, લોકસભા સચિવાલયે બળવાખોર સાંસદોને નોટિસ ફટકારી છે, જેમાં સાત દિવસમાં જવાબ માંગવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, લોકસભા સચિવાલયે ૨૦ બળવાખોર તૃણમૂલ કોંગ્રેસ સાંસદોને નોટિસ ફટકારી છે. ટીએમસી નેતા અભિષેક બેનર્જીએ પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ આ સાંસદોને ગેરલાયક ઠેરવવાની અરજીઓ દાખલ કરી હતી, અને સચિવાલયે તેમની પાસેથી સાત દિવસમાં જવાબ માંગ્યો છે. લોકસભા સ્પીકરે એનસીપીના ૨૦ સાંસદોને આપેલી નોટિસ અંગે, ટીએમસી સાંસદ સૌગત રોયે કહ્યું, "આ એક કાનૂની મામલો છે જેના પર અમારા વકીલ કલ્યાણ બેનર્જીએ ગઈકાલે નિવેદન આપ્યું હતું. હું તેના પર કોઈ ટિપ્પણી કરવા માંગતો નથી."

મંગળવારે, સુપ્રીમ કોર્ટે તમામ ૨૦ "બળવાખોર" સાંસદોને નોટિસ જારી કરી હતી, જે બધા એનસીપીઆઈમાં જોડાયા છે, ટીએમસીની ગેરલાયકાત માટેની અરજીમાં. સોલિસિટર જનરલ આ મામલે લોકસભા સ્પીકર ઓમ બિરલા વતી હાજર થયા હતા. ટીએમસી નેતા અભિષેક બેનર્જીએ આ મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેમાં માંગ કરવામાં આવી હતી કે લોકસભા સ્પીકર પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ આ સાંસદો સામે દાખલ કરાયેલી અરજીઓ પર ઝડપથી નિર્ણય લે. આ પછી, સુપ્રીમ કોર્ટે ૨૦ બળવાખોર સાંસદોને નોટિસ જારી કરીને તેમની અરજીનો જવાબ માંગ્યો હતો.

વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ, તૃણમૂલ કોંગ્રેસમાં અણબનાવ સર્જાયો, જેમાં ઘણા ધારાસભ્યો અને સાંસદોએ પક્ષ વિરુદ્ધ બળવો કર્યો. આ અલગ થયેલા જૂથનું નેતૃત્વ વરિષ્ઠ સાંસદો અને મમતા બેનર્જીના નજીકના સહયોગીઓ, કાકોલી ઘોષ દસ્તીદાર અને સુદીપ બંદોપાધ્યાય કરી રહ્યા હતા, અને તેમાં ભૂતપૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ, સાયોની ઘોષ, શતાબ્દી રોય, રચના બેનર્જી, જૂન માલિયા અને પ્રસૂન બેનર્જી સહિત અનેક ઉચ્ચ પ્રોફાઈલ ટીએમસી સાંસદોનો સમાવેશ થતો હતો.

ટીએમસી નેતા અભિષેક બેનર્જીએ ૧૮ જૂને ૨૦ બળવાખોર સાંસદો સામે અલગ ગેરલાયકાત અરજીઓ દાખલ કરી હતી, જેમાં તેમને લોકસભા સભ્યપદમાંથી ગેરલાયક ઠેરવવાની માંગ કરવામાં આવી હતી.

# બાબા મહાકાલને પહેલી રાખડી બાંધવામાં આવશે, રક્ષાબંધન પર ૧.૨૫ લાખ લાડુ ચઢાવવામાં આવશે

## બાબા મહાકાલને ખાસ સૂકા ફળો અને ભાંગથી શણગારવામાં આવશે

ઉજ્જૈન,

રક્ષાબંધનના તહેવાર પહેલા ઉજ્જૈનના શ્રી મહાકાલેશ્વર મંદિરમાં તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. પરંપરા મુજબ, દેશ અને દુનિયાભરમાં રક્ષાબંધનની ઉજવણી થાય તે પહેલાં રાજાઓના રાજા ભગવાન મહાકાલેશ્વરને પહેલી રાખડી ચઢાવવામાં આવશે. શ્રાવણ મહિનાના છેલ્લા દિવસે ભસ્મ આરતી દરમિયાન, બાબા મહાકાલને પંચામૃતથી અભિષેક કરવામાં આવશે અને ખાસ શણગારવામાં આવશે, અને પુજારી પરિવારની મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલી ખાસ રાખડી ચઢાવવામાં આવશે.

રક્ષાબંધનના દિવસે સવારે ૩ વાગ્યે થનારી ભસ્મ આરતી દરમિયાન, ભગવાન મહાકાલને પાણી, દૂધ, દહીં, મધ અને ફળોના રસમાંથી બનાવેલા પંચામૃતથી અભિષેક કરવામાં આવશે. આ પછી, બાબા મહાકાલને ખાસ સૂકા ફળો અને ભાંગથી શણગારવામાં આવશે. ત્યારબાદ પુજારી પરિવારની મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલી એક ખાસ રાખડી ભગવાન મહાકાલને અર્પણ કરવામાં આવશે. માન્યતા અનુસાર, ભગવાન મહાકાલ કાલાતીત છે અને ભદ્ર અથવા શુભ સમયની મર્યાદાઓથી પર છે. તેથી, બ્રહ્માંડના કલ્યાણ માટે પ્રાર્થના કરીને પહેલા બાબા મહાકાલને રાખડી ચઢાવવામાં આવશે.

જૂની પરંપરા મુજબ, પુજારી પરિવારની મહિલાઓ બાબા મહાકાલ માટે ખાસ રાખડી તૈયાર કરે છે. આ વખતે, લગભગ ૨ ફૂટ લાંબી રાખી બનાવવામાં આવી રહી છે. તેને રેશમના દોરા, સ્પંજ, ઝવેરાત અને ખાસ કાપડથી શણગારવામાં આવી છે. પુજારી પરિવારની મહિલાઓ અનુસાર, રાખડી તૈયાર કરવામાં લગભગ ૮ દિવસ લાગે છે. આ સમય દરમિયાન, શ્રાવણ મહિનાના ઉપવાસ અને શુભ ગીતો વચ્ચે સંપૂર્ણ ભક્તિ અને શુદ્ધતા સાથે રાખડી તૈયાર કરવામાં આવે છે.

રક્ષાબંધન અને શ્રાવણ પર્વના સમાપન પ્રસંગે બાબા મહાકાલને ૧.૨૫ લાખ લાડુની ભવ્ય મિજબાની કરવામાં આવશે. પંડિત



રાજેશ શર્મા, પંડિત ઓમ ગુરુ અને પંડિત આકાશ સહિત પુરોહિત પરિવાર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. ૧.૨૫ લાખ લાડુ બનાવવા માટે આશરે ૧૫ ક્વિન્ટલ ચણાનો લોટ, ૧૦ ક્વિન્ટલ શુદ્ધ ઘી, ૧૫ ક્વિન્ટલ ખાંડનો પાવડર અને ૨ ક્વિન્ટલ સૂકા ફળોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

# ટ્રાન્સમિશન લાઈન વળતરમાં જામનગરના ખેડૂતોને મળશે મોટો લાભ

## માર્કેટ રેટ કમિટી દ્વારા બજારભાવ આધારિત દર નક્કી કરાયા : જંત્રીની સરખામણીએ ૩૦૦ થી ૬૦૦ ગણું વધુ વળતર મળશે, કાનવીરડીના ખાતેદારને રૂા. ૪.૩૭ લાખના સ્થાને હવે રૂા. ૨૪.૩૩ લાખનું વળતર મળશે




જામનગર : જામનગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી પસાર થતી પાવર ટ્રાન્સમિશન લાઈનોના કારણે અસરગ્રસ્ત ખેડૂતોને જંત્રી આધારિત વળતર ચૂકવવામાં આવતાં ઓછું વળતર મળતું હોવાની રજૂઆતો ખેડૂતો દ્વારા કરવામાં આવી હતી. ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા તા. ૪/૭ના રોજ નવી બજાર કિંમત આધારિત વળતર ચૂકવણી અંગેની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. આ નવી જોગવાઈ મુજબ, ટાવર વિસ્તાર ઉપરાંત ૧ મીટર વધારાની જમીન ગણીને કુલ જમીન માટે જમીનના બજાર ભાવના ૨ ગણી રકમ ખેડૂતને વળતર પેટે આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

જામનગર જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોને પણ આ નવી વળતર નીતિનો સીધો લાભ મળે તે હેતુથી તા. ૨૪/૦૮/૨૦૨૬ ના રોજ લાલપુર તાલુકાના કાનવીરડી ગામના અલગ-અલગ સર્વે નંબરો માટે માર્કેટ રેટ કમિટીની કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં સરકારના વેલ્યુઅર, ખેડૂતના વેલ્યુઅર અને ટ્રાન્સમિશન સર્વિસ પ્રોવાઈડરના વેલ્યુઅર દ્વારા રજૂ કરાયેલા વેલ્યુએશનમાંથી લોટરી સિસ્ટમ દ્વારા ખેડૂત તથા કંપનીના વેલ્યુઅર મારફત નક્કી થયેલા દરને ધ્યાને લઈ જમીનની યોગ્ય બજાર કિંમત આખરી કરવામાં આવી હતી.

આ નવી પારદર્શક પદ્ધતિના અમલથી ખેડૂતોને અગાઉની જંત્રી આધારિત જોગવાઈઓ કરતા અંદાજે ૩૦૦ થી ૬૦૦ ગણું વધુ વળતર પ્રાપ્ત થશે. દાખલા તરીકે, કાનવીરડી ગામના સર્વે નંબર ૧૦૯ માં વર્ષ ૨૦૧૧ ની જંત્રી મુજબ પ્રતિ ચોરસ મીટરના માત્ર રૂા. ૪૩ ના ભાવથી અગાઉ ખાતેદારને રૂા. ૪,૩૭,૬૯૯/- નું વળતર મળવાપાત્ર થતું હતું. તેની સામે આ માર્કેટ રેટ કમિટીની બેઠકમાં પ્રતિ ચોરસ મીટરના રૂા. ૮૮૫ મંજૂર કરવામાં આવતા, હવે આ જ ખાતેદારને બજાર ભાવ મુજબ રૂા. ૨૪,૩૩,૩૪૮નું માતબર વળતર ચૂકવવામાં આવશે. આ બેઠકમાં જામનગર કલેક્ટર સહિત જિલ્લા વિકાસ અધિકારી નિશા, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી, ખેડૂતોના અધિકૃત પ્રતિનિધિ તેમજ ટ્રાન્સમિશન કંપનીના પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# નારણપર ગામે ટાસ્કરોનો તરખાટ, વડીઓમાં લગાવેલ ૭૩૦ ફૂટ કેબલ વાયરની ચોરી

જામનગર : જામનગર નજીકના નારણપર ગામની સીમમાં તસ્કર ટોળકીએ તરખાટ મચાવી ગામની સીમમાંથી આવેલા ખેતરોમાંથી ઈલેકટ્રીક મોટરમાં ફીટ કરેલા કેબલ વાયરની ચોરી કરી હતી. આરોપીઓ ૪ એમ.એમ.નો રૂ.૨૬ હજારનો ૩૩૦ ફુટ કેબલ અને ૨.૫ એમ.એમ ૧૫૦ ફુટ કેબલ સહિત રૂ. ૬૧,૪૦૦ ની કિમતના ૭૩૦ ફુટ કેબલની ચોરી કરી જતા ફરિયાદ બાદ પોલીસે તપાસ હાથ ધરી છે.

નારણપરના ખેડૂત મીલનભાઈ નવીનભાઈ નંદાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર , તા.૧૮ જૂનની રાત્રે આઠ વાગ્યાથી તા.૧૯ જૂનની સવારે છ વાગ્યા દરમિયાન નારણપર ગામની સીમમાં આવેલી વાડીઓમાં તસ્કરોએ પ્રવેશ કરી કેબલ કાપી ચોરી કરી હતી. મીલનભાઈ નંદાની વાડીમાંથી મોટર સુધી પાથરેલો ૪ એમ.એમ.નો ૧૫૦ ફૂટ કેબલ વાયર, જેની કિંમત રૂ.૧૨,૦૦૦ હતી, તે ચોરી થયો હતો.

આ ઉપરાંત જગદિશભાઈ ચંદુભાઈ નંદાની વાડીમાંથી ૨.૫ એમ.એમ.નો ૧૫૦ ફૂટ કેબલ રૂ.૭,૫૦૦નો, ચંદ્રકાંતભાઈ જગદિશભાઈ ચાંદ્રાની વાડીમાંથી ૬ એમ.એમ.નો ૧૦૦ ફૂટ કેબલ રૂ.૧૧,૦૦૦નો, જયસુખભાઈ શિવાભાઈ નંદાની વાડીમાંથી ૪ એમ.એમ.નો ૮૦ ફૂટ કેબલ રૂ.૬,૪૦૦નો, નિતેશભાઈ ગીરધરભાઈ છુછીયાની વાડીમાંથી ૬ એમ.એમ.નો ૧૫૦ ફૂટ કેબલ રૂ.૧૬,૫૦૦નો તથા હરીશભાઈ જેન્તીભાઈ છુછીયાની વાડીમાંથી ૪ એમ.એમ.નો ૧૦૦ ફૂટ કેબલ રૂ.૮,૦૦૦નો ચોરાયો હતો. છ વાડીઓમાંથી ૪ એમ.એમ.ના કુલ ૩૩૦ ફૂટ, ૨.૫ એમ.એમ.ના ૧૫૦ ફૂટ તથા ૬ એમ.એમ.ના ૨૫૦ ફૂટ મળી કુલ ૭૩૦ ફૂટ કેબલ, કુલ કિંમત રૂ.૬૧, ૪૦૦નો મુદ્દામાલ ચોરાઈ ગયો હતો.

# ખંભાળિયામાં પિતાની ગનનો ઉપયોગ કરી સીન-સપાટા કરવા પુત્રને મોંઘા પડ્યા

## લગ્ન પ્રસંગમાં ગન સાથે ઉજવણી કરી સોશિયલ મીડિયામાં વીડિયો અપલોડ કરનાર મેડિકલ પ્રેક્ટિસ સાથે જોડાયેલ પુત્ર તેમજ પિતા સામે ગુનો નોંધાયો

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં રહેતા અને મેડિકલ પ્રેક્ટિસ સાથે જોડાયેલા શખ્સને સોશિયલ મીડિયા ઉપર સીન - સપાટા કરવા મોંઘા પડ્યા છે. જેમાં એક શખ્સે પોતાના પિતાની પરવાનાવાળી ગન સાથે લગ્ન પ્રસંગમાં અને જાહેરમાં ઉજવણી કરતા આખરે એસ. ઓ. જી. પોલીસે શખ્સ અને તેના પિતા સામે પણ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ખંભાળિયા શહેરમાં શક્તિનગર ખાતે રહેતા અને મેડિકલ પ્રેક્ટિસ કરતા અનિલભાઈ રામજીભાઈ કછટીયા પાસે કોઈપણ પ્રકારનો હથિયારનો પરવાનો નહી હોવા છતાં પોતાના પિતાનું પરવાનાવળી બારબોરની ગન બેદરકારીપૂર્વક માનવ જીવન જોખમમાં મૂકાઈ તે રીતે પોતાના ખભા ઉપર રાખી લગ્ન પ્રસંગમાં તથા જાહેરમાં ઉભા રહી ઉજવણી કરી તેણે ફોટા પડાવ્યા હતા અને તેણે પોતાનો વીડિયો સોશિયલ મીડિયામાં અપલોડ કર્યો હતો.

આથી ખંભાળિયા પોલીસે અનિલભાઈ કછટીયા અને તેના પિતા રામજીભાઈ વશરામભાઈ કે જેઓ જાણતા હોઈ કે પોતાનું પરવાનાવાળું હથિયાર અન્ય કોઈને આપી ન શકાય તેમ છતાં પોતાના પુત્રને આપતા બન્ને પિતા - પુત્ર સામે ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# દ્વારકાના મકનપુર ગામના શખ્સ પાસા હેઠળ જેલમાં ધકેલાયો



દ્વારકા : દ્વારકા પંથકના મકનપુર ગામે રહેતા એક શખ્સ સામે પાસાની દરખાસ્ત મંજૂર થતા એલસીબી પોલીસે તેની અટકાયત કરી બાદ આગળની કાર્યવાહી હાથ ધરી જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દ્વારકા તાબેના મકનપુર ગામે રહેતા જશરાજભા લાલાભાઈ માણેક સામે અગાઉ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધાયો હોઈ આથી દ્વારકા જિલ્લા કલેકટર દ્વારા તેની પાસાની દરખાસ્ત મંજૂર કરવામાં આવતા એલસીબી પોલીસે અટકાયત કરી મહેસાણા જિલ્લા જેલ ખાતે મોકલી આપ્યો છે.

# લાંબા અને રાવલ ગામે સોનુ ચમકાવી દેવાનું કહી રૂ. ૮૨ હજારની છેતરપિંડી

## બંગડી અને ચેન સાફ કરી દેવાની પ્રક્રિયા દરમિયાન સોનુ કાઢી લીધું

ખંભાળિયા : કલ્યાણપુરના લાંબા અને રાવલ ગામે રહેણાંક મકાનમાં અજાણ્યા શખ્સોએ જઈ બે મહિલાઓને પોતાની પાસે રહેલ સોનાની બંગડી અને ચેન ધોઈને ચમકાવી આપવાની લાલચ આપી સોનાની બંગડી અને ચેનમાંથી આશરે રૂ. ૮૨ હજારનું સોનુ કોઈ કેમીકલ વડે સાફ કરી કાઢી લઈ જતા ખળભળાટ મચી ગયો છે. બીજીતરફ આ બનાવ અંગે સ્થાનિક પોલીસ દફતરે વિશ્વાસઘાત અને છેતરપિંડીની બે જુદી - જુદી ફરિયાદ નોંધાવવામાં આવતા પોલિસે સ્થળપર દોડી જઈ અજાણ્યા ગઠિયાઓની ભાળ મેળવવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ બનાવની વિગત એવી છે કે, કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતા અરજનભાઈ નાથાભાઈ ગોહેલ નામના વૃદ્ધ હતા ગત તા. ૧૭ ના રોજ પોતાના ઘરે હાર ત્યારે બે અજાણ્યા શખ્સો ત્યાં ગયા હતા દરમિયાન અરજનભાઈના પત્નીએ હાથમાં પહેરેલ ૨૯.૯૫૦ ગ્રામની સોનાની બે બંગડીઓ સાફ કરવાના બહાને માંગી હતી આથી તેઓએ અજાણ્યા શખ્સોને બન્ને બંગડી આપી દેતા કોઈ કેમીકલ વડે આ બંગડીઓ ધોઈ તેમાંથી આશરે ૧૬.૮૮ ગ્રામ સોનું જેની કિંમત રૂ. ૪૭ હજાર જેટલી થતી હોય જે કાઢી લઈ વિશ્વાસઘાત કરતા અરજનભાઈ ગોહેલ દ્વારા અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

જ્યારે કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે રહેતા રાણાભાઈ લખમણભાઈ સોલંકી નામના આધેડના રહેણાંક મકાને ગત તા. ૨૨ ના રોજ અજાણ્યા શખ્સો ગયા હતા દરમિયાન તેઓના પત્નીએ ગળામાં પહેરેલ સોનાનો આશરે ૨૫ હજારની કિંમતનો ચેન સાફ કરવાના બહાને માગ્યો હતો દરમિયાન સોનાનો ચેન સાફ કરવાના બહાને કોઈ કેમીકલ વડે ધોઈ નાખી તેમાંથી આશરે ૬.૦૦૦ ગ્રામ જેટલું સોનું કાઢી લઈ તેઓ સાથે પણ છેતરપિંડી આચરતા રાણાભાઈ સોલંકીએ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવતા કલ્યાણપુર પોલીસે બન્ને જુદી - જુદી ફરિયાદ નોંધી હતી અને આ સમગ્ર મામલે ઊંડાણપૂર્વકની તપાસ કરી અજાણ્યા ગઠિયાઓને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ફલ્લા પાસે ઈક્કો કારમાંથી ૨.૯ કિલો ગાંજાના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

## ગાંજો, મોબાઈલ સહિત રૂપિયા ૧.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કરી તપાસ શરૂ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લામાં નશીલા પદાર્થોના વેપલા પર પોલીસ બાજ નજર રાખી રહી છે. તેવામાં પંચકોષી એ ડિવિઝન અને એસઓજી પોલીસે મહારાષ્ટ્રના શખ્સ પાસેથી ગાંજાનો જથ્થો લઈ એક શખ્સ જામનગરમાં પ્રવેશે તે પહેલા જ ફલ્લા પાસેથી ઉઠાવી લઈ તેની પાસેથી ૨.૯ કિલો ગાંજો જપ્ત કર્યો હતો. તપાસમાં મહારાષ્ટ્રના શખ્સની સંડોવણી સામે આવતા તેને પકડી પાડવા પોલીસે કવાયત હાથ ધરી છે.

જામનગર એસઓજી પોલીસે બાતમીના આધારે રાજકોટ તરફથી જામનગર તરફ આવતી એક ઈક્કો કારમાં સવાર હાજી ઉર્ફે દુનો આદમભાઈ ખફી (ઉ.વ.૨૬ રહે. સુમરા ચાલી, ઉનની કંદોરી પાસે, જામનગર) ને પકડી પાડ્યો હતો. જેની તલાસી લેતા આરોપી પાસેથી રૂ.૧.૪૫ લાખની કિંમતના ૨.૯ કિલો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી એક મોબાઈક સહિત રૂ.૧.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં આ જથ્થો આરોપી બંડુબાબા (ઈસમ નાગરપુર, મહારાષ્ટ્ર)ના શખ્સ પાસેથી વેચાણ અર્થે લાવ્યાનું ખૂલ્યું છે. કેટલા સમયથી આ કૃત્ય કરતો હતો અને અન્ય કોણ કોણ સંડોવાયેલુ છે તે દિશામાં પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર શહેર-જિલ્લામાં જુગારના આઠ દરોડામાં ૨૦ મહિલાઓ સહિત ૫૪ પતાપ્રેમી ઝડપાયા

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં શ્રાવણીયા જુગારની પ્રવૃત્તિ સામે પોલીસે કાર્યવાહી તેજ કરી છે. ત્યારે નાઘુના, જામનગર, સણોસરા, લાલપુર અને કાલાવડ સહિત કુલ જુદા-જુદા આઠ સ્થળોએ જુગાર અંગે દરોડાઓ પડી તીનપત્તીનો જુગાર રમાતી ૨૦ મહિલા સહિત કુલ ૫૪ પતાપ્રેમીઓને ઝડપી લઈ તેઓ પાસેથી કુલ રૂ.૫.૩૩ લાખની રોકડ રકમ કબજે કરી છે. જ્યારે એક શખ્સ નાશી જતા ફરારી જાહેર કર્યો છે.

જુગાર દરોડાની વિગત મુજબ જામનગર તાલુકાના નાઘુના ગામે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતાં હસમુખ હેમતભાઈ અકબરી, ગૌતમ મનસુખભાઈ વેકરીયા, ભાવેશ ચનાભાઈ પ્રાગડા, ઝલક નંદલાલ મોરડ, જસ્મીન અમૃતભાઈ સોરઠીયા, રાજેશ અરજણભાઈ અકબરી અને ચિરાગ કેશુભાઈ વડોદરીયાની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રુ. ૧.૯૧ લાખ, ચાર મોટરસાયકલ, સાત મોબાઈલ મળી કુલ રુ. ૪.૬૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ધ્રોલ તાલુકાના સણોસરા ગામમાં પોમલાવાસ વાળી શેરીમાં સ્ટ્રીટ લાઇટના અજવાળે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમાતા રમેશભાઈ બીજલભાઈ ડાભી, મેરાભાઈ વાલજીભાઈ ડાભી, દિનેશભાઈ ઉર્ફે મિથુન નાથાભાઈ વાઘેલા, અરજણભાઈ વાલજીભાઈ ડાભી, કુલદીપસિંહ કૃષ્ણસિંહ જાડેજા, નવઘણ ઉર્ફે રવી આંબાભાઈ ઝાપડા અને ભરતભાઈ ઉર્ફે જગુ સામતભાઈ ઝાપડાને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રૂ. ૧૪.૧૦૦ કબ્જે કર્યા હતા. જ્યારે વિશ્વરાજસિંહ ઉર્ફે રાજભા સહદેવસિંહ જાડેજા નાસી છૂટ્યો હતો.

આ ઉપરાંત લાલપુરના ગોદાવરી ગામની સીમમાં સ્ટ્રીટ લાઇટના અજવાળે તીનપત્તીનો જુગાર રમતા રાજેશ જગાભાઈ નાગેશ, ભરત ઉર્ફે ભુપત અરજણભાઈ ડાંગર, દેવાયત ઉર્ફે દેવા પુજાભાઈ સવલિયા, જયેશ ઉર્ફે કાનો દેવાભાઈ બંધીયા અને નીલેશ પરબતભાઈ મારિયાને પોલીસે ઝડપી લઈ તેઓ પાસેથી કુલ રૂ.૧૪,૭૦૦ રોકડ કબજે કર્યા હતા.

જ્યારે કાલાવડ ટાઉન પોલીસે કાશ્મીરપરામાં લાખાભાઈની દુકાન સામેની શેરીમાં તીનપત્તીનો જુગાર રમતા રમતા છ મહિલા સહિત સાત મીરાબેન દિનેશભાઈ પરમાર, ભારતીબેન રાજેશભાઈ વાંસફોડીયા, રાજેશભાઈ પરસોતમભાઈ વાંસફોડીયા, મંજુબેન ભીખાભાઈ પરમાર, પુષ્પાબેન ચતુરભાઈ પરમાર, રેશમાબેન મુકેશભાઈ પરમાર અને વૈશાલી દિનેશભાઈ પરમારને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રૂ.૧,૩૫૦ કબજે કરવામાં આવ્યા હતા. તમામને નોટિસ આપી આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

જામનગર શહેરના લાલવાડી આવાસ નજીક શીતલવન સોસાયટી શેરી નંબર-૩૩ના જાહેર રોડ પર તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પડ્યો હતો. જ્યાં જુગાર રમતા રેખાબેન વારા, ક્રિષ્નાબેન જમરીયા, મીતલબેન ગુજરાતી, સપનાબેન બાલા, મંજુલાબેન વાઘેલા, કાજલબેન ગોહિલ, કીરણબેન સોઢા, જાનકીબેન આહુજા, સરોજબેન પરમાર અને સંતોકબેન ઝરમરીયાને ઝડપી પાડી તેમની પાસેથી રોકડ કુલ રૂ.૧૩,૧૦૦ રકમ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઉપરાંત શહેરના ક્રિષ્ના પાર્ક શેરી નં. ૩માં જાહેરમાં તીનપતીનો જુગાર રમી રહેલ હીનાબેન નટુભાઈ ચાવડા, મનહરબા નવલસિંહ પરમાર, અસ્મીતાબેન દિલીપસિંહ જાડેજા, નિર્મળાબેન દિલીપસિંહ જાડેજા, રંજુબેન (કિન્નર) હાજીભાઈ ખફી, ધનરાજસિંહ નવલસિંહ પરમાર, સાવન શૈલેષભાઈ બાવરીયા, રોહીત કિરીટભાઈ સોઢા, રવિભાઈ વસંતભાઈ રાઠોડ, મનોજ કિશનભાઈ પુરબીયા અને વિજય નીતિનભાઈ સોમાણી સહીત ૧૧ શખ્સોની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રુ. ૧૨ હજાર કબજે કર્યા છે.

જામનગર તાલુકાના શેખપાટ ગામે નવાપરા વિસ્તારમાં ગાંધીબાલીકા કન્યા છાત્રાલયની બાજુમાં જુગાર રમતાં સંજય ડાભીભાઈ ડાભી, અરવિંદ વાલજીભાઈ ધારેવાડીયા, ગોવિંદ મનસુખભાઈ ધારેવાડીયા, રાજાભાઈ પ્રેમાભાઈ ધારાવડીયા અને ખોડાભાઈ મેરુભાઈ ધારાવડીયા સહીત પાંચ શખ્સોની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રુ. ૩૭૩૦ કબજે કર્યા છે. જામજોધપુરમાં પટેલ સમાજ પાસે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતાં દિનેશ ભગવાનજીભાઈ સુરેજા, અશ્વિનભાઈ ડાયાભાઈ કાંજીયા, સુભાષ પરબત જાવીયા, નીતિન મોહનભાઈ વાછાણી, નીતિનભાઈ ગોરધનભાઈ તનેડીયા અને પ્રકાશ મનસુખભાઈ પરસાણીયાની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રુ. ૧૩૩૦૦ કબજે કર્યા હતાં.

# જામનગરમાં પોલીસ ડ્રાઈવમાં ૧૮ વાહનો ડિટેઈન

## બેદરકારીપૂર્વક વાહન ચલાવવા, આડેધડ પાર્કિંગ અને ત્રિપલ સવારીમાં નીકળેલા દંડાયા







જામનગર : જામનગરમાં છડેચોક થતાં ટ્રાફિક નિયમના ઉલ્લંઘન મામલે પોલીસ આકરા પાણીએ થઈ છે. સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા વાહન ચેકિંગ અને ફુટ પેટ્રોલિંગ કરી ૧૮ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા. ઉપરાંત ટ્રાફિક નીયમના ભંગ બદલ વાહનચાલકોને રૂ.૨૪,૧૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો. વાહન ચેકિંગ અને ફુટ પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ તથા ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહનોની તપાસ કરવામાં આવી હતી. નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનોચાલકોને કાયદાના પાઠ ભણાવવા ૧૮ વાહન ડિટેઈન કરવામાં આવ્યા હતા તથા વાહનોમાં ફેન્સી નંબર પ્લેટ લગાવી નીકળેલા થતાં વાહનના કાચ પર બ્લેક ફિલ્મ લગાવી સીન નાખતા અને ત્રણ સવારીનો નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકો સામે પણ કાર્યવાહી કરી અલગ અલગ નિયમ ભંગ બદલ સમાધાન શુલ્ક રૂપે રૂ.૨૪,૧૦૦ વસૂલવામાં આવ્યા હતા. બેદરકારીપૂર્વક વાહન ચલાવનારા ૦૫ વાહનચાલકો, આડેધડ પાર્કિંગ કરનારા ૦૨, નશાની હાલતમાં વાહન ચલાવતા ૧ શખ્સ સહિતના પોલીસ ઝપટે ચડયા હતા.

# સિક્કામાં બોલેરોના ચાલકે બાઈકને ટક્કર મારતા યુવાનનો પગ ભાંગી નાખ્યો

## અકસ્માત સર્જી બોલેરો ચાલક ફરાર, ઘવાયેલા યુવાનને હોસ્પિટલમાં ખસેડાયો

જામનગર : સિક્કા ખાતે તળાવની પાળના ખૂણા પાસે પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવતા બોલેરોના ચાલકે કેમ્પરે મોટરસાયકલને સામેથી ટક્કર મારતાં ચાલક યુવાનને ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમસ ખસેડાયો હતો. જ્યારે અકસ્માત બાદ બોલેરોનો ચાલક નાસી છૂટ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ સિક્કા ગોકુલપુરી વિસ્તારમાં રહેતા દેવેન્દ્રભાઈ દિનેશભાઈ જાદવ નામનો ૩૮ વર્ષીય યુવાન પંચવટી સોસાયટીમાં ભાડાની દુકાન રાખી સ્ટુડિયો ચલાવે છે. જે તા. ૨૫ ના રોજ રાત્રે તેઓ સ્ટુડિયો બંધ કરી હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ નં. જીજે-૧૦-બીએમ-૫૨૬૯ લઈને ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન સિક્કા તળાવની પાળના ખૂણા પાસે પહોંચતાં નાની ખાવડી તરફથી આવેલી સફેદ કલરની બોલેરો કેમ્પર નં. એમએચ-૦૨-એફજી-૪૭૫૪ના ચાલકે પૂરઝડપે અને બેફિકરાઈથી વાહન હંકારી તેમની મોટરસાયકલને સામેથી ટક્કર મારી હતી.

જે અકડમતમાં દેવેન્દ્રભાઈ મોટરસાયકલ સાથે રસ્તા પર પટકાયા હતા અને તેમના જમણા પગમાં સાથળના ભાગે ગંભીર ઈજા થઈ હતી. તેમજ ઘૂંટણની નીચેના ભાગનું હાડકું ભાંગી જતાં ગંભીર ફ્રેક્ચર થયું હતું. જેથી તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાર બાદ વધુ સારવાર માટે આયુષ ઓશવાળ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે દેવેન્દ્રભાઈ જાદવે સિક્કા પોલીસ મથકમાં બોલેરો કેમ્પર નં. એમએચ-૦૨-એફજી-૪૭૫૪ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બોલેરોના ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.